પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૩-૪-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૪૦

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

કોઈને આપી શકાય
તેવી શ્રેષ્ઠ ભેટ તેમની
જરૂરિયાત પર
આપણી હાજરી...

ચણાદાલ અપ્પુ ચણાદાલ
હોમ ડીલીવરી મળશે
અપ્પુ ચણાદાળ
દયાલ દાલ મો.98242 00970
હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ
મો.9429189105

### સત્તા વિરોધી જુવાળ કેસરીયાને ફાયદો કરશે?

# પ.બંગાળ -તામિલનાડુની ૩૮૬ વિધાનસભા બેઠક પર ધીંગુ મતદાન

## સ્ટાલિનને પછાડવા એઆઈએડીએમકેનો સાથ ભાજપને ફળશે?: તમિલનાડુમાં ૨૩૪ વિધાનસભા બેઠકો માટે એક જ તબક્કામાં મતદાન, જયારે બંગાળમાં બાકીની ૧૪૨ બેઠકો માટે મતદાન બીજા તબક્કામાં ૨૯ એપ્રિલે થશે, પરિણામો ૪ મેએ જાહેર કરવામાં આવશે

### પ.બંગાળની ૧૫૨ બેઠકો પર બપોરે ૩ વાગ્યા સુધીમાં ૬૨ ટકા જેટલું તામિલનાડુની તમામ બેઠક પર ૬૦ ટકા જેટલું મતદાન નોંધાયું

**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં આજે વહેલી સવારથી જ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માટે મતદાન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પશ્ચિમ બંગાળમાં આજે પ્રથમ તબક્કા હેઠળ ૧૫૨ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે, જ્યારે તમિલનાડુની તમામ ૨૩૪ બેઠકો પર એકસાથે વોટિંગ શરૂ થયું છે. સવારથી જ મતદાન કેન્દ્રો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે.

તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે આજે મતદાન ચાલી રહ્યું છે. બંને રાજ્યોમાં વહીવટીતંત્ર ઉચ્ચ સતર્કતા પર છે. તમિલનાડુમાં, બધી ૨૩૪ વિધાનસભા બેઠકો માટે એક જ તબક્કામાં મતદાન થઈ રહ્યું છે, જેમાં કુલ ૪,૦૨૩ ઉમેદવારો



ચૂંટણી લડી રહ્યા છે.

મુખ્ય સ્પર્ધા દ્રવિડ મુનેત્ર કઝગમ અને ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમના નેતૃત્વ હેઠળના ગઠબંધનો વચ્ચે છે. મુખ્ય ઉમેદવારોમાં કોલાથુરથી મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન, એડાપ્પડીથી એડાપ્પડી કે. પલાનીસ્વામી, પેરામ્બુર અને ત્રિચી પૂર્વથી સી. જોસેફ વિજય અને કરાઈકુડીથી સીમનનો સમાવેશ

(અનુ. આઠમા પાને)

### બંગાળના મુર્શિદાબાદમાં મતદાન દરમિયાન દેશી બોમ્બ ફેંકાયો, અનેક મતદારો ઘાયલ

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટે મતદાન ચાલી રહ્યું છે. આ દરમિયાન મુર્શિદાબાદ જિલ્લાના નૌદા વિસ્તારમાં હિંસાની ઘટના સામે આવી છે. મતદાન દરમિયાન અજાણ્યા વ્યક્તિઓએ કથિત રીતે દેશી બોમ્બ ફેંક્યા હતા. આ હુમલાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો અને અનેક લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલો અને તબીબી કેન્દ્રોમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, ઘાયલોની ચોક્કસ સંખ્યા અને તેમની સ્થિતિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી.

### " ટ્રમ્પનુ ખુલજા સીમ... સીમ... !!! "

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા માટે ધમપછાડા કરનાર આજે બંધનું "ટ્રમ્પ કાર્ડ" ઉપયોગ કરે છે

## ૯૦% વિદેશી વેપાર ઠપ્પઃ ભૂખમરો અને મોંઘવારીના મોરચે ઈરાનને પછાડવાની ટ્રમ્પની ચાલ

### ૭૨ કલાકમાં ઈરાન સાથેની બેઠકની ટ્રમ્પની હૈયાધારણાં

એક તરફ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે હોર્મુઝની સામુદ્રધુનીમાં હિંસક કાર્યવાહી કરી બે જહાજો જપ્ત કર્યા છે, ત્યારે બીજી તરફ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આક્રમક વલણ છોડીને શાંતિ મંત્રણાના સંકેત આપ્યા છે. આટલા ગંભીર હુમલા છતાં, ટ્રમ્પે પાકિસ્તાનની મધ્યસ્થી અને વિનંતીને સ્વીકારીને યુદ્ધવિરામની મુદત અનિશ્ચિતકાળ માટે લંબાવી દીધી છે. ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ, ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે આગામી ૩૬ થી ૭૨ કલાકમાં (શુક્રવાર સુધીમાં) બંને દેશો વચ્ચે બીજા રાઉન્ડની મંત્રણા શરૂ થઈ શકે છે .

### ઇંધણની રામાયણમાં વધુ 30 દિવસ રશિયાથી ક્રૂડ ખરીદવાની છૂટ આપતું અમેરિકા

વૈશ્વિક બજારમાં તેલની તંગી અને વધતા ભાવને રોકવા માટે અમેરિકાએ રશિયન તેલ પરના પ્રતિબંધોમાં 30 દિવસની રાહત વધારી છે. હવે ભારત સહિતના દેશો ૧૬ મે, ૨૦૨૬ સુધી રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી શકશે. પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે તેલ પુરવઠામાં જે અવરોધ હતો, તેમાં ભારતને મોટી રાહત મળી છે ભારત સહિત ૧૦ દેશોની વિનંતી અને 'હોર્મુઝની ખાડી'ના સંકટને ધ્યાને રાખી ટ્રમ્પ પ્રશાસને આ નિર્ણય લીધો છે.




અત્યાર સુધી ઈરાન 'હોર્મુઝની ગલી' બંધ કરવાની ધમકી આપીને દુનિયાને ડરાવતું હતું, પણ ડોનાલ્ડ ટ્રમ્પે તો આખું 'બારણું' જ બહારથી વાસી દીધું છે! જે હોર્મુઝને ખુલ્લું રાખવા અમેરિકા કાલાવાલા કરતું હતું, આજે એ જ અમેરિકાએ ઈરાનના તમામ બંદરો પર નૌકાદળનો એવો મજબૂત 'પહેરો' ગોઠવી દીધો છે કે ઈરાનનું અર્થતંત્ર ગૂંગળાઈ રહ્યું છે. આને કહેવાય સેરે લપેટ સવા શેર!

અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ અત્યાર સુધીનું સૌથી આક્રમક પગલું ભર્યું છે. ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પરથી નાકાબંધી હટાવવાની જાહેરાત કરી હોવા છતાં, અમેરિકાએ ઈરાનના પોતાના બંદરો પર જ દરિયાઈ કિલ્લેબંધી ચાલુ રાખી છે.

ઈરાનનો ૯૦% વેપાર આ

(અનુ. આઠમા પાને)

### ઇંધણથી પણ વધુ ખતરનાક "ખતરો" ભારત પર તોળાઈ રહ્યો છે

## 'ન કરે નારાયણ' જો કેબલ કટ થયો તો નેટની સ્પીડ સાથે આર્થિક વ્યવહારો ઠપ્પ થઈ જશે

વર્ષોથી આપણે માનતા આવ્યા છીએ કે પર્શિયન ગલ્ફ અને હોર્મુઝની સામુદ્રધૂની માત્ર ક્રૂડ ઓઈલ માટે મહત્વની છે, પરંતુ હવે એક એવો ખતરો સામે આવ્યો છે જે ઇંધણની અછત કરતા પણ વધુ ભયાનક સાબિત થઈ શકે છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા સમુદ્રની નીચે રહેલા ઈન્ટરનેટ કેબલ્સને નુકસાન પહોંચાડવાની મળેલી ધમકીએ ભારત સહિત સમગ્ર વિશ્વની ઊંઘ ઉડાડી દીધી છે.ભારત આજે વિશ્વનું ડિજિટલ હબ છે. જો હોર્મુઝની સામુદ્રધૂનીમાં આ કેબલ્સ કપાય છે, ભારતનો 30 ટકા

(અનુ. આઠમા પાને)

### જે પોષતુ તે મારતું !

# માથાના દુખાવા સમાન ન્યુક્લિયર એનર્જી વેસ્ટ માટે ફિનલેન્ડે ભૂગર્ભમાં ૪૦૦ મીટર ઊંડે બંકર બનાવ્યું

## પરમાણુ કચરાને હજારો વર્ષો સુધી સુરક્ષિત રાખવા માટે જમીનની નીચે ૧.૯ અબજ વર્ષ જૂના ખડકોમાં ખાસ ભોંયરૂ તૈયાર કરાયું

**અબતક, નવી દિલ્હી**

જે પોષતુ તે મારતું આ ઉક્તિ મુજબ જેમ પ્લાસ્ટિક અત્યારે વપરાશમાં જરૂરી બન્યું છે તેમ જે ઘાતક પણ બન્યું છે. બીજી તરફ ન્યુક્લિયર એનર્જી પણ આ જ રીતે જરૂરી પણ બની છે પણ તેનો વેસ્ટ માથાના દુખાવા સમાન છે.ફિનલેન્ડ પરમાણુ ઊર્જાના ઈતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાંથી એક શરૂ કરવાની તૈયારીમાં છે. ઓલ્કિલુઓટો ટાપુની નીચે

### ૧ લાખ વર્ષ લાંબી સુરક્ષા પાછળનું વિજ્ઞાન

આ સુવિધા ૧૦૦૦૦૦ વર્ષ સુધી સુરક્ષિત રહેવી જોઈએ, જેના માટે એન્જિનિયરિંગ અને ભૂસ્તરશાસ્ત્રીય વિજ્ઞાનનો અદભૂત સમન્વય કરવામાં આવ્યો છે. સંશોધકોએ તાંબાના કાટ લાગવાના દરથી લઈને હિમયુગના ચક્રો સુધીની દરેક બાબતોનો અભ્યાસ કર્યો છે જે હજારો વર્ષો પછી જમીનની સંરચનાને બદલી શકે છે. આ પ્રોજેક્ટ 'પેસિવ સેફ્ટી' પર આધારિત છે, એટલે કે એકવાર સીલ કર્યા પછી તેને કોઈ માનવીય હસ્તક્ષેપ કે દેખરેખની જરૂર રહેશે નહીં. વૈજ્ઞાનિકોએ ભૂગર્ભજળની હિલચાલ, ભૂકંપની ગતિવિધિઓ અને આબોહવા પરિવર્તનના લાંબા ગાળાના મોડલ પણ તૈયાર કર્યા છે જેથી ભવિષ્યની કોઈપણ પરિસ્થિતિમાં કિરણોત્સર્ગી સામગ્રી સુરક્ષિત રીતે સંગ્રહિત રહે.



જમીનમાં ખૂબ ઊંડે એક કાયમી ભોંયરું બનાવવામાં આવ્યું છે, જે અત્યંત કિરણોત્સર્ગી (રેડિયોએક્ટિવ) કચરાને હજારો વર્ષો સુધી સંગ્રહિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ સુવિધા પરમાણુ શક્તિના શરૂઆતના દિવસોથી સતાવી રહેલા પ્રશ્નનો લાંબા સમયથી રાહ જોવાતો જવાબ છે. આબોહવા પરિવર્તનના લક્ષ્યાંકો અને વીજળીની વધતી માંગને પહોંચી વળવા દેશો પરમાણુ ઊર્જા તરફ પાછા ફરી રહ્યા

(અનુ. આઠમા પાને)

### ૪૦૦ મીટર અંડરગ્રાઉન્ડ શા માટે?

પ્લાન્ટની સુરક્ષા માટે તેની ઊંડાઈ ખૂબ જ નિર્ણાયક છે. જમીનની નીચે લગભગ ૪૦૦ મીટરના અંતરે આવેલી આ સુવિધા સપાટી પરના જોખમો જેમ કે ખરાબ હવામાન, માનવીય પ્રવૃત્તિઓ અને પર્યાવરણીય વિક્ષેપોથી સંપૂર્ણપણે દૂર છે. આસપાસના ખડકો અબજો વર્ષોથી સ્થિર છે, જે તેને સૌથી વિશ્વસનીય કુદરતી અવરોધોમાંથી એક બનાવે છે. ભૂગર્ભની પરિસ્થિતિઓ ઓક્સિજન અને પાણીના પ્રવાહને પણ મર્યાદિત કરે છે, જે સમય જતાં સામગ્રીના બગાડને ઝડપી બનાવી શકે છે. આ ઊંડાઈ માત્ર વર્તમાન પેઢીઓ માટે જ નહીં, પરંતુ દૂરના ભવિષ્યના સમાજો માટે પણ રક્ષણ પૂરું પાડે છે જે કદાચ દટાયેલા પરમાણુ કચરાના જોખમોને સમજતા પણ ન હોય.

# ઈરાન-અમેરિકા યુદ્ધે ખાતરના ભાવ બમણાં કરી દીધા

## ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા ૨.૫ મિલિયન ટન યુરિયા ખરીદવા માટે પ્રક્રિયા હાથ ધરાઈ, પશ્ચિમ અને પૂર્વ કિનારે અલગ-અલગ ભાવે ખાતરની ડિલિવરી થશે

**અબતક, નવી દિલ્હી**

વિશ્વમાં યુરિયાના સૌથી મોટા આયાતકાર ભારતે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે સર્જાયેલી અછત વચ્ચે અગાઉના ટેન્ડર કરતા ઘણા ઊંચા ભાવે ખાતર ખરીદવાની તૈયારી દર્શાવી છે.

અમેરિકા-ઈઝરાયેલ દ્વારા ઈરાન પર થયેલા હુમલા બાદ ભારતની આ પ્રથમ મોટી ખરીદી છે. આગામી ચોમાસાની ઋતુમાં ચોખા, મકાઈ અને સોયાબીન જેવા પાકોની વાવણી પહેલાના મહત્વના સમયમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકાર વતી ખાતરની આયાત કરતી સંસ્થા ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા ૨.૫ મિલિયન ટન યુરિયા ખરીદવામાં આવશે. મળતી માહિતી મુજબ, પશ્ચિમ કિનારે ૧.૫ મિલિયન ટન યુરિયા ૯૩૫ ડોલર પ્રતિ ટનના ભાવે અને પૂર્વ કિનારે ૧ મિલિયન ટન યુરિયા ૯૫૯ ડોલર પ્રતિ ટનના ભાવે મેળવવામાં આવશે. આ ૨.૫ મિલિયન ટનનું ટેન્ડર હજુ સત્તાવાર રીતે ફાળવવામાં આવ્યું નથી, પરંતુ ગુરુવાર સુધીમાં તેને મંજૂરી મળી જવાની સંભાવના છે.

યુદ્ધ શરૂ થતા પહેલા ભારતે જે ભાવે ખરીદી માટે સહમતી દર્શાવી હતી તેના કરતા આ નવા ભાવ લગભગ ૯૦% જેટલા વધારે છે. ગ્રીન માર્કેટ્સના ડેટા અનુસાર, યુદ્ધ પહેલા મિડલ ઈસ્ટમાંથી યુરિયા ૪૯૦ ડોલર પ્રતિ ટનના ભાવે મળતું હતું. ગયા અઠવાડિયે ૨૪ થી વધુ કંપનીઓએ ૯૩૫ થી ૧૧૩૬ ડોલર પ્રતિ ટન સુધીના અલગ અલગ ભાવ સાથે પોતાના પ્રસ્તાવ રજૂ કર્યા હતા.

ભારતમાં યુરિયાનું ઉત્પાદન કુદરતી ગેસ પર નિર્ભર છે અને તે મોટેભાગે મિડલ ઈસ્ટમાંથી આવે છે. હોર્મુઝની સામુદ્રધુની બંધ

(અનુ. આઠમા પાને)

# નવા આઈટીઆર -૪માં જો આવક દર્શાવવાનું ચુકી ગયા તો ૨૦૦ ટકા સુધી પેનલ્ટી ભરવી પડશે

## પ્રિઝમ્પ્ટિવ ટેક્સ સ્કીમ હેઠળ હવે રોકાણની વિગતો આપવી ફરજિયાતઃ નાના વેપારીઓ અને પ્રોફેશનલ્સ દ્વારા થતી કરચોરી રોકવા આવકવેરા વિભાગની લાલ આંખ

**અબતક, અમદાવાદ**

આવકવેરા વિભાગ દ્વારા કરચોરી પર લગામ કસવા માટે એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ વર્ષે પ્રિઝમ્પ્ટિવ ટેક્સ સ્કીમ પસંદ કરતા નાના વેપારીઓ અને પ્રોફેશનલ્સે તેમના ઈન્કમ ટેક્સ રિટર્નમાં રોકાણની વિગતો જાહેર કરવી પડશે. સેન્ટ્રલ બોર્ડ ફોર ડાયરેકટ ટેકસીસ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા આઈટીઆર-૪ (સુગમ) ફોર્મમાં આ નવી શરત ઉમેરવામાં આવી છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય ટેક્સની ચોરી અટકાવવાનો અને નાણાકીય વ્યવહારો પર વધુ કડક નજર રાખવાનો છે.

આ નવો નિયમ ૨ કરોડ રૂપિયા સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારીઓ અને ૭૫ લાખ રૂપિયા સુધીની ગ્રોસ આવક ધરાવતા પ્રોફેશનલ્સ જેવા કે ડોક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વકીલો, આર્કિટેક્ટ્સ અને કન્સલ્ટન્ટ્સને લાગુ પડશે. પ્રિઝમ્પ્ટિવ ટેક્સ સ્કીમ હેઠળ નાના કરદાતાઓને બુકકીપિંગ અને ઓડિટમાંથી મુક્તિ મળે છે. જેમાં વ્યવસાયોએ ડિજિટલ માધ્યમથી થતી આવક પર ૬% અને રોકડ આવક પર ૮% નફો જાહેર કરવો પડે છે, જ્યારે પ્રોફેશનલ્સે તેમની

(અનુ. આઠમા પાને)



પુસ્તકો જ જ્ઞાનનો અમૂલ્ય ખજાનો અને જીવનનું સાચું માર્ગદર્શન

# વિશ્વનો શ્રેષ્ઠ ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ ગીતાઃ જેમાં કર્મ, ધર્મ અને જીવનના ઉદ્દેશ્યનું સર્વકાલિન જ્ઞાન

## સેક્સપિયર એવા મહાન લેખક હતા, જેમની કૃતિઓ વિશ્વની મોટાભાગની ભાષાઓમાં અનુવાદિત થઈ છેઃ તેમના જીવનકાળમાં લગભગ ૩૫ નાટકો અને ૨૦૦ થી વધુ કવિતાઓ લખી હતી

નોલેજ કોર્નર


ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

વર્તમાન સમયમાં દુનિયામાં કેટલાંક સંશોધનો થયા છે કે દરેક ઉગતા દિવસ સાથે લોકોની વાંચન ક્ષમતા ઘટતી જાય છે. લોકો આજે વાંચન બહુ ઓછું કે જરા પણ પસંદ નથી કરતાં, તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેના જે ઓડિયો વિઝ્યુઅલ મટિરિયલ મળી રહે છે તે હોય શકે છે. ડિજિટલ મીડિયા આવવાથી અખબારોના વેંચાણમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે આ બાબતનું એક ચોક્કસ ઉદાહરણ હોય શકે છે. પુસ્તકો જ આપણા સાચા મિત્રો છે. આજે વિશ્વ પુસ્તક અને કોપી રાઈટ દિવસે તેના મહત્વ વિશે આ લેખમાં તેનો ઈતિહાસ પ્રસ્તુત છે.આ વર્ષ થીમ ’બધા આગળ વધો ‘‘ગો ઓલ ઈન’’ છે, એ વાંચન દ્વારા તમને જે ગમતી હોય તેમાં ઊંડા ઉતરવા વિશે છે. ભલે તમે ફૂટબોલ, પ્રાણીઓ, અવકાશ, ફેશન, ગેમિંગ, ઈતિહાસ, સંગીત કે લોકોને હસાવવાના શોખીન હોવ, પુસ્તકો તમારી રૂચિઓને નવી રોમાંચક રીતોથી જીવંત કરી શકો છો.

આજે આખી દુનિયામાં અગણિત સંખ્યામાં લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે, સમય સાથે ઘણા નવા પુસ્તકાલય પણ સ્થપાય છે, ઉપરાંત એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ હજારોની સંખ્યામાં વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાંચન ક્ષમતા ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો પ્રકાશિત થઈને ક્યાં જાય છે ? કોણ વાંચે છે ? જો લોકોની વાંચન ક્ષમતા એટલી જ ઘટી છે, તો રોજ રોજ આટલા પુસ્તકો બહાર પાડવાની શું જરૂર ? આ આંકડા દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે. આપણી ભાવિ પેઢીને વાંચન તરફ વાળવા જ પડશે, કારણકે વાંચનથી જ વિચારોમાં પરિવર્તન આવે છે. જીવન જીવવાની કલા અને જીવન મૂલ્ય શિક્ષણ આપણને પુસ્તકોમાંથી જ મળે છે.

પુસ્તકોની અદ્ભુત દુનિયા છે. આ દિવસ દર વર્ષે આજે ઉજવવામાં આવે છે. પુસ્તકો અને લેખકોને યાદ કરવા અને સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કરવાના હેતુથી યુનેસ્કો દ્વારા ઉજવણી થાય છે. આ દિવસનું કનેક્શન શેકસપિયરનું મૃત્યુ ૨૩ એપ્રિલ ૧૬૧૬ના રોજ થયું હતું. શેકસપિયર એવા મહાન લેખક હતા, જેમની કૃતિઓ વિશ્વની મોટાભાગની ભાષાઓમાં અનુવાદિત થઈ છે. શેકસપિયરે તેમના જીવનકાળ માં લગભગ ૩૫ નાટકો અને ૨૦૦ થી વધુ કવિતાઓ લખી હતી. કોપિરાઈટ એ એક કાનૂની ખ્યાલ છે જે મૂળ કૃતિના લેખક કે સર્જકને તે મૂળ કાર્ય સાથે અમુક વસ્તુઓ કરવાનો વિશિષ્ટ અધિકાર આપે છે. કોપિરાઈટ ધારકને તે પસંદ કરવાનો અધિકાર છે કે કોઈ અન્ય વ્યક્તિ તેના કે તેણીના કાર્યનો ઉપયોગ, અનુકૂલન અથવા પુનઃવેચાણ કરી શકે કે નહીં. અને તે કાર્ય માટે શ્રેય મેળવવાનો અધિકાર ધરાવે છે. રેલી તરફ જતી ભીડ જયારે લાઈબ્રેરી તરફ વળશે ત્યારે સમાજમાં સાચી ક્રાંતિ થશેઃ પુસ્તક જ્ઞાનનું પરબ છે. પુસ્તક. બે પૂંઠા વચ્ચેના કાગળ ફેરવતાં ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. જ્ઞાનનો ભંડાર એટલે પુસ્તક. પ્રગતિ અને એક અનેરી સમજનો મગજ સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. માત્ર એટલો વિચાર કરીએ કે પુસ્તક વિનાની દુનિયા કેવી લાગતી હોત ? કોઈ પણ વાતની કોઈ દિશા, દશા કે પ્રમાણ હોત જ નહીં ! જ્ઞાન મેળવવા માટે હંમેશા પુસ્તકની જરૂર રહી જ છે. બે વર્ષના બાળકથી લઈને ઉંમરલાયક વ્યકિત પણ પોતાના જીવનમાં પુસ્તકોનો ઉપયોગ કરતા જ હોય છે પછી એ પુસ્તક ગમે તે વિષયનું હોય એમાં અતિશયોક્તિ ને સ્થાન નથી.

શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીનકાળમાં પુસ્તકો ન લખાયા હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવતગીતા, ભાગવદ્ જેવા ગ્રંથોનું દર્શન અને એમાં વસેલા જ્ઞાનને જાણીને તેનો અમલ કરી જ ન શક્યા હોત આથી પણ વિશેષ આપણા પ્રાચીન વેદો થકી આપણે જીવન કઈ રીતે જીવવું એ જાણી ન શક્યા હોત. દુનિયાના




અગણિત પુસ્તકાલયો, થોકબંધ પુસ્તકો, પ્રસિદ્ધ લેખકો સાથે ઉભરતા લેખકો દ્વારા લખાયેલા વિવિધ પ્રકારના જેવા કે વાર્તા, નવલિકા, નાટક, કવિતા, હાસ્યરસ કે વિવેચનવાળા પુસ્તકો હજુ પણ વિશ્વમાં રહેલા પુસ્તકપ્રેમી લોકો દ્વારા વંચાય રહ્યા છે. પાનાંમાં વિશ્વ છુપાયેલું હોય છે, પુસ્તક વાંચનથી આપણું જ્ઞાનનું દ્વાર ખુલે છે.

વાંચન એક આદત નહીં, પણ જીવન બદલતી શકિત છે. આ દિવસની શરૂઆત યુનેસ્કો દ્વારા ૧૯૯૫માં કરવામાં આવી હતી. આજના દિવસે વિશ્વના મહાન સાહિત્યકારો જેવા કે વિલિયમ શેક્સપિયર, મિગેલ દ સર્વાન્તિસ અને ઈન્કા ગાર્સિલાસો દ લા વેગાનું અવસાન થયું હતું. કેટાલોનિયામાં આ દિવસે ‘સેન્ટ જ્યોર્જ ડે’ પર પુસ્તકો અને ગુલાબની આપલે કરવાની સદીઓ જૂની પરંપરા પણ છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય વાંચન, પ્રકાશન અને કોપીરાઈટના માધ્યમથી બૌદ્ધિક સંપદાના રક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. દર વર્ષે યુનેસ્કો એક શહેરને વર્લ્ડ બુક કેપિટલ તરીકે પસંદ કરે છે, જે આખું વર્ષ પુસ્તક અને વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. ૨૦૨૬ માટે સ્ટ્રાસબર્ગ, ફ્રાન્સ વર્લ્ડ બુક કેપિટલ છે. વિશ્વ પુસ્તક દિવસે શાળાઓ, પુસ્તકાલયો, પ્રકાશકો અને વાચક મંડળો દ્વારા પુસ્તક પ્રદર્શન, લેખક-વાચક સંવાદ, વાર્તા-કથન સત્રો અને વાંચન સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો યોજાય છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે પુસ્તકો જ્ઞાન, કલ્પનાશક્તિ અને સંસ્કૃતિઓ વચ્ચેનો સેતુ છે, એક પુસ્તક વ્યક્તિનું જીવન બદલી શકે છે.

પુસ્તકો આપણા જીવનના એવા મિત્રો છે, જે ક્યારેય આપણને એકલા પડવા દેતા નથી. તેઓ નિઃશબ્દ હોવા છતાં અમને ઘણું કહી જાય છે. જ્ઞાન આપે છે, વિચારશક્તિ વધારે છે અને સાચું ખોટું સમજવાની સમજણ આપે છે. જીવનના દરેક તબક્કે, પુસ્તકો આપણને માર્ગદર્શન આપે છે અને મુશ્કેલીમાં નવી દિશા બતાવે છે. તેઓ કોઈ અપેક્ષા રાખ્યા વિના આપણું સાથ આપે છે, એટલે જ પુસ્તકોને સાચા મિત્ર તરીકે માનવામાં આવે છે.

આ ઉપરાંત પુસ્તકો આપણને નવી દુનિયા સાથે પરિચિત કરાવે છે અને કલ્પનાશક્તિને પાંખો આપે છે. સારા પુસ્તકો વાંચવાથી આપણું વ્યક્તિત્વ વિકસે છે, ભાષા સુધરે છે અને વિચારવાની રીત ઊંચી બને છે. માનવીય સંબંધો ક્યારેક બદલાઈ શકે, પરંતુ પુસ્તકોનું સાથ હંમેશા સ્થિર રહે છે. તેથી, જીવનમાં સાચી મિત્રતા શોધવી હોય તો પુસ્તકો સાથેનો સંબંધ મજબૂત બનાવવો જરૂરી છે.

આજે વાંચન ઓછું થવા પાછળ એક જ કારણ નથી, ઘણા બધા સામાજિક, ટેકનોલોજીકલ અને જીવનશૈલીના બદલાવ ભેગા થયા છે. મુખ્ય કારણો જોઈએ તો ડિજિટલ વિચલન અને ટૂંકા કન્ટેન્ટની આદત છે. રીલ્સ, શોટ્ર્સ, ટ્વિટર, થ્રેડ્સ અને નોટિફિકેશનના યુગમાં આપણું ધ્યાન ટકવાની ક્ષમતા ઘટી છે. ૧૫-સેકન્ડના વિડિયો પછી ૩૦૦ પાનાનું પુસ્તક વાંચવું મગજને ધીમું લાગે છે. આપણે ‘ડોપામાઈન’ના ઝડપી ડોઝથી ટેવાઈ ગયા છીએ, જ્યારે પુસ્તક ધીરજ માંગે છે. સમયનો અભાવ અને જીવનની દોડઃ શહેરી જીવન, લાંબા કામના કલાકો, ટ્રાફિક અને ઘર-ઓફિસની જવાબદારીઓ પછી લોકો થાકી જાય છે. થાકેલા મગજને પુસ્તકને બદલે ‘પેસિવ’ મનોરંજન ઓટીટી, સોશિયલ મીડિયા સ્ક્રોલિંગ વધુ આસાન લાગે છે. વાંચનનો બદલાયેલો હેતુ પહેલાં મનોરંજન અને માહિતી માટે પુસ્તક જ મુખ્ય સ્ત્રોત હતો. આજે ફિલ્મો, પોડકાસ્ટ, યુટ્યુબ, ઓડિયોબુક અને આર્ટિકલ્સ તરત મળી જાય છે. લોકો વાંચે છે ખરા, પણ પુસ્તકને બદલે વોટ્સએપ મેસેજ, ન્યૂઝ હેડલાઈન કે કેપ્શન વાંચે છે. ત્વરિત સંતોષની સંસ્કૃતિમાં પુસ્તક તમને ધીમે ધીમે બનાવે છે, પણ પરિણામ તરત નથી દેખાતું. જ્યારે ઈન્સ્ટાગ્રામ પર લાઈક કે ગેમમાં લેવલ અપ તરત આનંદ આપે છે. એટલે મગજ સહેલો રસ્તો પસંદ કરે છે. વાંચન સાથે જોડાયેલું વાતાવરણ ઘટ્યું પણ છે. પહેલાં ઘરમાં દાદા-દાદી વાર્તા કહેતા, લાઈબ્રેરી જવાનો ક્રેઝ હતો, શાળામાં વાચન ક્લાસ હતો. આજે ઘરમાં ટીવી મોબાઈલ ચાલુ હોય અને લાઈબ્રેરીઓ ખાલી પડી છે.


### આપણા પ્રાચીન ગ્રંથો જ દેશને વિશ્વગુરૂ સ્થાપિત કરે છે

આપણી અમૂલ્ય ધરોહર ભારતના પ્રાચીન ગ્રંથો છે, એ માત્ર ધાર્મિક લખાણો નથી, પરંતુ તે જ્ઞાન, વિજ્ઞાન અને જીવન જીવવાની કળાનો અખૂટ ભંડાર છે. વેદ, ઉપનિષદ, પુરાણો અને રામાયણ-મહાભારત જેવા મહાકાવ્યો આપણી સામાજિક અને આધ્યાત્મિક ધરોહરના પાયાના પથ્થરો છે. વિશ્વનો સૌથી પ્રાચીન ગ્રંથ ‘ઋગ્વેદ’ માનવ સભ્યતાના પ્રારંભિક જ્ઞાનનો સ્રોત છે, જ્યારે ઉપનિષદો ગૂઢ દાર્શનિક વિચારોથી સભર છે. આ ગ્રંથોમાં ગણિત, ખગોળશાસ્ત્ર, આયુર્વેદ અને અર્થશાસ્ત્ર જેવા વિષયોનું ઊંડું ચિંતન જોવા મળે છે. ભગવદ ગીતા જેવા ગ્રંથો આજે પણ વૈશ્વિક સ્તરે માનવજાતને કર્મ અને શાંતિનો માર્ગ બતાવે છે. ખરેખર, આ ગ્રંથો એ આપણી એવી વિરાસત છે જે ભારતને વિશ્વગુરૂ તરીકે સ્થાપિત કરે છે, અને આપણને આપણી ભવ્ય સંસ્કૃતિ સાથે જોડી રાખે છે.

**રેલી તરફ જતી ભીડ જયારે લાઈબ્રેરી તરફ વળશે ત્યારે સમાજમાં સાચી ક્રાંતિ થશેઃ પુસ્તક જ્ઞાનનું પરબ છેઃ બે પૂંઠા વચ્ચેના કાગળ ફેરવતાં ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક**

## દ્વારકા જગતમંદિરમાં ઠાકોરજીને વિશિષ્ટ પુષ્પશૃંગાર દર્શન

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકાધીશ જગતમંદિરમાં દ્વારકાધીશ ભગવાનને ઋતુ અનુસાર શૃંગાર, ભોગ ઈત્યાદિ અર્પણ કરવામાં આવી રહયા હોય હાલમાં ચાલતી ગ્રીષ્મ ઋતુમાં ઠાકોરજીને ઠંડક અર્પણ કરવાના ભાવ સાથે વિશિષ્ટ પુષ્પ શૃંગાર દર્શન યોજવામાં આવી રહયા છે. આજરોજ સાંજના સમયે ઠાકોરજીને ઠંડક આપતાં મનમોહક ફુલો તેમજ કળીઓના વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યા હતા. ગ્રીષ્મ ઋતુ દરમ્યાન સતત બે માસ સુધી ઠાકોરજીને સાંજના સમયે પુષ્પશૃંગાર યોજાનાર છે. આ ઉપરાંત ગ્રીષ્મકાળ દરમ્યાન ઠાકોરજીને ઋતુઅનુસાર ઠંડક આપતાં ભોગ ઈત્યાદિ પણ અર્પણ કરવામાં આવે છે.

## કલ્યાણપુર પોષણ પખવાડીયાની ઉજવણી



**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

કલ્યાણપુર ઘટક-૧ ના લાંબા સેજામાં ઈન્ચાર્જ સીડીપીઓ જયલક્ષ્મીબેન ઉપાધ્યાય તથા પીએસઈ રેખાબેન ચંદેરાની ઉપસ્થિતિમાં પોષણ પખવાડીયા ઉજવણી કાર્યક્રમ અંતર્ગત ટી.એચ.આર. વાનગી સ્પર્ધા યોજાઈ હતી તેમજ આ કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનો દ્વારા આગામી ચુંટણી અન્વયે મતદાન પ્રચાર શપથ લેવામાં આવેલા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૩-૦૪-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ડેની જીગર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રાગી નો શીરો)+(વેજ.મેક્રોની ઈન ઈન્ડિયન સ્ટાઈલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૪-૦૪-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## સર્વોત્તમ હવેલીમાં વૈષ્ણવાચાર્ય પરાગકુમારજીના હસ્તે રવિવારે ‘બ્રહ્મસંબંધ દીક્ષા’ આપશે

### બ્રહ્મસંબંધ લેવા ઈચ્છુક વૈષ્ણવોએ કાલે સુધીમાં નામ નોંધાવવા અનુરોધ

**અબતક, રાજકોટ**



સર્વોત્તમ હવેલી ખાતે આગામી રવિવારના શુભ દિવસે દિવ્ય ‘બ્રહ્મસંબંધ દીક્ષા’ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગે વૈષ્ણવાચાર્ય ગોસ્વામી પરાગકુમારજી મહોદય વરદહસ્તે વૈષ્ણવોને દીક્ષા અંગીકાર કરાવવામાં આવશે.

પુષ્ટિમાર્ગીય પરંપરા મુજબ આયોજિત આ દીક્ષા કાર્યક્રમ તારીખ ૨૬-૦૪-૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે સર્વોત્તમ હવેલી, ૬/૮ અંબાજી કડવા પ્લોટ, રાજકોટ ખાતે સંપન્ન થશે. બ્રહ્મસંબંધ લેવા ઈચ્છતા વૈષ્ણવ ભાઈ-બહેનોએ પોતાની નામ નોંધણી તારીખ ૨૪-૦૪-૨૦૨૬ સુધીમાં કરાવવાની રહેશે.

નામ નોંધણી અને વધુ વિગત માટે રઘુરાજ સિસોદિયા (૯૩૭૬૯ ૪૭૧૩૧), પ્રકાશભાઈ મેંદપરા (૯૮૨૫૨ ૨૭૬૦૧), હિરેનભાઈ પટેલ (૯૦૩૩૩ ૫૦૮૨૬), આશિષભાઈ વીશપરા (૯૯૦૯૨ ૯૦૦૯૮) અથવા હરેન્દ્રભાઈ નથવાણી (૯૮૨૪૪ ૧૭૦૧૮) નો સંપર્ક કરવા જણાવાયું છે. સર્વે વૈષ્ણવ સૃષ્ટિને આ દિવ્ય અવસરનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે

## ભાણવડઃ વિદ્યાર્થિનીઓએ રંગોળી તથા મહેંદીના માધ્યમથી મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચુંટણીઓ-૨૦૨૬ને અનુલક્ષીને નાગરિકોમાં મતદાન અંગે જાગૃતતા ફેલાય તેવા ઉમદા હેતુથી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર રાજેશ તન્નાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાની એમ.વી. ઘેલાણી ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત સ્વીપ પ્રવૃતિ અન્વયે રંગોળી તેમજ મહેંદી બનાવી મતદાન જાગૃતિનો સંદેશ ફેલાવ્યો હતો. આ રંગોળી દ્વારા મારો મત મારો અધિકાર જેવા સંદેશા થકી નાગરિકોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરાયા છે.

## જૂનાગઢમાં આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા સ્વીપ અન્વયે ચુનાવ પાઠશાળા યોજાઈ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે જોરશોરથી કામગીરી ચાલી રહી છે. જે અન્વયે જિલ્લા પંચાયત આઈ.સી.ડી.એસ. શાખા મારફત દરેક તાલુકામાં મતદાન જાગૃતિ ચુનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત સર્વેને મતદાન જાગૃતિ અંગેની સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સૌ કોઈએ મતદાન અંગેના શપથ ગ્રહણ કર્યા હતા.

## અબતક પંચાગ

**તા.૨૪-૪-૨૦૨૬ શુક્રવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૨ | શાલીવાહન શકિ: | ૧૯૪૮ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૬ | | |
| તિથી | વૈશાખ શુદ આઠમ | | |
| નક્ષત્ર | પુષ્ય | | |
| યોગ | શૂલ | કરણઃ | વિષ્ટિ |
| સુર્યોદય | ૬.૨૧ | સુર્યાસ્તઃ | ૭.૧૦ |
| ચંદ્ર રાશી | કર્ક | | |
| રાશિ અક્ષર | ડ.હ | | |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ | | |
| રાહુકાળ | સવારે ૧૦.૩૦ થી ૧૨ | | |
| દિવસનાચોઘડીયા | ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ | | |
| રાત્રીનાચોઘડીયા | રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૧ થી ૧.૧૨ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | ૨ |
| | ૯ | | ૭ | ૬ | | | ૪ | ૫ |
| | | ૪ | | | | | ૭ | ૬ |
| ૩ | | ૫ | | | ૬ | | ૨ | |
| | | ૧ | | | | | | |
| ૭ | | | ૫ | | ૧ | | | |
| | | | ૮ | ૨ | | | | |
| | ૮ | ૩ | | | ૭ | | | |
| | | | ૩ | ૫ | ૪ | | | ૮ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૯ | ૧ | ૪ | ૬ | ૫ | ૨ | ૩ |
| ૫ | ૩ | ૪ | ૭ | ૨ | ૯ | ૬ | ૧ | ૮ |
| ૬ | ૧ | ૨ | ૩ | ૫ | ૮ | ૭ | ૯ | ૪ |
| ૭ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ | ૯ | ૮ | ૧ |
| ૪ | ૮ | ૧ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૨ |
| ૯ | ૬ | ૩ | ૨ | ૮ | ૧ | ૪ | ૭ | ૫ |
| ૨ | ૫ | ૭ | ૮ | ૯ | ૩ | ૧ | ૪ | ૬ |
| ૩ | ૯ | ૬ | ૪ | ૧ | ૨ | ૮ | ૫ | ૭ |
| ૧ | ૪ | ૮ | ૫ | ૬ | ૭ | ૨ | ૩ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૪.૪.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ આઠમ, બગલામુખી જયંતિ, પુષ્ય નક્ષત્ર, શૂલ યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કર્ક (ડ,હ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા વિચારોને અમલમાં મૂકી શકો, ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ) :** ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.

**સિંહ (મ,ટ) :** કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદથી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :** અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.દિવસ સારો રહે.

**તુલા (ર,ત) :** સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.

**મકર (ખ,જ) :** સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.

**કુંભ (ગ,સ,શ) :** ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

## શું તમારા બાળકને પરીક્ષામાં સમય ઘટે છે તો કરો આ ઉપાય!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

મહર્ષિ વેદ વ્યાસ અને ભગવાન ગણેશ વચ્ચેની આ કથા અત્યંત રસપ્રદ અને પ્રેરણાદાયી છે. જ્યારે વેદ વ્યાસજીએ મનમાં મહાભારત જેવા મહાકાવ્યની રચના કરી, ત્યારે તેમને એક એવા કુશળ લેખકની જરૂર હતી જે તેમની વિચારની ગતિ સાથે તાલ મિલાવીને અટક્યા વગર લખી શકે. આટલા વિશાળ ગ્રંથના લેખન માટે વ્યાસજીએ બ્રહ્માજીની સલાહ લીધી, જેમણે ગણેશજીનું નામ સૂચવ્યું. ગણેશજી વ્યાસજીના પ્રસ્તાવ પર તૈયાર તો થયા, પણ તેમણે એક કઠિન શરત મૂકી કે, હું લખવાનું શરૂ કરીશ પણ મારી કલમ અટકવી જોઈએ નહીં; જો તમે બોલતા અટકી જશો, તો હું લેખન કાર્ય અધૂરું છોડી દઈશ.સામે પક્ષે વ્યાસજીએ પણ ગણેશજીની ઝડપી ગતિને ધ્યાનમાં રાખીને એક ચતુર શરત મૂકીઃ ‘‘હે દેવ! સ્વીકાર્ય છે, પણ તમે જે કંઈ પણ લખો, તે તેનો અર્થ પૂરેપૂરો સમજીને જ લખજો.‘‘ આ રીતે અદભૂત લેખન કાર્યનો પ્રારંભ થયો. વ્યાસજી વચ્ચે-વચ્ચે એવા અઘરા અને ગૂઢ શ્લોકો બોલતા કે ગણેશજીએ તેનો ગૂઢ અર્થ સમજવા માટે થોડી ક્ષણો થોભવું પડતું. બસ, એ સમય દરમિયાન વ્યાસજી મનમાં નવા શ્લોકોની રચના કરી લેતા. આમ, બંનેની શરતોનું પાલન પણ થયું અને વિશ્વનો સૌથી મહાન ગ્રંથ પૂર્ણ થયો.આ કથા સૂચવે છે કે ગણેશજી બુદ્ધિ અને લેખન કળાના અધિષ્ઠાતા દેવ છે. જો તમારું બાળક અભ્યાસમાં નબળું હોય, પેપરમાં ગતિથી લખી ન શકતું હોય કે તેની એકાગ્રતા ઘટતી હોય, તો આ અદભૂત પ્રયોગ કરી શકાય છે. બાળકની નોટબૂક અને પેન ભગવાન ગણેશજીને અર્પણ કરી, ગોળ-ઘીનો પ્રસાદ ધરી અને દીવો પ્રગટાવી પૂજા કરવી. ત્યારબાદ ’ૐ ગં ગણપતયે નમઃ’ મંત્રનો ૩૧ વાર જાપ કરીને લેખન-વાંચન શરૂ કરવાથી અક્ષરો સુધરે છે ઝડપ થી લખી શકાય છે , સ્મરણ શક્તિ વધે છે અને એકાગ્રતામાં જબરદસ્ત સુધારો થાય છે.

રઘુવંશીઓ છે મક્કમ, ભાજપ સાથે અડીખમ

# રઘુવંશી સમાજ દ્વારા એકતાનો શંખનાદ: વોર્ડ નં.૩માં ભાજપના ઉમેદવારોને સમર્થન

## રઘુવંશી સમાજની મજબૂત કતાર, 'સ્નેહમિલન' સમારોહમાં ભાજપના સમર્થનમાં એક મજબૂત કિલ્લો તૈયાર

## વોર્ડ નં.૩ના ભાજપમાં ઉમેદવાર પૂર્વ ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ કોર્પોરેટર અલ્પાબેન દવે, અજયભાઈ મજેઠીયા અને હિનાબેન બેલાણીને જંગી લીડથી વિજેતા બનાવવા લીધો સંકલ્પ

**સ્નેહ મિલનમાં મુખ્ય અતિથિઓ તરીકે જીતુભાઈ ચંદારાણા (મારવાડી એન્ડ ચંદારાણા ગ્રુપ), હરિશભાઈ લાખાણી (ડી.એમ.એલ. ગ્રુપ), હિતેશભાઈ બગડાઈ (રઘુવંશી અગ્રણી - કોસ્મોપ્લેક્સ), શૈલેષભાઈ પાબારી (શ્રી જલારામ રઘુકુળ હોસ્પિટલ ચેરમેન), મનીષભાઈ રાડીયા (પૂર્વ દંડક, રાજકોટ મહાનગરપાલિકા), શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી (પૂર્વ પ્રમુખ, રાજકોટ લોહાણા મહાજન)રહ્યા ઉપસ્થિત**






**અબતક, રાજકોટ**

ગુજરાતના રાજકારણમાં હંમેશા સક્રિય અને નિર્ણાયક ભૂમિકા ભજવનાર રઘુવંશી સમાજે આ વખતે રાજકોટમાં પોતાની એકતા અને સંગઠન શકિતનો પરિચય આપ્યો છે. શહેરના વોર્ડ નંબર ૩ માં ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં અને સમાજની એકતાને વધુ સુદ્રઢ બનાવવાના ઉમદા હેતુ સાથે 'રઘુવંશી પરિવાર' દ્વારા એક ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાટિયા બોર્ડિંગ ખાતે યોજાયેલા આ સ્નેહમિલન સમારોહમાં રઘુવંશી સમાજે સંગઠન અને એકતાનો શંખનાદ કરી વોર્ડ નં.૩ના ભાજપના ઉમેદવારોને સમર્થન આપ્યું છે અને જંગી લીડથી જીતાવવા માટે સમાજને આહવાન કર્યું છે.



રઘુવંશી સમાજના અગ્રણીઓએ આ તકે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં એકતા અને સંગઠનની ભાવના જગાડવાનો છે. રાજકીય ગરમાવા વચ્ચે રઘુવંશી સમાજનું આ રીતે એકઠું થવુંએ વિસ્તારના રાજકીય સમીકરણોમાં ભાજપની સ્થિતિ વધુ મજબૂત બનાવશે તેવું માનવામાં આવી રહ્યું છે.

વધુમાં સમાજના આગેવાનોએ ત્યાં ઉપસ્થિત સૌ રઘુવંશી સમાજના મતદારોને 'સહર્ષ જણાવ્યુ કે આપણા રઘુવંશી સમાજની એકતા અને સંગઠન માટે સ્નેહમિલનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે'. આ શબ્દો જ સમાજની મજબૂત પકડ દર્શાવે છે.

ગઈ કાલે બુધવારના રોજ રેલવે સ્ટેશન પાસે ભાટીયા બોર્ડીંગ ભવન ખાતે યોજાયેલા આ ભવ્ય સ્નેહમિલન સમારોહમાં રઘુવંશી સમાજના હજારો લોકો સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા અને ત્યાં હાજર તમામે એક સ્વરે વોર્ડ નં.૩ના ભાજપના ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજા, અજયભાઈ મજીઠીયા,શ્રીમતી અલ્પાબેન દવે અને શ્રીમતી હેમાબેન બેલાણીની પેનલને જીત અપાવવા માટેનો મજબૂત સંકલ્પ કર્યો હતો. આ કાર્યક્રમમાં રઘુવંશી સમાજના પરિવારોએ કાર્યક્રમના અંતે સમૂહ ભોજન લઈ સામાજિક સમરસતાનું પ્રતીક દર્શાવ્યું હતું.




આ કાર્યક્રમમાં રઘુવંશી સમાજના અનેક દિગ્ગજ ચહેરાઓ અને ઉધોગપતિઓ 'અતિથિ વિશેષ' તરીકે ઉપસ્થિત રહ્યા હતા.જે આ મેળાવડાના મહત્વને વધારે છે. આ સ્નેહ મિલનમાં મુખ્ય અતિથિઓ શ્રી જીતુભાઈ ચંદારાણા (મારવાડી એન્ડ ચંદારાણા ગ્રુપ), શ્રી હરિશભાઈ લાખાણી (ડી.એમ.એલ. ગ્રુપ), શ્રી હિતેશભાઈ બગડાઈ (રઘુવંશી અગ્રણી - કોસ્મોપ્લેક્સ), શ્રી શૈલેષભાઈ પાબારી (શ્રી જલારામ રઘુકુળ હોસ્પિટલ ચેરમેન), શ્રી મનીષભાઈ રાડીયા (પૂર્વ દંડક, રાજકોટ મહાનગરપાલિકા), શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી (પૂર્વ પ્રમુખ, રાજકોટ લોહાણા મહાજન) આ ઉપરાંત ડો. દિપભાઈ રાજાણી, રાકેશભાઈ પોપટ અને અન્ય અનેક સામાજિક તેમજ વ્યાપારિક અગ્રણીઓ આ તકે ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમને સફળ બનાવવા માટે રઘુવંશી સમાજની એક આખી ટીમ કાર્યરત બની હતી.

મજબૂત નિમંત્રક મંડળ તરીકે પૂર્વ મેયર જનકભાઈ કોટક,રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ પ્રતાપભાઈ કોટક, અનિલભાઈ પાબારી, હર્ષદભાઈ કોટક, પંકજભાઈ રાડીયા સહિતના અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી. રઘુવંશી સમાજના અગ્રણીઓ વોર્ડ નં. ૩ માં ભાજપના સમર્થનમાં રઘુવંશી મતોને એકત્રિત કરવા અને સમાજની માંગણીઓને મજબૂત રીતે રજૂ કરવા માટે મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યા છે.

રઘુવંશી સમાજના આ સ્નેહમિલનથી વોર્ડ નં.૩ માં મોટી રાજકીય અસર થશે.

રાજકોટના વોર્ડ નંબર ૩ માં રઘુવંશી સમાજનું વર્ચસ્વ નોંધપાત્ર છે. જયારે સમાજના આટલા મોટા ગજાના નેતાઓ અને સંસ્થાઓ એક મંચ પર આવતા હોય, ત્યારે તેની સીધી અસર સ્થાનિક ચૂંટણીઓ અને પક્ષની મજબૂતી પર પડે છે. આ સ્નેહમિલન માત્ર સામાજિક મિલન નહીં, પરંતુ એક રાજકીય શકિત પ્રદર્શન તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

આમ, ૨૨ એપ્રિલની સાંજ રાજકોટના રઘુવંશી સમાજ માટે એકતાની નવી મિશાલ કાયમ કરશે અને ભાજપના સમર્થનમાં એક મજબૂત કિલ્લો તૈયાર કરશે તેવું વર્તાઈ રહ્યું છે.

આ સ્નેહમિલન કાર્યક્રમને સફળ બનાવવા માટે પૂર્વ શ્રી જનકભાઈ કોટક,રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ શ્રી પ્રતાપભાઈ કોટક, શ્રી અનિલભાઈ પાબારી, શ્રી જગદીશભાઈ ભોજાણી, શ્રી ભરતભાઈ કોટક,શ્રી જેઠારામભાઈ ચતવાણી, શ્રી મનોજભાઈ લાલ, શ્રી હર્ષદભાઈ કોટક, શ્રી પંકજભાઈ રાડીયા, વિજયભાઈ કાબાણી,શ્રી અશ્વિનભાઈ બુધ્ધદેવ, શ્રી હિમાંશુભાઈ માણેક (કાનાભાઈ),શ્રી જયદીપ સોઢા,શ્રી ધનેશભાઈ જીવરાજાની સહિતના રઘુવંશી સમાજના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

**પૂર્વ મેયર જનકભાઈ કોટક,રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ પ્રતાપભાઈ કોટક, અનિલભાઈ પાબારી, હર્ષદભાઈ કોટક, પંકજભાઈ રાડીયા સહિતના અગ્રણીઓની જહેમતથી જ્ઞાતિ એકતાના મજબૂત દર્શન:ભાજપને વિજેતા બનાવવાનો કોલ**

# ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો વિશાળ રોડ-શો: કેસરિયો માહોલ

## ત્રિકોણ બાગથી બાલાજી મંદિર સુધીનો રોડ શો: વેપારીઓ સાથે સંવાદ કર્યા: પ્રબુધ્ધ નાગરિકો સાથે રાઉન્ડ ટેબલ બેઠક -ડિનર

## વોર્ડ નં.૧૦,૧૧,૧૨,૧૪ અને ૫ના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયની મૂલાકાત લઈ ચૂંટણી પ્રચારની સમિક્ષા કરશે



**અબતક, રાજકોટ**

રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી રાજકોટના મહેમાન બન્યા છે. રાજકોટની મૂલાકાત દરમિયાન તેઓ વિશાળ રોડ-શો યોજયો હતો. જેમાં ભાજપના કાર્યકરો અને સમર્થકો ઉમટી પડયા હતા કેસરિયો માહોલ સર્જાયો હતો.

.નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ત્રિકોણબાગથી ધી કાંટા, કંસારા, સોનીબજાર, દિવાનપરા સહિત બાલાજી મંદિર સુધીની મુખ્ય બજારોમાં ભવ્ય રોડ શો યોજી વેપારીઓ સાથે લોક સંપર્ક કર્યો હતો.

રાજકોટમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો બહોળી બહુમતીથી જીત હાંસલ કરે તે માટે ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી રાજકોટ શહેરમાં પધારી રહ્યા છે. શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, માર્ગદર્શન હેઠળ રોડ શો, વેપારી સંપર્ક સાંજે ૬.૦૦ કલાકેથી રાજકોટના ત્રિકોણબાગથી ધીકાંટા રોડ, કંસારા બજાર, સોની બજારના ઢાળીયા થી માંડવી ચોક, પેલેસ રોડ સ્વામીનારાયણ મંદિર, દિવાનપરા પોલીસ ચોકી પાસેથી મામા સાહેબ મંદિરના રોડ શો દરમ્યાન વેપારી સંપર્ક સાથે ભવ્ય રોડ શો યોજવામાં આવશે. આ રોડ શો નું સંકલન અને વ્યવસ્થા નિતીનભાઈ ભારદ્વાજ, દેવાંગભાઈ માંકડ અને દિનેશભાઈ કારીયા સંભાળી રહ્યા છે. આ રોડ શોમાં ભારતીય જનતા પાર્ટીના શહેર મહિલા મોરચાના બહેનો સાથે મહિલા કાર્યકર્તાઓ કેશરી રંગના ડ્રેસ કોડમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. તેમજ યુવા મોરચા, કિશાન મોરચો, બક્ષીપંચ મોરચો, લઘુમતી મોરચો, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ કેશરી રંગના સાફા અને ટોપી સાથે અને ભારતીય જનતા પાર્ટીના ઝંડા સાથે ઉપસ્થિત રહી સમગ્ર રોડ શો ને કેસરીયા રંગે રંગી દેવાના છે. આ રોડ શો નું મુખ્ય આર્કષણ નાસિક ઢોલ, શણગારેલી છત્રી સાથે પરંપારિક વેશ ભુષા સાથે યુવાનો રહેશે. ડી.જે. અને સંગીતના તાલે યોજાનાર આ રોડ શો નું લાઈવ પ્રસારણ કરવામાં આવશે.

ત્યારબાદ સાંજે ૭:૩૦ કલાકે રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની આગેવાનીમાં સયાજી હોટલ ખાતે પ્રબુધ્ધ નાગરિકો અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સાથે રાઉન્ડ ટેબલ મીટીંગ તથા ડીનરનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું સંકલન રાજકોટ શહેર પૂર્વ ઉપપ્રમુખ પરિમલભાઈ પરડવા કરી રહયા છે.

ત્યારબાદ ક્રમશ:રાજકોટ શહેરની ચારેય વિધાનસભાના અલગ અલગ વોર્ડના મધ્યસ્થ કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઈ હાલમાં ચાલી રહેલ,રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણી પ્રચાર પ્રસારની વિવિધ કામગીરીઓની સમીક્ષા કરશે અને વોર્ડના મુખ્ય આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે વિચાર વિમર્શ કરશે. આ અંગે માહિતી આપતાં રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવેએ જણાવ્યું છે કે હાલમાં ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગર દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીનો પ્રચાર ખુબ જોર શોરથી ચાલી રહ્યો છે, કાર્યકર્તાઓમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજય બનાવવા પ્રચારના વિવિધ માધ્યમોથી ઘર ઘર સંપર્ક કરવામાં આવી રહ્યો છે અને અનેરો ઉત્સાહ વર્તાઈ રહ્યો છે. તેમના ઉત્સાહમાં વધારો કરવા અને ચુંટણી પ્રચારની સમીક્ષા કરવા માટે નાયબ મુખ્યમંત્રી જયારે રાજકોટના પ્રવાસે છે ત્યારે રાજકોટના વોર્ડ નં. ૧૦, ૧૧,૧૨,૧૪ અને ૫ ના મધ્યસ્થ કાર્યાલયોની મુલાકાત જવાના છે અને ત્યાંઉપસ્થિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓને રૂબરૂ મળી તેમના ઉત્સાહમાં વધારો કરી વધુ જનુનથી કામે લાગી જવા હાકલ પણ કરશે. વોર્ડ કાર્યાલયની મુલાકાતના કાર્યક્રમનું સંકલન મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રિસંહ જાડેજા તેમજ પૂર્વ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા કરી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના રાજકોટ પ્રવાસનું સમગ્ર આયોજન અને સંકલન રમેશભાઈ રૂપાપરા, ડો. ભરતભાઈ બોઘરા અને મુકેશભાઈ દોશી કરી રહ્યા છે. આ સમગ્ર કાર્યક્રમમાં રાજકોટ શહેર સંગઠનના સૌ હોદ્દેદારો, વોર્ડના પ્રમુખ, પ્રભારી, મહામંત્રી અને શહેર મોરચાના પ્રમુખ મહામંત્રી વિવિધ સેલના સંયોજક સહસંયોજક તમામ શ્રેણીના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.




# રોડ શો સંદર્ભે અનેક માર્ગો પર 'નો એન્ટ્રી-ડાયવર્ઝન જાહેર'

## રોડ શોના રૂટ પર ત્રિકોણ બાગથી ભૂપેન્દ્ર રોડ, પેલેસ રોડ, કનક રોડ, કરણસિંહજી ચોક, પરાબજાર, લાખજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ અને ગરેડિયા કુવા રોડ વાહન ચાલકો માટે બંધ રહેશે

### વાહન ક્યાં પાર્ક કરી શકાશે?

**નાયબ મુખ્યમંત્રીની યોજાનાર રેલીમાં વાહનોની ભીડને નિયંત્રિત કરવા માટે પોલીસે ચોક્કસ પાર્કિંગ સ્થળો પણ જાહેર કર્યા છે.**

**૧. એ-ડિવિઝન પોલીસ સ્ટેશનની સામેનું પેઈડ પાર્કિંગ**
**૨.લાખાજીરાજ સ્કૂલનું મેદાન: વાહનો માટે વિશાળ પાર્કિંગ વ્યવસ્થા**
**૩.ત્રિકોણબાગ ચોક: નિર્ધારિત પાર્કિંગ વિસ્તાર**
**૪.શાસ્ત્રી મેદાન: જાહેર જનતા માટે પાર્કિંગ માટે ઉપલબ્ધ**

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે રાજકોટ શહેરમાં ભવ્ય 'રોડ-શો' યોજવા જઈ રહ્યા હોય ત્યારે કાર્યક્રમને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિશાળ જનમેદની ઉમટી પડવાની શક્યતા હોવાથી અને સુરક્ષા તેમજ ટ્રાફિકની જાળવણી માટે શહેરના મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ ટ્રાફિક નિયમન આજે સાંજે ૫ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી અથવા રોડ-શો પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય દરમિયાન નિર્ધારિત રૂટ પર તમામ પ્રકારના વાહનો માટે 'નો એન્ટ્રી' અને 'નો પાર્કિંગ' ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

જેમાં બંધ રહેનારા મુખ્ય માર્ગો અને રૂટમાં રોડ-શોનો રૂટ ત્રિકોણ બાગથી શરૂ થઈ ભૂપેન્દ્ર રોડ, પેલેસ રોડ, કનક રોડ, જ્યુબિલી બાગ, પરાબજાર, લાખજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ અને ગરેડિયા કુવા રોડ થઈ પૂર્ણ થશે. આ મુખ્ય માર્ગો પર સામાન્ય વાહનવ્યવહાર સંપૂર્ણ પણે બંધ રહેશે.

### ક્યાં રસ્તા બંધ રહેશે?

શહેરના મુખ્ય વિસ્તારોમાં ટ્રાફિકનું ભારણ ઘટાડવા અને વ્યવસ્થા જાળવી રાખવા માટે અનેક રાજમાર્ગો પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકીને વૈકલ્પિક માર્ગો નક્કી કરવામાં આવ્યા છે.

સર અમરસિંહજી પેન્ટાલૂનથી ત્રિકોણબાગ: આ માર્ગ પર તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે. વાહનચાલકો સર અમરસિંહજી પેન્ટાલૂન શો-રૂમથી આરએમસી ચોક તરફ જઈ શકશે.

છબઈ ચોકથી ત્રિકોણબાગ તરફ પ્રવેશબંધી હોવાથી વાહનચાલકોએ અમરસિંહજી પેન્ટાલૂન શો-રૂમ થઈ માલવીયા ચોક તરફ જવાનું રહેશે.

સેન્ટ્રલ પોઈન્ટથી કરણસિંહજી ચોક તરફ વાહનોના પ્રવેશ પર રોક લગાવાઈ છે. વૈકલ્પિક રીતે આરએમસી ચોકથી અમરસિંહજી પેન્ટાલૂન શો-રૂમ તરફ જઈ શકાશે.

કરણપરા ચોકથી રાજશ્રી સિનેમા તરફ પ્રવેશબંધી હોવાથી વાહનો સેન્ટ્રલ પોઈન્ટ અને આરએમસી ચોક થઈને આગળ વધી શકશે.

આશાપુરા માતાજી મંદિરથી ભુપેન્દ્ર રોડથી પેલેસ રોડ તરફ જતા વાહનો માટે આ રસ્તો બંધ છે. તેના બદલે આશાપુરા માતાજી મંદિરથી મેઈન રોડ થઈ સેન્ટ્રલ પોઈન્ટ અને આરએમસી ચોકનો ઉપયોગ કરવાનો રહેશે.

આરકે જીન્સથી પેલેસ રોડ રામજી મંદિરથી જવા માટે રસ્તો બંધ છે. તમામ પ્રકારના વાહનો આરકે જીન્સથી હથિખાના મેઈન રોડ તરફ જઈ શકશે.

કોઠારીયા પોલીસ ચોકીથી કુંભારવાડા થઈ ગુંદાવાડી અને રૈયાનાકા ટાવર તરફ જવા માંગતા વાહનો માટે પ્રવેશ બંધ છે. વાહનચાલકો વિરાણી વાડી અને આર.કે.જીન્સ થઈ હાથીખાના મેઈન રોડનો ઉપયોગ કરી શકશે.

દાણાપીઠથી રૈયાનાકા ટાવર ઘી-કાંટા રોડ તરફ જવા માંગતા વાહનો માટે પ્રવેશબંધી છે. વાહનચાલકો મોચી બજારથી ચબૂતરા થઈ કોર્ટ ચોક તરફ જઈ શકશે.

ઘી-કાંટા રોડ સેન્ટ્રલ અગરબત્તીવાળી શેરીથી લાખાજીરાજ રોડ સુધી વાહનોનો પ્રવેશ બંધ છે.

ધર્મેન્દ્ર રોડ જલારામ સીઝન સ્ટોરથી કે.પી.જંકશન સુધી તમામ વાહનો માટે રસ્તો બંધ રહેશે.

ગરેડીયા કુવા રોડ હુસેની હાર્ડવેરથી સાંગણવા ચોક સુધીના માર્ગ પર પ્રતિબંધ મુકાયો છે.

ઢેબર રોડ વન-વે કોઠારી ઝેરોક્ષવાળી શેરીથી ગરેડીયા કુવા રોડ તરફનો પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે.

સાંગણવા ચોક રાજશ્રી સિનેમા અને જૂની ખડપીઠથી સાંગણવા ચોક તરફ જવા માંગતા વાહનો માટે પણ ડાયવર્ઝન અપાયું છે. રાજશ્રી સીનેમાથી સંગણવા ચોક તરફ જતાં તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબાંધી કરાઈ છે.

# ગરમીનો પ્રકોપ વધ્યોઃ પારો ૪૨.૨ ડિગ્રીએ પહોંચતા લોકો ત્રાહિમામ

## બપોરના સમયે તાપમાન વધતા રાજકોટના માર્ગો પર 'અઘોષિત લોકડાઉન' જેવી સ્થિતિ આગામી દિવસોમાં પારો ૪૩ને પાર જાય તેવી સંભાવના

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આજે ગરમીનું જોર વધી રહ્યું છે. તાપમાનનો પારો આજે ૪૧થી ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની શકયતા હતી. રાજકોટમાં બપોરે ત્રણ વાગ્યે ૪૩.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજકોટમાં પણ ભીષણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ ગરમીની આગાહી કરી છે. અત્યારે ભેજનું પ્રમાણ ૧૨ ટકા જેટલું નીચું હોવાથી સૂકી ગરમી અને લૂનો અનુભવ વધુ થઈ રહ્યો છે. પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યો છે.બપોરના સમયે તાપમાન વધતા રાજકોટના માર્ગો પર 'અઘોષિત લોકડાઉન' જેવી સ્થિતિ જોવા મળી રહી છે. લોકો બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી ભીષણ ગરમી પડવાની આગાહી કરી છે. ગરમીનું જોર વધતાં જ ચૂંટણીના મતદાન પર અસર દેખાશે. રાજ્યના દરિયાઈ વિસ્તારમાં ઉકળાટ રહેશે. અમદાવાદમાં આજે ૪૦.૦૮ ડિગ્રી તાપમાન નોંધાતા લોકો બરાબર શેકાયા છે. શહેરમાં હજી બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધી શકે છે. પવનોની દિશા બદલાતા ગરમીમાં વધારો થયો છે. ૨૬ એપ્રિલે ૪૦ થી ૪૩ ડીગ્રી તાપમાન રહેશે. દેશમાં છેલ્લા ૧૪૯ વર્ષ બાદ ભારે ગરમીની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા ભારે ગરમીની શક્યતા દર્શાવાઈ છે. આ વર્ષે તાપમાન ૪૮થી ૫૦ ડિગ્રી સુધી તાપમાન રહેવાની શક્યતાઓ સેવાઈ રહી છે. ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ગરમીની સૌથી વધુ અસર વર્તાશે. જ્યારે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં પણ ગરમીમાં વધારો થઈ શકે છે.રાજકોટ મહાનગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા વધતા તાપમાનને પહોંચી વળવા માટે 'હીટ એક્શન પ્લાન' અંતર્ગત કામગીરી શરૂ કરવામાં આવી છે જેમાં શ્રમિકો માટે કામના કલાકોમાં ફેરફાર અને જાહેર સ્થળો પર પીવાના પાણીની સુવિધાનો સમાવેશ થાય છે.સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨૪ અને ૨૫ એપ્રિલ દરમિયાન ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા છે હવામાં ભેજનું પ્રમાણ અને ઊંચા તાપમાનને કારણે સામાન્ય કરતાં વધુ અકળામણ અનુભવાશે. અમદાવાદમાં આકાશ મુખ્યત્વે સાફ રહેશે અને મહત્તમ તાપમાન ૪૧ થી ૪૩ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શકયતા છે.આગામી ૨૬ એપ્રિલ એટલે કે ચૂંટણીના માહોલ વચ્ચે રાજ્યના આંતરિક વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦ થી ૪૩ ડિગ્રી સુધી જઈ શકે છે, જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન ૩૭ થી ૩૮ ડિગ્રી રહેવાની સંભાવના છે દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ૧૫ થી ૨૦ નોટ રહેવાની પણ આગાહી છે.રાજ્યમાં સતત વધતી ગરમીને કારણે બપોરના સમયે લોકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે ટુ-વ્હીલર ચાલકો અને રાહદારીઓ મોઢે રૂમાલ, દુપટ્ટો બાંધીને અથવા છત્રીનો ઉપયોગ કરીને ગરમીથી બચવા પ્રયાસ કરી રહ્યા છે.

### તંત્ર દ્વારા શહેરીજનોને ગરમીથી બચવા ખાસ તકેદારી રાખવા અપીલ

(૧) બહાર જતી વખતે હંમેશા પાણીની બોટલ સાથે રાખવી.
(૨) દિવસ દરમિયાન પૂરતા પ્રમાણમાં પ્રવાહી પદાર્થો જેમ કે પાણી, લીંબુ શરબત, છાશ અને નાળિયેર પાણીનું સેવન કરવું.
(૩) તાજા ફળો અને શાકભાજી ખાવા, જ્યારે તીખું, વધુ પ્રોટીનયુક્ત અને વાસી ખોરાક ટાળવો.
(૪) ચા, કૉફી અને સોડાવાળા પીણાંનું ઓછું સેવન કરવું.
(૫) બહાર જતી વખતે છત્રી/ટોપી/સ્કાર્ફનો ઉપયોગ કરો તથા આછા રંગના ઢીલા સુતરાઉ કપડાં પહેરવા.
(૬) લાંબા સમય સુધી તડકામાં ન રહેવું અને કામ દરમ્યાન વિરામ લઈ ઠંડકવાળા સ્થળે આરામ કરવો.
(૭) નાના બાળકો, વૃદ્ધો અને ગર્ભવતી સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવું.



# કાળઝાળ ગરમીમાં રાહત આપતું 'બિલાનું શરબત'

## બિલાનું શરબતથી ઠંડક આપે પાચનશક્તિ સુધરે છે અને ઉનાળામાં લાગતી લૂ સામે આપે છે રક્ષણ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ઉનાળાનો પારો જેમ-જેમ ઊંચો જઈ રહ્યો છે, તેમ-તેમ રાજકોટવાસીઓ ગરમીથી બચવા માટે દેશી અને કુદરતી પીણાં તરફ વળી રહ્યા છે. રાજકોટના બહુમાળી ભવન ચોક પાસે મળતું બિલાનું શરબત હાલ લોકોની પહેલી પસંદ બની રહ્યું છે. કાળઝાળ ગરમીમાં ઠંડક આપવા માટે અહીં સવારથી જ શરબત પ્રેમીઓની ભારે ભીડ જોવા મળી રહી છે.

બિલાનું ફળ ઔષધીય ગુણોથી ભરપૂર માનવામાં આવે છે. આયુર્વેદ મુજબ, બિલાનું શરબત પીવાથી પેટમાં ઠંડક રહે છે, પાચનશક્તિ સુધરે છે અને ઉનાળામાં લાગતી લૂ સામે રક્ષણ મળે છે. બહુમાળી ભવન પાસે વર્ષોથી આ વ્યવસાય સાથે સંકળાયેલા વિક્રેતાઓ જણાવે છે કે, બિલાના માવાને મસળીને, તેમાં ઠંડુ પાણી અને સ્વાદ મુજબ ખાંડ કે મસાલા ભેળવીને આ શુદ્ધ શરબત તૈયાર કરવામાં આવે છે. સોફ્ટ ડ્રિંક્સ કે આર્ટિફિશિયલ પીણાં કરતા આ કુદરતી શરબત સ્વાસ્થ્ય માટે વધુ ગુણકારી હોવાથી સરકારી કચેરીઓના કર્મચારીઓથી લઈને રાહદારીઓ અહીં અચૂક મુલાકાત લે છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં ઠેર-ઠેર શેરડીના રસ અને છાશનું વેચાણ તો થાય જ છે, પરંતુ બહુમાળી ભવન પાસેના આ ખાસ બિલાના શરબતનો સ્વાદ અને તેની ગુણવત્તા રાજકોટવાસીઓમાં એક આગવી ઓળખ ધરાવે છે. મોંઘાદાટ કોલ્ડ ડ્રિંક્સ કરતા સસ્તું અને સ્વાસ્થ્યપ્રદ એવું આ પીણું ગરમીમાં અમૃત સમાન સાબિત થઈ રહ્યું છે.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

# કોટક સ્કૂલ ખાતે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમમાં 300 વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિક મુક્તિના શપથ લીધા

## 'મારો કચરો-મારી જવાબદારી'ના સંદેશ સાથે પર્યાવરણ સુરક્ષા અને ગ્લોબલ વોર્મિંગ અંગે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયુંઃ જૂટ બેગનું વિતરણ કરાયું



**અબતક, રાજકોટઃ** કોટક સ્કૂલ ખાતે નવી પેઢીને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનાવવાના હેતુથી પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે 300 જેટલા વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લઈ પર્યાવરણ સુરક્ષા અને સ્વચ્છતા જાળવવાની પ્રતિજ્ઞા લીધી હતી. ''મારો કચરો-મારી જવાબદારી'' જેવા પ્રેરક સૂત્રો દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે સભાનતા લાવવા વિશેષ પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોએ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંસ્થાના દર્શીતભાઈ મહેતા અને સેમશેરસિંહ દ્વારા ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસરો વિશે જાણકારી આપવામાં આવી હતી, જ્યારે (અનુ. આઠમા પાને)



# સાળંગપુરમાં મુખ્યમંત્રીએ કષ્ટભંજનદેવને શીશ ઝુકાવી જનતાની સુખાકારી માટે કરી પ્રાર્થના





**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાળંગપુર હનુમાનજી દાદાના દર્શન કરી બોટાદ જિલ્લાના પ્રવાસનો પ્રારંભ કર્યો ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે પવિત્ર યાત્રાધામ સાળંગપુર ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીના ચરણોમાં શીશ ઝુકાવીને પોતાના બોટાદ જિલ્લાના પ્રવાસની ભવ્ય શરૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ દાદાના દરબારમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજન-અર્ચન કરી ધજા અર્પણ કરી હતી અને રાજ્યની જનતાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. દાદાના આશીર્વાદ લીધા બાદ બોટાદ જિલ્લાની અગ્રણી સંસ્થાઓના આગેવાનો તથા પૂજ્ય સંતો સાથે ગોષ્ઠી કરી સામાજિક અને પ્રાદેશિક ઉત્થાન માટે વિચાર-વિમર્શ કર્યો હતો. આ કાર્યક્રમમાં સંતો-મહંતોની ગરિમામય હાજરી જોવા મળી હતી. જેમાં સ્વામી ડો. સંતવલ્લભદાસજી (ચેરમેન, વડતાલ મંદિર), હરિજીવનદાસજી સ્વામી (ચેરમેન, ગઢપુર મંદિર), કોઠારી વિવેકસાગરદાસજી (સાળંગપુર હનુમાનજી મંદિર), શુકદેવ સ્વામી (ગોકુળધામ, નાર) કુંડળ-બોટાદના વગેરે સંતો ઉપસ્થિત રહી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પુષ્પહાર પહેરાવી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું અને રાજ્યના વિકાસ માટે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

# કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા અમૃત પીણુ છાશનું વિતરણ

**અબતક, રાજકોટ**

કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા ચાલતી સામાજીક, શૈક્ષણીક, સાંસ્કૃતિક, સેવાકીય પ્રવૃતિ અંતર્ગત છેલ્લા ૫૪ વર્ષથી ચાલે છે આ વર્ષ પણ ઉનાળાની ઋતુમાં અમૃત પીણું છાસ કેન્દ્ર, 30 વર્ષથી એમ. જે. શાહ (ભાડલા વાળા) પબ્લીક ચેરીટિબલ ટ્રસ્ટના સહયોગથી જરૂરીયાત મંદ પરિવાર ૨૫૦ થી વધુ લોકોને પરીવાર દીઠ (બે) લીટર છાસ વિતરણ તેમજ (કોઠારીયા નાકા ચોક ખાતે પાણીનું પરબત ચાલે છે)

જેમાં તા. ૨૧-૪-૨૦૨૬ ના રોજ સ્વ. ચીમનભાઈ શુકલની પુણ્ય તીથીએ ભાવ વંદના સાથે છાસ વિતરણ કરવામાં તેમજ પુણ્યતિથી એ સતત વંદના અર્પણ કરેલ.

આ પ્રસંગે ઉપસ્થિત બ્રહ્મ સમાજના પ્રમુખ દર્શનભાઈ જાની બ્રહ્મણ સમાજના અગ્રણ્ય, કશ્યપભાઈ શુકલ, રાજકોટના આચાર્ય એ.એસ. પંડયા અને અનિલભાઈ શાહ, મીતભાઈ શાહ, એમ. જે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ગીરીશભાઈ પરસાણા, કિશોરભાઈ પરસાણા, ભરતભાઈ ત્રીવેદી અન્ય મહાનુભાવોના હસ્તે (અનુ. આઠમા પાને)



# પ્રોટીનનો અતિરેક ન બની જાય જીવલેણઃ કિડની અને લિવર પર ઉભું કરે છે જોખમ

### વધુ પડતા પ્રોટીનથી પથરી અને ફેલ્યોરનો ખતરો

પ્રોટીનનો સૌથી વધુ ભાર શરીરના ફિલ્ટર એવા કિડની પર પડે છે. જ્યારે લોહીમાં પ્રોટીનનું પ્રમાણ મર્યાદા કરતા વધે છે, ત્યારે કિડનીએ તેને ફિલ્ટર કરવા માટે ક્ષમતા કરતા બમણું કામ કરવું પડે છે. વધુ પડતા પ્રોટીનથી પેશાબ વાટે કેલ્શિયમ બહાર નીકળવા લાગે છે, જેના કારણે કિડનીમાં પથરી (Kidney Stones) થવાનું જોખમ અનેકગણું વધી જાય છે. જો લાંબા સમય સુધી હાઈ-પ્રોટીન ડાયટ ચાલુ રાખવામાં આવે તો કિડનીની કાર્યક્ષમતા ઘટતી જાય છે અને અંતે કિડની ફેલ થવાની ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે.

**અબતક, રાજકોટ**

આધુનિક જીવનશૈલીમાં ફિટ દેખાવા માટે આજે યુવા પેઢી જીમ અને હાઈ-પ્રોટીન ડાયટ પાછળ ઘેલી થઈ છે. પરંતુ, આ આંધળી દોટ શરીરના મહત્વના અંગોને ખોખલા કરી રહી છે. તબીબી નિષ્ણાંતોના મતે, જરૂરિયાત કરતા વધુ પ્રોટીન લેવું એ વરદાન નહીં પણ અભિશાપ છે. કાનપુરની પ્રખ્યાત ગેસ્ટ્રો લિવર હોસ્પિટલના ડો. વિનોદ કે. મિશ્રાએ ચેતવણી આપી છે કે પ્રોટીનનો અતિરેક માત્ર પાચન જ નહીં, પણ કિડની અને લિવરને કાયમી ધોરણે નુકસાન પહોંચાડી શકે છે.




### વજન ઘટવાને બદલે ચરબી વધશે – પ્રોટીનનું ઉંધું ગણિત

મોટાભાગના લોકો વજન ઘટાડવા માટે કાર્બોહાઈડ્રેટ છોડીને માત્ર પ્રોટીન પર નિર્ભર રહે છે, પરંતુ આ એક મોટી ભૂલ છે. શરીરની એક મર્યાદા હોય છે; તે પોતાની જરૂરિયાત મુજબ જ પ્રોટીનનો ઉપયોગ કરે છે. જે પ્રોટીન પચતું નથી, તેને શરીર 'ફેટ' (ચરબી) માં રૂપાંતરિત કરીને સંગ્રહિત કરે છે. એટલે કે, તમે વજન ઘટાડવા માટે જે પ્રોટીન લો છો, તે ઉલટાનું તમારા શરીરમાં ચરબી વધારી શકે છે. આ ઉપરાંત, આવા ડાયટમાં ફાઈબરની ઉણપને કારણે કબજિયાત અને પેટમાં ગેસ જેવી સમસ્યાઓ કાયમી ઘર કરી જાય છે.

### જીમ જનારા યુવાનોમાં પ્રોટીન સપ્લીમેન્ટ્સનો ક્રેઝ વધ્યોઃ જરૂરિયાત વગરનું પ્રોટીન શરીરમાં ઝેર સમાન

### શરીરને કેટલા પ્રોટીનની જરૂર?

પ્રોટીનની જરૂરિયાત વ્યક્તિના વજન અને તેની શારીરિક મહેનત પર આધારિત હોય છે. સામાન્ય રીતે, વ્યક્તિના શરીરના દર ૧ કિલો વજન દીઠ ૦.૮ થી ૧ ગ્રામ પ્રોટીન પર્યાપ્ત છે. દાખલા તરીકે, જો તમારું વજન ૬૦ કિલો છે, તો તમારે દિવસનું ૫૦ થી ૬૦ ગ્રામ પ્રોટીન જ લેવું જોઈએ. એથ્લેટ્સ કે ભારે કસરત કરનારાઓ માટે આ માત્રા થોડી વધુ હોઈ શકે છે, પરંતુ ડોક્ટર કે ડાયેટિશિયનની સલાહ વગર લેવામાં આવતા પ્રોટીન સપ્લીમેન્ટ્સ લિવર પર સોજો અને લોહીમાં એસિડનું પ્રમાણ વધારી શકે છે

# કાળઝાળ ગરમીમાં શહેરમાં હાર્ટ એટેકનો હાહાકાર: ૨૪ કલાકમાં પાંચના મોત

## લીમડા ચોક પાસે આધેડ અને ગોંડલ રોડ પર પ્રોઢનો હદય થંભી ગયું

## જીવરાજપાર્ક પાસે ભાર્ગવનું માલીયાસણમાં રામજીભાઈનું હાર્ટના ધબકારા અટકી ગયા

**અબતક રાજકોટ**

શહેરમાં એક તરફ સૂર્યદેવતા આકરા પાણીએ છે, ત્યારે બીજી તરફ હાર્ટ એટેકના કેસોમાં થયેલો અચાનક વધારો ચિંતાનો વિષય બન્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કુલ ૫ લોકોના હ્રદય બેસી જવાથી મોત નીપજ્યા છે. આ ઘટનાઓને પગલે મૃતકોના પરિવારજનોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, લીમડા ચોક પાસે આવેલી કુંડલીયા કોલેજ નજીક રહેતા ભગવાનજીભાઈ નથુભાઈ મકવાણા (ઉં.વ. ૫૧) ગઈકાલે બપોરે એક વાગ્યે જૂના એરપોર્ટ રોડ પર આવેલી એક હોટેલમાં કલરકામ કરી રહ્યા હતા. કામ દરમિયાન અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેઓ બેભાન થઈ ઢળી પડ્યા હતા અને તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ભગવાનજીભાઈને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે.

બીજા બનાવમાં ટંકારાના ગજડી ગામના વતની હીરાભાઈ લાખાભાઈ જારીયા (ઉં.વ. ૪૮) ગઈકાલે બપોરે ત્રણ વાગ્યાના અરસામાં ગોંડલ રોડ પર બોમ્બે પેટ્રોલ પંપ પાસે એક ગેરેજમાં હતા, ત્યારે એકાએક બેભાન થઈ ગયા હતા. જેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબે મૃત જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે મૃત હીરાભાઈ ડ્રાઈવિંગનું કામ કરતા હતા અને પોતે પાંચ ભાઈઓમાં સૌથી મોટા અને અપરિણીત હતા.

ત્રીજા બનાવમાં રાજકોટના જીવરાજપાર્ક પાસે અંબિકા ટાઉનશીપમાં રહેતા ભાર્ગવભાઈ મહેશભાઈ શુક્લ (ઉં.વ. ૪૮) સાંજના પોણા સાત વાગ્યે ભક્તિનગર સોસાયટી પાસે પોતાની 'પાર્થ સ્ટેશનરી એન્ડ આઈસ્ક્રીમ' નામની દુકાને હાજર હતા. આ દરમિયાન અચાનક તબિયત લથડતા તેઓ બેભાન થઈ ગયા હતા અને હોસ્પિટલ ખસેડવામાં આવતા હાર્ટ એટેકથઈ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. મૃતને સંતાનમાં બે દીકરા છે.

ચોથા બનાવમાં માલીયાસણ ગામના રહેવાસી છગનભાઈ રામજીભાઈ ગોવાણી (ઉં ૫૬) ગત રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા. જેને હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક છગનભાઈ ખાનગી નોકરી કરતા છગનભાઈને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પાંચમા બનાવમાં દૂધસાગર રોડ પર સાગર ચોક પાસે રહેતા કિરીટભાઈ ગાજીભાઈ રાઠોડ (ઉ ૫૬) સવારે ૭ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે અચાનક હાર્ટ એટેક આવતા બેભાન થઈ ગયા હતા અને પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. છઠા બનાવમાં શિવધારા ૧ ખોખડદળના પુલ પાસે રહેતા મુળુભાઈ કાથડભાઈ જડુ (ઉં ૫૮) આજરોજ સવારના ૧૧:૦૦ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે બેભાન થઈ જતા મોત નીપજ્યું છે. તબીબોના જણાવ્યા અનુસાર, અતિશય ગરમીમાં હ્રદય પર દબાણ વધતું હોવાથી હાર્ટ એટેકના કિસ્સાઓ વધી રહ્યા છે. નાગરિકોને બપોરના સમયે સીધા તડકામાં ન નીકળવા અને વધુ પ્રમાણમાં પાણી પીવા સલાહ આપવામાં આવી છે.

# સાંઢિયા પુલ પાસે બે બાઈક વચ્ચે અથડાતા યુવાનનું મોત

## ભોમેશ્વરથી ઘરે જતી વખતે જયને નડ્યો અકસ્માત, બાઈકચાલક સામે ગુનો નોંધાયો

**અબતક રાજકોટ**

શહેરના સાંઢિયા પુલ પર થયેલા માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ૨૨ વર્ષીય યુવાનનું સિવિલ હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. જેમાં પૂરઝડપે આવતા બાઈક ચાલકે યુવાનના બાઈકને અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું છે.

મળતી માહિતી મુજબ, માધાપર ચોકડી પાસે આવેલા ઉત્સવ એપાર્ટમેન્ટમાં રહેતા નરેશભાઈ વિશ્વકર્માનો ૨૨ વર્ષીય પુત્ર જય ગત ૨૧ એપ્રિલના રોજ રાત્રિના સમયે પોતાનું બાઈક લઈને ભોમેશ્વરથી માધાપર ચોકડી તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન એરપોર્ટ બગીચા પાસે સાંઢીયા પુલના છેડે સામેથી આવતા મોટરસાયકલના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી જયના બાઈકને ટક્કર મારી હતી.

અકસ્માતને પગલે જયને માથાના ભાગે ગંભીર મુંઢ ઈજાઓ અને શરીરે અન્ય ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં પણ લઈ જવામાં આવ્યો હતો. જોકે, સ્થિતિ નાજુક હોવાથી તેને ફરી સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે મૃતક યુવાનના પિતા નરેશભાઈએ અકસ્માત સર્જનાર બાઈક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભારતીય ન્યાય સહિંતાની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે અકસ્માત સર્જી નાસી છૂટેલા અથવા બેદરકાર વાહન ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃત જય પાનની દુકાનમાં કામ કરતા હતા, પોતે બે ભાઈમાં મોટા અને અપરણીત હતા. ૨૧ વર્ષીય પુત્રના અકાળે મોતથી વિશ્વકર્મા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### ગેરકાયદે હુક્કાબાર ચલાવવાના ગુનામાં

# ધ કેવ કાફે ટેરીયા એન્ડ ફેમિલી રેસ્ટોરન્ટના સંચાલકને છોડી મુકવા હુકમ

## એસઓજીએ દરોડો પાડી સગીર સહિત સાત લોકો હુક્કાબારમાં તમાકુનું સેવન કરતાં તા

**અબતક રાજકોટ**

શહેરમાં નવ વર્ષ પહેલાં ગેરકાયદે રીતે હુક્કાબાર ચલાવીને સગીર બાળકોને તમાકુનું સેવન કરવા આપવા સબબ નોંધાયેલા ગુનામાં હુક્કાબારના સંચાલકને નીર્દોષ ઠરાવી છોડી મુકવા કોર્ટે હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ વર્ષ ૨૦૧૬માં શહેરના જલારામ સોસાયટીમાં ધ કેવ કાફે ટેરીયા એન્ડ ફેમિલી રેસ્ટોરન્ટમાં એસઓજીની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. તે દરમિયાન સગીર બાળકો સહિત સાત લોકો હુક્કાબારમાં તમાકુનું સેવન કરતાં અને બે કર્મચારી હાજર મળી આવ્યા હતા. રેડ દરમિયાન હુક્કાની ૧૪ નળીયો, હુક્કામાંમાં નાખેવાની ફ્લેવરના ૧૯ બોક્સ કબજે કરવામાં આવ્યા હતા. કોર્પોરેશનના હેલ્થ લાયસન્સ વગર હુક્કાબાર ચલાવતા મનીષભાઈ કનુભાઈ પુજારા (રહે. ગોપાલનગર, રાજકોટ) સહિતના વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવામા આવી હતી. જે કેસ ચાર્જશીટ બાદ કોર્ટમાં ચાલવા ઉપર આવતા જરૂરી કાયદાકીય પ્રક્રિયાના ભાગ રૂપે મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામા આવ્યા હતા. જેમાં ફરીયાદી અને સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેમજ જાહેર જગ્યાનો બનાવ હોવા છતાં બનાવ વાળી જગ્યા આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલા નથી તેવી રજૂઆતો કરવામાં આવેલા હતી તેમજ એવી કોઈ ચોક્કસ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય અને આરોપી સામેની આક્ષેપીત હકીકત પુરવાર થતી ન હોવાની દલીલો ધ્યાને લઈ કોર્ટે હુક્કાબારના સંચાલક મનીષ પુજારાને નીર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવ્યો હતો. કેસમાં આરોપી વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, મીતેશ એચ. ચાનપુરા અને પ્રહલાદસિંહ બી. ઝાલા રોકાયા હતા.

# રેલનગરમાં પુત્રને ગાળો આપતા શખ્સને ઠપકો આપતા પ્રોઢ પર હુમલો

## રૈયાધારમાં બહેનને તેડવા જતી વેળાએ સાયકલ આડી નાખવા પ્રશ્ને બાળક પર પથ્થરમારો

### યુનિવર્સિટી રોડ પર છેડતીનો વિરોધ કરતા રિક્ષા અટકાવી સગીરાને બેફામ માર માર્યો

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ એક જ દિવસમાં હુમલાની ત્રણ અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. જેમાં રેલનગરમાં સામાન્ય ઠપકો આપવા ગયેલા દંપતી પર પાડોશીએ હુમલો કરી પ્રોઢને ગંભીર ઈજા પહોંચાડી છે, જ્યારે પંચાયત ચોક પાસે સગીરાની છેડતી કરી માર મારવાની અને રૈયાધારમાં સાયકલ ચલાવવા બાબતે બાળક પર હુમલાની ઘટના નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રેલનગરના અવધ પાર્કમાં રહેતા અને સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા રંજનબેન સરવૈયાના ૧૪ વર્ષના પુત્ર કેવલને પાડોશમાં રહેતા હિતેશ બારૈયા નામના શખ્સે ગાળો આપી હતી. આ બાબતે રંજનબેન ઠપકો આપવા જતા હિતેશ ઉશ્કેરાયો હતો. આ દરમિયાન રંજનબેનના પતિ ભાવેશભાઈ (ઉ.વ. ૪૫) ત્યાં આવતા મામલો બિચક્યો હતો. ઝઘડો વધતા ભાવેશભાઈ પોતાના પરિવાર સાથે ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે પાછળથી દોડી આવેલા હિતેશ બારૈયાએ ભાવેશભાઈના ડાબા પડખામાં છરીનો જીવલેણ ઘા ઝીંકી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા ભાવેશભાઈને સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. બે બાબતે રંજનબેને પ્રનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

બીજા બનાવમાં શહેરના ચુનારવાડા ચોક વિસ્તારમાં રહેતી રિદ્ધિ (નામ બદલ્યું છે, ઉ.વ. ૧૫) નામની સગીરા તેના મિત્રો સાથે યુનિવર્સિટી રોડ પર આવેલી હોટલમાં નહાવા માટે ગઈ હતી. ત્યાં અજાણ્યા શખ્સોએ સગીરાની છેડતી કરતા મામલો ગરમાયો હતો. બાદમાં સગીરા જ્યારે રિક્ષામાં બેસી પરત ઘરે જઈ રહી હતી, ત્યારે પંચાયત ચોક પાસે અજાણ્યા શખ્સોએ રિક્ષા આંતરી સગીરાને ધોકા વડે બેફામ માર માર્યો હતો. માથા અને શરીરના ભાગે ઈજાઓ પહોંચતા સગીરાને સારવાર અર્થે ખસેડવામાં આવી છે. ત્રીજા બનાવમાં રૈયાધાર વિસ્તારમાં રહેતો અમિત વઢીયાર (ઉ.વ. ૧૪) નામનો બાળક પોતાની સાયકલ લઈને બહેનને સ્કૂલેથી તેડવા જઈ રહ્યો હતો. આ સમયે મચ્છો માના ક્વાર્ટર પાસે અજાણ્યા શખ્સોએ પોતાની સાયકલ અમિતની સાયકલ આડે નાખતા બોલાચાલી થઈ હતી. ઉશ્કેરાયેલા શખ્સોએ માસુમ બાળક પર પથ્થરમારો કરી તેને લોહીલુહાણ કરી દીધો હતો. જેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા છે. રાજકોટ પોલીસે ત્રણેય ઘટનાઓ અંગે ગુના નોંધી હુમલાખોરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જંક્શન પ્લોટમાં આર્થિક ભીસથી કંટાળી આપઘાત

## પ્રૌઢે એસિડ પી જીવન ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી

**અબતક રાજકોટ**

શહેરના ગાયકવાડી ૧૦/૪ જંક્શન પ્લોટ માં રહેતા ૪૫ વર્ષીય આધેડે આર્થિક ભીસ થી કંટાળી રોણકી ગામ પાસે એસિડ પી જતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા સારવાર મળે તે પહેલા તબીબે આધેડને મૃત જાહેર કરતા પરિવાર માં ગમગીની છવાઈ હતી

આ અંગે મળતી માહિતી મુજબ ગાયકવાડી ૧૦/૪ જંક્શન પ્લોટ માં રહેતા રમેશભાઈ કુંદનદાસ રામવાણી ઉંમર વર્ષ ૪૫ એ આર્થિક થી ભીંસથી કંટાળી રોણકી ગામ નજીક એસિડ પી જતા તાત્કાલિક હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા દમ તોડતા ઘટના સ્થળે ગાંધીગ્રામ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક રેકડી ચલાવતો અને બે ભાઈ એક બેન નાનો ના મોત થી પરિવારમા ગમગીની છવાઈ હતી આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# મિત્રને રોકડ રકમ ન ચૂકવનાર શખ્સને બે વર્ષની સજા

**યુવાનને રૂ.૧.૯૫ લાખનુ વળતર ચૂકવવા નિષ્ફળ જાય તો વધુ સજા**

**અબતક, રાજકોટ**

શહેરમાં મિત્રતાના દાવે લીધેલા રૂપિયાની ચુકવણી માટે આપેલો રૂ.૧.૯૫ લાખનો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે આરોપીને બે વર્ષની સજા અને ચેક મુજબનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ ગાંધીગ્રામ વિસ્તારમાં શ્યામનગરમાં રહેતા ફરિયાદી નવીનચંદ્ર ચંદુભાઈ વાડોદરાએ મિત્રતાના દાવે આરોપી જામનગર રોડ, તોપખાનામા રહેતા ગોપાલ મોહન પરમારને રૂ.૧.૯૫ લાખ મિત્રતાના દાવે વગર વ્યાજે આપ્યા હતા. જે રૂપિયાની ચુકવણી માટે ગોપાલ પરમારે રૂ.૧.૯૫ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક વગર વસુલાતે પરત ફર્યો હતો. જે અંગે નવીનચંદ્ર વડોદરાએ પોતાના વકીલ મારફત પાઠવેલી લીગલ નોટીસ બજી જવા છતાં રકમની ચુકવણી કરવામાં નહિ આવતા કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે કેસ ચાલી જતા અદાલતે બંને પક્ષની રજુઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટંકેલા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઈ ગોપાલ પરમારને બે વર્ષની સજા રૂ.૧.૯૫ લાખનુ વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસમાં ફરિયાદી તરફે વકીલ સંદિપ એન. સતાણી અને આસિસ્ટન્ટ સૃષ્ટી એચ. વેકરીયા રોકાયા હતા.

# પટેલનગરમાં કારખાનામાંથી જુગારધામ ઝડપાયું

## કારખાનેદાર સહિત છ પત્તા પ્રેમીને રૂ.પર હજારની રોકડ સાથે ભક્તિનગર પોલીસે ઝડપી લીધા

**અબતક રાજકોટ**

પટેલ નગર શેરી નંબર ૦૫ માં સમન્વયે ડાયમંડ ની બાજુમાં આવેલા કોમ્પ્લેક્સમાં આવેલા કારખાનામાં ચાલતા જુગાર ધામ પર ભક્તિનગર પોલીસની ટીમે દરોડો પાડી, જુગાર રમતા છ શખ્સોને ઝડપી લઇ, જુગારના પટ્ટ માંથી રૂ.૫૨ હજારની રોકડ કબ્જે કરી છે.

ભક્તિનગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, પટેલ નગર શેરી નંબર ૦૫માં સમન્વય ડાયમંડ ની બાજુમાં આવેલા કોમ્પ્લેક્સ માં ત્રીજા મળે કારખાનું ચલાવતો નિતીન સોરઠીયા તેના કારખાનામાં જુગારનો અખાડો ચલાવી રહ્યો છે. ભક્તિનગર પોલીસની ટીમ પટેલ નગરમાં પહોંચી કારખાનામાં દરોડો પાડી, મવડી આવેલી બજરંગ સોસાયટીમાં રહેતો નીતિન રમેશભાઈ સોરઠીયા, બીડીપરા પાસે શ્રમજીવી સોસાયટી શેરી નંબર ૦૭ માં રહેતો અને સોફાનું કારખાનું ધરાવતો વિશાલ જગદીશભાઈ બેલદાર ,કોઠારીયા મેન રોડ પર આવેલી રામેશ્વર ગોલ્ડ સોસાયટીનો અંકિત જીતેન્દ્રભાઈ ખોખર ,કેવડા વળી નો રાકેશ રાજકુમાર રાવ, આજીડેમ ચોકડી પાસે આવેલા રામેશ્વર પાર્કમાં રહેતો હરેશ કાંતિલાલ વાઘેલા અને ગુલાબ નગર માં રહેતો ધર્મેશ વલ્લભભાઈ સાવલિયા નામના પત્તા પ્રેમીઓને ઝડપી લઇ, જુગારના પટમાંથી રૂ.૫૨ હજારની રોકડ કબ્જે કરી છે. આ દરોડાની કામગીરી ભક્તિનગર પી આઇ જયદીપસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ જે જે ગોહિલ, હેડ કોન્સ્ટેબલ મયુર દાન બાટી, કોસ્ટેબલ નિલેશભાઈ મિયાત્રા ,રવિભાઈ ગઢવી, યુગરાજ સિંહ જાડેજા, યુવરાજસિંહ જાદવ અને પ્રકાશભાઈ મકવાણા સહિતના સ્ટાફે બજાવી છે.

# રાણી ટાવર પાસે યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

## મનોજ રામાવતે પોતાના ઘરે અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યુંઃ પરિવારમાં અરેરાટી

**અબતક રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલા આર.એમ.સી. ક્વાર્ટર રાણી ટાવર પાસે ગઈકાલે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જેમાં ૨૪ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ બનાવથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, મનોજભાઈ મોહનદાસ રામાવત (ઉં.વ. ૨૪) ગઈકાલે સવારે ૧૧ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. પત્નીએ રૂમનો દરવાજો ખોલતા જ પતિ પંખામાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં જોઈ ચીસાચીસ કરી મૂકી હતી. મનોજભાઈને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક મનોજભાઈ ચાની હોટલમાં મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મોટી દીકરી ૨ વર્ષની છે જ્યારે નાની દીકરી માત્ર ૬ માસની હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો. યુવકે ક્યા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તેનાથી પરિવારે અજાણ હોવાનું જણાવ્યું છે. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આશાસ્પદ યુવકના અકાળે મોતથી સ્થાનિક વિસ્તારમાં પણ શોકનું મોજું ફરી વળ્યું છે.

# તસ્કર બંટી-બબલી, બુટલેગર અને વાહનચોર સહિત પાંચ શખ્સો પાસાના પાંજરે પુરાયા

## ક્રાઈમ બ્રાંચે ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ બંટી-બબલી અને બુટલેગર સુનિલ સાકરિયાને અમદાવાદ જેલમાં ધકેલ્યા

### માલવિયાનગર પોલીસે વાહનચોર અક્ષય વ્યાસને વડોદરા તેમજ મોહિત સોલંકીને અમદાવાદ જેલ હવાલે કર્યા



**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વારંવાર ગુનો કરવાની ટેવ ધરાવતા શખ્સો વિરુદ્ધ અસરકાક અટકાયતી પગલા લેવાની ઉચ્ચ અધિકારીની સૂચનાને પગલે ક્રાઈમ બ્રાંચે તસ્કર બંટી-બબલી તેમજ બુટલેગરને પાસાના પાંજરે પુરી અમદાવાદ જેલ હવાલે કર્યા હતાં. જ્યારે માલવિયાનગર પોલીસની ટીમે વાહન ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા બે શખ્સોને અલગ અલગ જેલમાં ધકેલી દીધા હતાં.

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અનુસંધાને આદર્શ આચારસંહિતાની અમલવારી થાય તેમજ મતદાનના દિવસે મતદારો શાંતિ પૂર્વક મતદાનનો ઉપયોગ કરી શકે તેવા આશયથી હિસ્ટ્રીશિટર, એમસીઆર, ટપોરિઓ, બુટલેગર, જુગારીઓ તથા શરીર અને મિલ્કત સબંધી ગુના આચરતા શખ્સો વિરુદ્ધ અસરકારક અટકાયતી પગલા લેવા સુચના આપવામાં આવી હતી. જે સુચના અનુસંધાને ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ.આર. ગોંડલિયા, એમ એલ ડામોર, સી.એચ. જાદવની ટીમ દ્વારા અલગ અલગ શહેરોમાં દિવસ તથા રાત્રી દરમિયાન મકાનમાં અપપ્રવેશ કરી કબાટમાં રાખેલા સોના-ચાંદીના દાગીના, રોકડ તથા કિંમતી વસ્તુઓની ચોરી કરનાર બંટી-બબલી વિરુદ્ધ નિયમીત કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હોવા છતાં ફરી ગુનાઓ આચરતા હોય તેમજ પતિ-પત્ની અલગ અલગ ત્રણ ઘરફોડ ચોરીમાં પોલીસ ચોપડે ચડી ચુકેલા હોય જેથી ક્રાઈમ બ્રાંચ દ્વારા હિતેષ દિનેશભાઈ ડવ (ઉ.વ.૨૮) અને ઈલાબેન હિતેષભાઈ ડવ (ઉ.વ.૩૯,બંને રહે રૈયાધાર, બંશીધર પાર્ક, ઠાકર મંદિર પાસે રાજકોટ, મુળ રહે. ઈશ્વરિયા ગામ, પડધરી, રાજકોટ) વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્તને પોલીસ કમિશનર દ્વારા મંજુરીની મહોર લગાવવામાં આવતા પતિ-પત્નીને ક્રાઈમ બ્રાંચની ટીમે અમદાવાદ જેલ ખાતે ધકેલી દેવા તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, બંટી-બબલી વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં બે જ્યારે પડધરી પોલીસ મથકમાં ચોરીનો એક ગુનો નોંધાઈ ચુક્યો છે.

ક્રાઈમ બ્રાંચ દ્વારા આવેલી વધુ એક પાસા દરખાસ્તની પ્રાપ્ત વિગત અનુસાર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન દારૂના ગેરકાયદે વેપલાને નેસ્ત નાબુદ કરવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાના પગલે રાજકોટ શહેર વાંકાનેર અને માળિયા (મી.) પોલીસ મથકમાં દારૂના અલગ અલગ આઠ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલ કુખ્યાત બુટલેગર સુનિલ હકાભાઈ સાકરિયા (ઉ.વ.૩૦, રહે. ૧૫૦ ફૂટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, આવાસ યોજના ક્વાટર, બ્લોક નં. ૧, ક્વાટર નં. ૧૨૨૨, સાગર ચોક, રાજકોટ) વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્તને મંજુરી મળતા બુટલેગર સુનિલ સાકરિયાને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો હતો.

વાહન ચોરી સહિતના ગુનામાં અવાર નવાર પોલીસ ચોપડે ચડી ચુકેલા શખ્સો વિરુદ્ધ અસરકારક અટકાયતી પગલા લઈ મિલ્કત સબંધી ગુના પર અંકુશ મેળવવાની ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ અને એસીપી બી.જે. ચૌધરીની સુચના અનુસંધાને માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે.એમ. કૈલાના માર્ગદર્શન હેઠળની ટીમે વાહનચોર મોહિત ચનાભાઈ સોલંકી (રહે. મારૂતિ નગર શેરી નં. ૧, વિશ્વેશ્વર મહાદેવ મંદિર પાછળ, રાજકોટ) અને અક્ષય મહેશભાઈ વ્યાસ (રહે. નવલનગર શેરી નં. ૩ વાછરાડાડાના મંદિરની પાસે, રાજકોટ મુ. રહે. વાવડા ગામ, જસદણ, રાજકોટ) વિરુદ્ધ પાસા દરખાસ્ત કરવામાં આવી હતી. જે દરખાસ્તને મંજુરી મળતા મોહિત સોલંકીને સાબરમતિ જેલ જ્યારે અક્ષય વ્યાસને વડોદરા જેલ ખાતે ધકેલી દેવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# પોપટપરા નજીક મકાનમાંથી રૂ. ૩.૫૬ લાખના ગાંજા સાથે વર્ષા ઉકેડિયા ઝડપાઈ

## સુરત ખાતેથી ગાંજો લાવી છુટકમાં વેપલો કરતી હોવાનું રટણ : પ્ર.નગર પોલીસનો દરોડો

## એકાદ વર્ષથી નશાનો વેપલો કરતી મહિલાના સપ્લાયર સુધી પહોંચવા પોલીસની કવાયત

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના પોપટપરા નજીક આવેલ રહેણાક મકાનમાંથી રૂા. ૩.૫૬ લાખની કિંમતનો ૭.૧૩૨ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો ઝડપાયો છે. પ્ર.નગર પોલીસની ટીમે દરોડો પાડી ગાંજાના જથ્થા સાથે મહિલા પેડલરની ધરપકડ કરી નશાના વેપલાના મુળ સુધી પહોંચવા કવાયત હાથ ધરી છે.

ગાંજાના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, ઈન્ચાર્જ અધિક પોલીસ કમિશનર હરપાલસિંહ જાડેજા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ અને એસીપી આરએસ બારિયા દ્વારા શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા તેમજ નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નશાકીય પદાર્થોનું ખરીદ-વેચાણ તેમજ સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હતી. જે સુચના અનુસંધાને પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ એમ.ડી. મકવાણાની રાહબરી હેઠળ સર્વેલન્સ સ્કોડના પી.એસ.આઈ. જે.બી. રાણીંગાની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન ગત તા. ૨૨-૦૪-૨૦૨૬ના રોજ હેડ કોન્સ્ટેબલ મયુરરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વનરાજભાઈ બોરીચા અને રિયાઝભાઈ ભીપૌત્રાને



મળેલી સંયુક્ત બાતમીના આધારે પોપટપરા નજીક રેલનગર મેઈન રોડ, ક્રિષ્નાપાર્કની સામે, ગુરૂકૃપા ગેરેજ વાળી શેરીમાં આવેલ મહિલાના રહેણાક મકાન ખાતે દરોડો પાડી અહીંથી રૂા. ૩,૫૬,૬૦૦ની કિંમતનો ૭.૧૩૨ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો કબ્જે કરી મહિલા પેડલર વર્ષાબેન બાબુભાઈ ઉકેડિયા (રહે. આઈશ્રી ખોડિયાર કૃપા મકાન, પોપટપરા રેલનગર મેઈન રોડ, ક્રિષ્નાપાર્ક સામે, રાજકોટ)ની ધરપકડ કરી એનડીપીએસ એક્ટની કલમ ૮ (સી), ૨૦ (બી) (૨) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગાંજાના દરોડા અંગે પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઝડપાયેલી મહિલા આરોપી છેલ્લા એક વર્ષથી સુરત ખાતેથી ગાંજાનો જથ્થો લાવી અહીં પડીકીઓ બનાવી છુટકમાં વેચાણ કરી આર્થિક નફો મેળવતી હતી. હાલ તેણી સુરતના પટરી વિસ્તારમાંથી ગાંજો લાવતી હોવાનું રટણ કરી રહી છે. જેથી ગાંજાની હેરાફેરીના મુળ સુધી પહોંચવા પીએસઆઈ કે.કે. ચાવડાની ટીમે ચક્રોગતિમાન કર્યા છે.

આ કામગીરી પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ એમ.ડી. મકવાણા, પીએસઆઈ જે.બી. રાણીંગા, એએસઆઈ રવિભાઈ વાઘેલા, શિતલબેન જોરા, હેડ કોન્સ. મયુરરાજસિંહ જાડેજા, જયંતિભાઈ વાવડિયા, કોન્સ. ચાપરાજભાઈ ખવડ, રિયાજભાઈ ભીપૌત્રા, વિરેન્દ્રસિંહ પરમાર, વનરાજભાઈ બોરીચા, તૌફીકભાઈ મંધરા, તૌફીકભાઈ જુણાજ, વિશ્વજીતસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.


**જાહેર નોટીસ**

નં.જમરજી નં-૧૫૨ /૨૫

ચંદ્રેશ અશ્વિનભાઈ ખાણધર
રે. બેડીયા વાડી ધરમપુર, ખંભાળિયા,
તા.ખંભાળિયા, જિ.દેવભૂમિ દ્વારકા ..........અરજદાર

વિરૂધ્ધ

(રજી.એડી.)
રજીસ્ટ્રરશ્રી, જન્મ મરણ નોંધણી અધિકારી અને
ચીફ ઓફિસરશ્રી, ખંભાળિયા નગરપાલિકા
તા. ખંભાળીયા, જિ. દેવભૂમિ દ્વારકા ..........સામાવાળા

વિષય :- જન્મ / મરણની નોંધ થવા અંગે

આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા લોકોને જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપરોકત અરજદારના પર દાદી - જીવીબેન આણંદભાઈ ખાણધરના મરણની તા.૧૦/૦૮/૧૯૭૧ ના રોજ ખંભાળિયા મુકામે થયેલ છે. જે અંગેની નોંધ સામાવાળાના રજીસ્ટરે થયેલ ન હોય તે અંગેની અત્રેની કોર્ટમાં અરજી લાવી જન્મ/મરણ ની નોંધનો હુકમ કરી આપવા અરજી કરેલ હોય, તે અંગે કોઈને વાંધો/તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ ૧૬-૦૦ કલાકે હાજર રહેવું. ગેરહાજર રહે, વાંધો/તકરાર નથી, એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(વાય. પી. ગઢવી)
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
ખંભાળિયા

તંત્રી લેખ

# ખાતર ઉપર દીવો જગતાતની માઠી

ખેડ ખાતર ને પાણી.. લાવે સમૃધ્ધિ તાણી, વિશ્વની સૌથી મોટી લોકશાહી હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ ડગલે આગળ વધી રહી છે ત્યારે દેશના અર્થતંત્ર માટે ઔંદ્યોગિક વિકાસ અને ઉદ્યોગપતિઓ ની સધ્ધરતા જેમ જ ખેતી અને ખેડૂતો નો વિકાસ અનિવાર્ય છે, ભારત કૃષિ પ્રધાન દેશ છે અને દેશની ૮૦% થી વધુ વસ્તી ગામડામાં વસે છે અને ગામડાની મોટાભાગની પ્રજા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખેતી સાથે જોડાયેલી છે, જોકે દેશની વિશાળ ફલક પર ફેલાયેલી ખેતી અને વિસ્તાર ની વ્યાપકતા છતાં ભારતની ખેતી સંપૂર્ણપણે વરસાદ આધારિત હોય, વરસાદની અનિયમિતતા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને આસમાની આફત ના કારણે ખેતીની આવક નિશ્ચિત ન હોવા થી ખેતીને ઉદ્યોગનો દરજ્જો આપી શકાતો નથી, અને ખેત અને ખેડૂત સંપૂર્ણપણે કુદરતની મહેરબાની પર નિર્ભર છે, જગતના તાત ને વારંવાર આસમાની આફત નો ભોગ બનીને મહેનત કરવા છતાં નુકસાની વેઠવી પડે છે, ખેડૂતોની આવક બમણી કરવા માટે સિંચાઈનું પાણી, વીજળી અને ખાતર વ્યાજવી ભાવે સમયસર મળી રહે તે માટે સરકાર કમર કસી રહી છે તેવા સંજોગોમાં ઈરાન અને અમેરિકા યુધ્ધની સ્થિતિમાં ખાતરના ભાવ બમણા થઈ જતા ખેડૂતો માટે ખાતર નો ભાવ વધારો અને અછત મોટી આફત સર્જનારી બને તેવો ભય ઊભો થયો છે . ખેતીમાટે કહેવત છે કે ખેડ ખાતર અને પાણી લાવે સમૃદ્ધિ તાણી, સારી ખેતી ની જેમ જ ખેડૂતને સમૃદ્ધ થવા માટે ખાતર જરૂરી છે ત્યારે વિશ્વમાં યુરિયા ના સૌથી મોટા આયાતકાર ભારત માટે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે યુરીયા ની અછત ઊભી થઈ છે અમેરિકા ઈઝરાઈલ દ્વારાઈરાન પર થયેલા હુમલા બાદ ખાતરની તંગી ઊભી થઈ છે આગામી ચોમાસા માં ચોખા મકાઈ સોયાબીન મગફળી કપાસ ના વાવેતરના મહત્વના સમયમાં ખાતરનીતંગી અને ભાવ વધારો ખેડૂતો માટે ખતરા ની ઘંટી બની રહેતો નવાઈ નહીં,

ભારતમાં યુરિયાનો ઉત્પાદન કુદરતી ગેસ પર નિર્ભર છે અને તે મોટેભાગે આખાત માંથી આવે છે હોર્મુઝ નાકાબંધી ના કારણે બળતણના અભાવે ખાતરના પ્લાન્ટ બંધ થઈ રહ્યા છે, ખાતર ના ઉત્પાદન પર ઘર આંગણે મુશ્કેલીના વાદળા ઘેરાયા છે ત્યારે ફોસ્ફેટિક અને નાઈટ્રોજનયુક્ત ખાતરો ની સીધી આયાત કરવી પડશે અને તે વર્તમાન ભાવ કરતા અનેક મોંઘી પડશે તેવી સ્થિતિમાં ઈરાન ઈઝરાઈલ ના યુદ્ધ થી ઊભી થયેલી ખાતરની કટોકટી ભરી સ્થિતિ દેશના ખેડૂતો માટે માઠી પુરવાર થશે, ભારતના ખેડૂતો ખેતીનો સદીઓ જૂનો અનુભવ ધરાવે છે કોઈપણ પરિસ્થિતિમાં ધનના ઢગલા કરવા માટે જાણીતા ભારતીય ખેડૂતો માટે હવે રસાયણીક ખાતર ની અવેજીમાં કુદરતી ગો-આધારિત પ્રાકૃતિક ખેતી નો વિકલ્પ ખુલ્લો છે, પરંતુ રાસાયણિક ખાતર ની જરૂરિયાત તુરત જ ઘટાડી દેવી અત્યારના ઝડપી કૃષિ ઉત્પાદન અને વધુ આવક માટે અઘરી છે પરંતુ હવે દિવસે દિવસે પરિસ્થિતિ પડકાર જનક બની રહે તે અગમચેતી જોઈને દેશના ખેડૂતોએ રાસાયણિક ખાતર ની જગ્યાએ પ્રાકૃતિક ખાતર ભણી ખેતીને લઈ જવી જ પડશે અત્યારે તો ઈરાન ઈઝરાયેલ યુદ્ધ ના કારણે ખાતરના વધેલા ભાવ ખેડૂતો માટે વધુ એક પડકારરૂપ પ્રશ્ન બનીને સામે આવ્યો છે હવે જોઈએ ખેડૂતો આ તાત્કાલિક ઉભી થયેલી વિપરીત પરિસ્થિતિ માં કેવો રસ્તો અખત્યાર કરે છે?..

સતીષ કે. મહેતા

## કૃષ્ણચિકિત્સાલયમાં નિષ્ણાંત ડોકટરોની રાહતદરે સેવા

**અબતક, રાજકોટ**

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલીત કૃષ્ણ ચિકિત્સાલય કનક રોડ બસ સ્ટેન્ડ પાછળ ફોન નં. ૨૨૨૭૦૪૦ ડો. સુનીલ પોપટ, પેટ તથા આંતરડાના રોગ, ડો.હીનાબેન પોપટ સ્ત્રી રોગ નિષ્ણાંત ગાયનેક સોમથી શુક્ર સવારે ૯ થી ૧૦ સેવા આપવામાં આવે છે.

## બજરંગ ગ્રુપની તમામ પ્રવૃત્તિઓ રવિવારે બંધ રહેશે

**અબતક, રાજકોટ**

બજરંગ ગૃપ રાજકોટની યાદી મુજબ સ્થાનીક સ્વરાજની ચુંટણીના મતદાનના અનુલક્ષીને ગરેડીયા કુવા રોડ ખાતે કાર્યરત બજરંગ ગ્રુપ કાર્યાલય તા.૨૬-૦૪-૨૦૨૬ ને રવિવારના રોજ તમામ પ્રવૃતિઓ બંધ રહેશે. તેમ એક યાદીને અંતે સંસ્થાના સ્થાપક કિશોરભાઈ ધનજીભાઈ કારીયા-સંસ્થાના પ્રમુખ હસુભાઈ ગણાત્રાની યાદી જણાવે છે.

## ધમ્મકોટ રંગપરમાં દશ દિવસીય વિપશ્યના શિબિરો યોજાશે

### શિબિરમાં જોડાવવા માટે રજીસ્ટ્રેશન શરૂ

**અબતક, રાજકોટ**

રાજકોટ નવા ધમ્મકોટ વિપશ્યના કેન્દ્ર (રંગપર) ખાતે દસ દિવસીય વિપશ્યના શિબિરનું તા. ૪-૫ થી ૧૫-૫ તેમજ બીજી શિબિર તા. ૨૦-૫ થી ૩૧-૫ સુધી યોજાશે.

વિપશ્યના ભારતની પ્રાચીન વૈજ્ઞાનિક સાધના પદ્ધતિ છે જેમાં સાચુ સુખ તથા સુમેળ ભર્યા જીવનનો સુખદ અનુભવ કરાવતી સહજ, સરળ, બિન સાંપ્રદાયિક સ્વાનુભવના આધારે જીવન જીવવાની અદ્ભૂત કળા શિખવવામાં આવે છે. આ શિબિરમાં જોડાવા ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે www.kota.dhamma.org અથવા ૭૮૭૮૭૨૭૨૨૩, ૯૩૨૭૯૨૩૫૪૦નો સંપર્ક કરવો.

## જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૪૨નું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



આંબાભાઈ રવજીભાઈ લીલાનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયુ છે.જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણા થી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૪૨ ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન-સ્કીન ડોનેશન-દેહદાનની વધુ માહિત માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મેહતા ૯૪૨૮૫ ૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યુ છે.









# વોર્ડ નં.૧૩માં યોજાયું સમસ્ત ક્ષત્રિય સમાજનું સ્નેહમિલન

**અબતક, રાજકોટઃ** શહેરના વોર્ડ નં.૧૩માં સમસ્ત ક્ષત્રિય સમાજનું સ્નેહમિલન યોજાયું હતું.જેમાં રાજકોટ સ્ટેટ ઠાકોર સાહેબ માંધાતાસિંહજી, રાજકોટ વિધાનસભા- ૭૦ના લોકપ્રિય ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા , શહેર ભાજપના મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા, કોઠારીયા સ્ટેટ દેવેન્દ્રિસંહ જાડેજા (ટિકુભા), અજીતસિંહ ( ભૂણાવા), હરીચંદ્રસિંહ જાડેજા (માખવડ), રાજદીસિંહ જાડેજા (રાજાભાઈ) વાવડી, કાઠી સમાજના અગ્રણી સુખાભાઈ વાળા, પૂર્વ કોર્પોરેટર સુરેન્દ્રસિંહ વાળા, પૂર્વ કોર્પોરેટર નીતિનભાઈ રામાણી, દિવ્યરાજસિંહ ગોહિલ,અક્ષિતસિંહ જાડેજા, પૃથ્વીસિંહ વાળા તથા સમાજના વિવિધ આગેવાનો તેમજ શહેર તથા વોર્ડના હોદેદારો અને ક્ષત્રિય સમાજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

# વિશ્વ બૌધ્ધિક સંપદા અધિકાર દિવસે શિક્ષકો માટે યોજાશે વિશેષ માર્ગદર્શન સેમિનાર

### પ્રાદેશીક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જીજ્ઞાસુ શિક્ષકોને સત્ર લાભ લેવા અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહનગરપાલિકા અને સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલીત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અન્વયે ગુજકોસ્ટના માર્ગદર્શન હેઠળ સ્થાપના કરવામાં આવી છે. ગુજરાતનાં દરેક જીલ્લા મથકે સ્થપાયેલ આ પ્રકારની લેબનો હેતુ યુવાનો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઉભરતા સંશોધકો અને વૈજ્ઞાનિકો, કુશળ કારીગરો, સ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગ સાહસિકોમાં બૌદ્ધિક સંપત્તિ અધિકાર અને નાવિન્યતા વિશે જાગૃતિ, સર્જનાત્મકતા અને નવીનતા કેળવવાનું છે.

વિશ્વ બૌદ્ધિક સંપદા અધિકાર દિવસે આઈ. પી. આર. સેલ, આત્મીય યુનિવર્સિટી, રાજકોટનાં સંયુક્ત ઉપક્રમે ખાસ શિક્ષકો, અધ્યાપકો, શિક્ષણવીદો અને શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ લોકો માટે એક વિશેષ સત્રનું આયોજન ૨૫ એપ્રિલ શનિવારે બપોરે ૨:૦૦ થી ૪:૦૦ દરમ્યાન આત્મીય યુનિવર્સિટી, ખાતે કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત વિદ્યાપીઠના ભુતપૂર્વ કુલપતિ અને જાણીતા શિક્ષણવીદ અનામિક શાહ દ્વારા આઈપીઆર એકીકૃત અભ્યાસક્રમ અને ભવિષ્યનાં સંશોધકોનું સશક્તિકરણ વિષય પર માર્ગદર્શન આપવામાં આવશે.

વર્ષ ૧૯૭૦માં ૨૬ એપ્રિલે સંયુકત રાષ્ટ્ર ની ૧૫ વિશિષ્ટ એજન્સીઓમાંની એક ''વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠનની રચાના વિશ્વભરમાં બૌદ્ધિક સંપદાને પ્રોત્સાહન અને રક્ષણ આપવા માટે કરવામાં આવેલ હતી. જેની યાદમાં વર્ષ ૨૦૦૦થી દર વર્ષે ૨૬ એપ્રિલે વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ વિશ્વભરમાં ઉજવવામાં આવે છે.

બૌદ્ધિક સંપત્તિ અધિકારો (Intellectual Property Rights - IPR) એટલે કે, પેટન્ટ, કોપિરાઈટ, ટ્રેડમાર્ક, વગેરે તેનું રક્ષણ સુનિશ્ચિત કરે છે. લોકોને બૌદ્ધિક સંપત્તિના યોગ્ય ઉપયોગ દ્વારા, શોધ અને નવીનતામાં માટે પ્રોત્સાહિત કરી, આ અધિકારો દ્વારા સંરક્ષીત કરી, ભૌતિક સંપત્તિ ઉત્પન્ન કરવા માટે પ્રેરિત કરી, રાષ્ટ્રનાં વિકાસમાં યોગદાન આપી શકીએ. રોજીંદા અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓમાં રહેલી બૌદ્ધિક સંપદાને ઓળખી તેને રચનાત્મક રીતે સંશોધન તરફ લઈ જવાનું ઉંડાણપૂર્વક માર્ગદર્શન આ વિશેષ સત્રમાં આપવામાં આવનાર છે જેનો લાભ લેવા શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા સૌને આમંત્રણ છે. આ સત્રમાં મર્યાદિત સંખ્યામાં નિઃશુલ્ક પ્રવેશ હોય ઓનલાઈન રજીસ્ટ્રેશન https://tinyurl.com/WIPDay2026 પર કરાવવા જણાવ્યુ છે.

# ઉમા ખોડલ મહિલા ક્રેડીટ કો.ઓપ. સોસાયટી દ્વારા ગિફ્ટ વિતરણ કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે ઉમા ખોડલ મહિલા ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી. દ્વારા મંડળીના તમામ સભ્યો માટે ભવ્ય ગિફ્ટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમ દરમિયાન આનંદ, ઉત્સાહ અને એકતાનો માહોલ જોવા મળ્યો હતો.

સોસાયટી દ્વારા સભ્યો સાથે સ્નેહબંધ વધુ મજબૂત બને, સભ્યોમાં ઉત્સાહ વધે અને પરસ્પર સહકારની ભાવના વિકસે તેવા હેતુથી આ સુંદર ઉપક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. ગિફ્ટ પ્રાપ્ત કરતા સભ્યોના ચહેરા પર ખુશી અને સંતોષની લાગણી સ્પષ્ટ જોવા મળી હતી. ઉપસ્થિત સભ્યોએ સોસાયટીના આ અનોખા પ્રયાસને ખૂબ બિરદાવ્યો હતો અને ભવિષ્યમાં પણ આવા લોકહિતના કાર્યક્રમો સતત યોજાતા રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

સોસાયટી દ્વારા મહિલાઓના આર્થિક સશક્તિકરણ, સ્વરોજગાર પ્રોત્સાહન અને બચત પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. ખાસ કરીને પગભર થવા માંગતી બહેનોને આર્થિક સહાય અને માર્ગદર્શન આપવામાં આવે છે. ઉપરાંત ઈલેક્ટ્રિક સ્કૂટર, પીંક રીક્ષા ચલાવતી મહિલાઓને રીક્ષા આપવામાં આવવાની યોજના પણ અમલમાં મુકવામાં આવી છે, જે મહિલાઓને આત્મનિર્ભર બનવામાં મદદરૂપ સાબિત થઈ રહી છે.

સોસાયટી દ્વારા માસિક બચત તથા ફિક્સ ડિપોઝીટ, જેવી વિવિધ યોજનાઓ પર આકર્ષક વ્યાજ આપવામાં આવે છે તેમજ સભ્યોને જરૂરિયાત મુજબ સરળ શરતો સાથે લોનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

સોસાયટીમાં દરેક જ્ઞાતિના ભાઈઓ અને બહેનો સભ્ય બની શકશે. સભ્ય ફી રૂ ૧૦ અને શેર પેટે માત્ર રૂા. ૧૦૦૦/- લેવામાં આવે છે. માત્ર રૂા. ૧૫૦૦ આપી મંડળીમાં નવા સભ્ય તરીકે જોડાનાર ભાઈઓ કે બહેનોને રૂા. ૨૯૯૯ કિંમતનું ઓકસીમીટર સંપૂર્ણ મફત આપવામાં આવશે.

સોસાયટીના હોદ્દેદારોએ વધુમાં જણાવ્યું હતું કે સમાજના દરેક વર્ગ સુધી બચત, સહકાર અને આત્મનિર્ભરતાનો સંદેશ પહોંચાડવાનો તેમનો મુખ્ય હેતુ છે. વધુમાં વધુ લોકો આ સહકારી પરિવારમાં જોડાઈ પોતાની અને પરિવારની આર્થિક પ્રગતિનો લાભ લે તેવી અપીલ પણ કરવામાં આવી હતી.

# અનમોલ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ અને અરીહંત ગ્રુપ દ્વારા માટલા વિતરણ



**અબતક, રાજકોટ**

અનમોલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રાજકોટ ખાતે ઘંટેશ્વર વિસ્તારના ૨૫, વારિયામાં ચાલતી હેપ્પી સ્કુલ દ્વારા સમાજ સેવા ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય. હેપ્પી સ્કુલ છેલ્લા કેટલાક વર્ષોથી સમાજ સેવા અને માનવતાના મુલ્યો ને આગળ વધારવા માટે સક્રિય રીતે કાર્યરત છે.સંસ્થા દ્વારા વિવિધ સામાજિક,શૈક્ષણિક અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.જેનાથી સમાજમાં દરેક વર્ગ ને લાભ મળે.

આ સંસ્થા માત્ર વિધાર્થીઓને જ નહિ, પરંતુ સ્લમ વિસ્તારના પરિવારોને પણ સ્વનિર્ભર બનવા માટે વિનામૂલ્યે સીવણ,બ્યુટીપાર્લર, કમ્પ્યુટર જેવા રોજગાર તાલીમ કેન્દ્ર શરુ કર્યા છે.આ સંસ્થા ૫૦ બાળકો થી શરૂ કરીને ઝુંપડપટ્ટી વિસ્તારમાં ઘરે ઘરે જઈ બાલકેન્દ્ર માં ૧૨૦૦ થી વધુ બાળકો ને વિના મુલ્યે શિક્ષણ સાથે સુવિધા પણ આપી રહ્યું છે.

ઉનાળાની તીવ્ર ગરમીમાં ઠંડુ પાણી દરેક સુધી પહોંચાડવું એ જ સાચી માનવ સેવા છે,અને આવી માનવસેવાની પહેલ આ સંસ્થાએ કરી છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જરૂરિયાત મંદ લોકોને ઠંડુ અને શુધ્ધ પાણીની સુવિધા ઉપલબ્ધ કરવાનો હતો. તા ૨૧/૪/૨૦૨૬ ના

હેપ્પી સ્કુલ ના પ્રાંગણ માં માટલા વિતરણ કરવામાં આવ્યું.જેમાં અંદાજીત ૨૦૬૦ થી વધુ જરૂરિયાત મંદ લોકો ને ઠંડુ પાણી મળી રહે તેવી ભાવના સાથે ટ્રસ્ટી વીણાબેન લાડવા તથા હેપ્પી સ્કુલના શિક્ષકો એ સરાહનીય કામગીરી બજાવી.

# એમ્બીવેલી સિટીમાં ધીરગુરૂદેવની પ્રેરણાથી નિઃશુલ્ક દંતયજ્ઞનું આયોજન





**અબતક, રાજકોટ**

ધીરગુરૂદેવના અનુગ્રહથી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના ઉપક્રમે સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી જૈન ભોજનાલય પ્રેરિત આયુર્વેદિક જાલંધર બંધ યોગ પધ્ધતિથી વિનામૂલ્યે એમ્બીવેલી બેસ હોસ્પિટલમાં દંતયજ્ઞ અને બત્રીસી વિતરણના કેમ્પનું ઉદઘાટન માલીનીબેન સંઘવીના હસ્તે કરાયુ હતુ. ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના ડો.મકવાણા, મોનીકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ, સેવા બજાવી દર્દીઓને તપાસી, જરૂરીયાતમંદ વાળાને બત્રીસી અર્પણ કરેલ એમ્બીવેલીના ચીફ જનરલ મેનેજર પ્રશાંતકુમાર સુંદર વ્યવસ્થા કરેલ. તા.૧૮ના રાણપુરમાં જતીનભાઈ અમૃતલાલ શેઠ પ્રેરિત દંત યજ્ઞ યોજાયેલ. ધીરગુરૂદેવની પ્રેરણાથી છેલ્લા ૧૫ મહિનામાં ૫૫ ઉપરાંત દંતયજ્ઞ કેમ્પ દાતાઓનાં સહકારથી સૌરાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રના ગામોમાં યોજાઈ ગયા છે. આ કેમ્પ અનેકને ઉપયોગી બની રહ્યા છે.

# ગૌ આધારિત ઉત્પાદનો દ્વારા સફળતાની કહાની વિષય

GCCI INTEGRATING COWISM





**અબતક, રાજકોટ**

ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ (જીસીસીઆઈ) દ્વારા આયોજિત ગૌકુલમ વિશેષ સંવાદ સિરીઝ અંતર્ગત મહિલા ઉદ્યમિતાની નવી દિશાઃ ગૌ આધારિત ઉત્પાદનો દ્વારા સફળતાની કહાની વિષય પર મિટ્ટી હબની સ્થાપિકા દેવયાની તાંબોલી સાથે સંવાદનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ સંવાદમાં મિટ્ટી હબની સ્થાપિકા દેવયાની તાંબોલીએ પોતાના ૧૦ વર્ષના અનુભવો સાથે ગૌ આધારિત ઉત્પાદનોમાં કરાયેલા નવીન પ્રયોગો વિશે માર્ગદર્શન આપ્યું હતું. ગોમય આધારિત પ્રોડક્ટ્સ જેમ કે રંગોળી, દીવડા, મેટ્સ તેમજ પેટન્ટ પ્રોડક્ટ્સ ગૌમય એક્યુપ્રેશર ફોલ્ડેબલ ગાદલું અને ગૌમય સીટ કવર્સ વિશે માર્ગદર્શન આપ્યું હતું.આ સંવાદ દરમિયાન ગૌ સેવા, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામિણ કલાકારોને રોજગાર ઉપલબ્ધ કરાવવાના મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતોમ સાથે સાથે, **Gau Tech 2026** નો તેમનો અનુભવ, ત્યાં મળેલ પ્રતિસાદ અને નવી શીખ વિશે પણ તેઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

# ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અમૃતસર સુવર્ણ મંદિરમાં ગુરૂ ગ્રંથ સાહેબના દર્શન કરી થયા ધન્ય





જ્યાં દરેક શ્વાસમાં ભક્તિ, અને ક્ષણ ક્ષણ માં સમર્પણ ભાવ છલકાય છે તેવી પાવન અમૃતસર નગરી ના સુવર્ણ મંદિરમાં ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા એ પુનડરીકજી મહારાજ સાથે ગુરુ ગ્રંથ સાહેબ ના દરબારમાં માથું ટેકવી ભક્તિ સભર અહોભાવ વ્યક્ત કર્યો હતો. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા એ જણાવ્યું હતું કે પાવન અમૃતસર નગરી અને સુવર્ણ મંદિરમાં દર્શન માત્રથી પરમાત્મા પ્રત્યેના ભાવ અને અલૌકિક આત્મીય શાંતિનો અનુભવ થાય છે, રમેશભાઈ ઓઝા અને પુનડરીકજીમહારાજ ભાવિકો સાથે ગુરુ ગ્રંથ સાહેબ મંદિરમાં સેવા દર્શન નો લાભ લઈ ધન્ય થયા હતા

## પાટીદાર પટેલ દ્વારા મિલન કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

પાટીદાર પટેલનાં સંતાનો માટે લગ્ન સંબંધી માહિતી વિનામુલ્યે મળશે.મિલન કાર્યક્રમ તા. ૨૦થી ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી ઉચ્ચઅભ્યાસ, ઓછો અભ્યાસ, રીમેરેજ યુવક- યુવતી ભાગ લઈ શકશે. સમય સવારે ૧૦ થી૧૨ પટેલ સમાજ કાર્યાલય કોપર આર્કેડ, વિશ્વેશ્વર મંદિર સામે, મવડી રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

# માર્કેટ યાર્ડમાં ૧૨૦૦થી વધુ વાહનોની એન્ટ્રી સાથે ઘઉં અને લસણના થયા ઢગલા

### જીરૂ, ઘઉં અને લસણની બમ્પર આવક વચ્ચે ચેરમેન જયેશભાઈ બોઘરાના માર્ગદર્શન હેઠળ સુચારૂ રીતે ઉતરાઈની વ્યવસ્થા કરાઈ

**અબતક, રાજકોટ**



રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં આજે તારીખ ૨૩/૦૪/૨૦૨૬, ગુરૂવારના રોજ જણસીઓની વ્યાપક આવક જોવા મળી હતી. યાર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે અંદાજે ૧૨૦૦થી વધુ વાહનો માલ લઈને પહોંચ્યા હતા. જેમાં મુખ્યત્વે ઘઉં અને લસણની આવકે જોર પકડ્યું હતું. માર્કેટ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા, વાઈસ ચેરમેન તથા ડિરેક્ટરઓ સહિતના સ્ટાફ દ્વારા ખેડૂતોને હાલાકી ન પડે તે માટે વાહનોને ક્રમવાર પ્રવેશ આપી ઉતરાઈની સચોટ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

યાર્ડમાં આજે ઘઉંની સૌથી વધુ ૩૭,૦૦૦ મણની આવક નોંધાઈ હતી, જ્યારે લસણની ૧૯,૦૦૦ મણની આવક થવા પામી હતી. મસાલા પાકોમાં જીરૂ ૫,૩૦૦ મણ, મેથી ૫,૦૦૦ મણ અને ક્લોંજી ૪,૩૦૦ મણની આવક સાથે યાર્ડ ધમધમી ઉઠ્યું હતું. આ ઉપરાંત કપાસ ૩,૩૦૦ મણ, મગફળી ૩,૮૦૦ મણ અને તુવેરની ૩,૨૦૦ મણ આવક થઈ હતી. ધાણા, વટાણા અને રાય/રાયડોની આવક પણ નોંધપાત્ર રહી હતી, જેના કારણે યાર્ડમાં વહેલી સવારથી જ ભારે ચહલપહલ જોવા મળી હતી. ખેડૂતોના માલની ઉતરાઈ વ્યવસ્થિત રીતે થાય તે માટે સમગ્ર યાર્ડ પ્રશાસન ખડેપગે રહ્યું હતું.

# ધારાસભ્ય ડો.દર્શિતા શાહ અને પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્ર મિરાણી વચ્ચે બઘડાટી

## સંકલન બેઠકમાં બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી : કાર્યકરોના માન સન્માન જાળવવાની ટકોર કરતા ધારાસભ્ય ગુસ્સે ભરાયા

**અબતક, રાજકોટ**

શહેરના ૧૮ વોર્ડ પૈકી ભાજપ માટે સૌથી સલામત ગણાતા વોર્ડ નં. ૨ માં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહની બીનજરૂરી દખલગીરીના કારણે છાસવારે ડખ્ખા સર્જાય રહ્યા છે. ગઈકાલે ધારાસભ્યએ તોછડાઈ સાથે વર્તન કરતા કાર્યકરોને મોઢે મોઢ એવુ પરખાવી દીધું હતું કે, કામ કરજો નહીંતર તમારુ રાજકારણ પુરુ કરી નાખીશ આ વિવાદ શાંત પડે તે પૂર્વે જ આજે ફરી એકવાર ધારાસભ્યએ પોતાના



સ્વભાવ મુજબ દાદાગીરી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. વોર્ડમાં જનસંપર્ક અને પ્રચાર પૂર્ણ થયા બાદ બપોરે સંકલન બેઠક મળતી હોય છે. વોર્ડ નં. ૨ ની સંકલન બેઠક પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્રભાઈ મીરાણીને ત્યાં મળે છે. આજે પ્રચાર પૂર્ણ થયા બાદ સંકલન બેઠક મળી હતી. આ બેઠક પૂર્ણ થયા બાદ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ પહોંચ્યા હતાં. તેઓએ મારા વિના સંકલન શરૂ જ કેમ થાય તે મામલે ભારે કાગારોળ મચાવી હતી. પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્ર મીરાણીએ એવી ટકોર કરી હતી કે, તમે સંકલન બેઠકમાં સમયસર આવો નહીં અને જ્યારે આવો ત્યારે અમારે નવેસરથી એકડો ઘુટવાનો

### ખર્ચ પ્રશ્ને સંકલનમાં કૌશીક અઢિયા અને દીપાબેન કાચા વચ્ચે પણ જામી

આજે બપોરે મળેલી વોર્ડ નં. ૨ ની સંકલન બેઠકમાં ધારાસભ્ય અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે બોલાચાલી થઈ હતી. બીજી તરફ વોર્ડમાં ચૂંટણી ખર્ચને લઈ વોર્ડના સીનીયર આગેવાન કૌશીકભાઈ અઢિયા અને શહેર ભાજપના ઉપપ્રમુખ દીપાબેન કાચા વચ્ચે પણ જામી પડી હતી. દરમિયાન વોર્ડના વાલી એવા દિનેશભાઈ કારિયાએ સંકલન બેઠકમાં જે ઘટના બની હતી તેની માહિતી ચાર દિવાલની બહાર જવી ન જોઈએ તેવી પણ સુચના આપી હતી.

આ શબ્દના કારણે મામલો વધુ ઉગ્ર બની ગયો હતો. મીરાણીએ એવુ પણ પરખાવી દીધું હતું કે, ચૂંટણીમાં કાર્યકરો કાળી મજુરી કરી રહ્યા છે. આવામાં તેઓનું માન સન્માન જાળવવું જોઈએ.

આ શબ્દ સાંભળી ધારાસભ્ય વધુ ગરમ થઈ ગયા હતાં. તેઓએ સંકલનમાં જોરથી એવું કહ્યું હતુ કે જે કાર્યકરો અને આગેવાનોને ચુંટણીમાં કામ કરવું હોય તે કરે અને જેને રવાના થવું હોય તે રવાના થઈ જાય મને કોઈ ફર્ક પડતો નથી. તેવું કહી તેઓ ધર્મેન્દ્ર મીરાણીના ઘરેથી નિકળી ગયા હતાં. દરમિયાન સંકલનમાં હાજર ચારેય ઉમેદવારો, પૂર્વ કોર્પોરેટરો અને વોર્ડના આગેવાનોએ સમજાવટ કરી તેઓને ફરી બોલાવ્યા હતાં અને નવેસરથી સંકલન બેઠક યોજવાની ફરજ પડી



હતી. ધારાસભ્ય અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે સતત ૧૫ મીનીટ સુધી ઉગ્ર બોલાચાલી થયાનો મેસેજ વોર્ડમાં ફરી વળ્યો હતો. જેના કારણે કાર્યકરોમાં ભારે નારાજગી વ્યાપી જવા પામી છે.

ટિકિટ ફાળવણીમાં પોતાનો હાથ ઉપર રહ્યાનું દેખાતા ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ હવે જાણે બેફામ બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. કાર્યકરો સાથે વર્તન સુધારવા સંદર્ભે શહેર ભાજપ પ્રમુખ માધવ દવે દ્વારા અવાર નવાર સુચના આપવામાં આવી હોવા છતાં તેઓ પોતાના વર્તનમાં કોઈ જ ફેર પડતો નથી જેના કારણે કાર્યકરોનો રોષ આસમાને પહોંચી ગયો છે.

# ઢેબર રોડ પરથી છરીઓ- તલવાર સાથે નીકળેલી ત્રિપુટી ઝડપાઈ

## અગાઉ થયેલી મારામારી બાદ સ્વબચાવ માટે હથિયારો સાથે રાખ્યાનું રટણ

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ શહેર પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. દરમિયાન ભકિતનગર પોલીસે ઢેબર રોડ પરથી ત્રણ શખસોને બે છરી અને તલવાર સહિતના હથિયારો સાથે ઝડપી લીધા હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં આ શખસોને અગાઉ મારામારી થઈ હોય જેથી તેના લીધે સ્વબચાવ માટે હથિયાર સાથે રાખ્યાનુ રટણ કર્યુ હતું. પોલીસે આ હથિયાર કબજે કરી આ ત્રણેય શખસો સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, ભકતિનગર પોલીસ મથકના પીઆઈ જે.ડી.પરમારની રાહબરી હેઠળ પીએસઆઈ જે.જે.ગોહિલ તથા હેડ કોન્સ. મયુરદાન બાટી, કેતનભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન ઢેબર રોડ પર રાણભાભઈની કેબીન ગઢવી દાદાની મઢુલી પાસે જાહેરમાં ત્રણ શખસોને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધા હતાં.

પોલીસે આ શખસોની અંગજડતી તેની પાસેથી બે છરી અને એક તલવાર મળી આવી હતી. જેથી આ શખસોની અટક કરી તેની પુછતાછ કરતા તેના નામ ભાદા દુલાભાઈ સોલંકી(ઉ.વ. ૪૫), ચંદુ બાલાભાઈ ચુડાસમા(ઉ.વ. ૫૯) અને વિકી સુરેશભાઈ સોલંકી(ઉ.વ. ૨૬ રહે. બધા ઢેબર કોલોની મફતીયાપરા ઝુપડપટ્ટી ઢેબર રોડ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ હથિયાર કબજે કરી આ શખસો સામે જીપીએકટની કલમ ૧૩૫(૧) અને બીએનએસની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, આ શખસોને અગાઉ કેટલાક શખસો સાથે મારમારીનો બનાવ બન્યો હોય જેથી સ્વબચાવ માટે હથિયાર સાથે રાખ્યા હોવાની કબુલાત આપી હતી.

આરોપીઓ પૈકી ભાદા સોલંકી અગાઉ ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકયો હોવાનુ માલુમ પડયું છે.

# તાલુકા પંચાયત કચેરી નજીક ક્રિકેટ સટ્ટો રમતો ભાવેશ વાઘેલા ઝડપાયો

## સર્કિટ હાઉસ પાસે ઓનલાઈન આઈડી મારફતે નસીબ અજમાવતો અજય ડોડીયા ઝબ્બે: ક્રાઈમ બ્રાન્ચ અને પીસીબીની કામગીરી

**અબતક રાજકોટ**

શહેરની તાલુકા પંચાયત કચેરી પાસે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો ભાવેશ વાઘેલાને ક્રાઈમ બ્રાન્ચે અને શારદા બાગ સર્કિટ હાઉસ પાસે ઓનલાઈન આઈડી મારફત સટ્ટો રમતો અજય ડોડીયાને પીસીબીની ટીમે ઝડપી લીધો છે.

હાલમાં આઈપીએલ ક્રિકેટ મેચ ચાલુ છે ત્યારે જાણે ક્રિકેટ મેચ પર સટ્ટા રમવાની સીઝન ખુલ્લી હોય તેમ પંટરો અને બૂકીઓ મેદાનમાં ઉતરી ગયા છે. સામે પોલીસ તંત્ર પણ તેઓ પર નજર રાખી રહી છે. ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે, જામનગર રોડ નજીક આવેલી તાલુકા પંચાયત ઓફિસ પાસે જાહેરમાં એક શખ્સ તેના મોબાઈલમાં ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમી રહ્યો છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ તુર્ત જ તાલુકા પંચાયત ઓફિસ પાસે પહોંચી માહિતી મેળવેલા શખ્સનો મોબાઈલ કબ્જે કરી ચેક કરતા મોબાઈલમાં વર્લ્ડ ૭૭૭ ઓનલાઈન આઈડીમાં લખનઉ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ પર જુગાર રમતો માલૂમ પડ્યું હતું. પોલીસે યુનિવર્સિટી રોડ પર આવેલા વસંત માર્વેલમાં રહેતો અને ડિજિટલ માર્કેટિંગનો ધંધો કરતો ભાવેશ નંદલાલભાઈ વાઘેલા નામના શખ્સને રૂ.૪૦ હજારના મોબાઈલ સાથે ધરપકડ કરી છે. આ દરોડાની કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ વી ડી ડોડીયા,હેડ કોન્સ્ટેબલ પ્રદીપસિંહ જાડેજા અને રાહુલભાઈ ગોહેલ સહિતના સ્ટાફે બજાવી છે.

જયારે પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે, શારદા બાગ સર્કિટ હાઉસ પાસે એક શખ્સ ઓનલાઈન આઈડી મારફતે ક્રિકેટ સટ્ટો રમી રહ્યો છે. પીસીબીની ટીમ સર્કિટ હાઉસ પાસે પહોંચી માહિતી મેળલા શખ્સ પાસેથી મોબાઈલ જપ્ત કરી તપાસ કરતા તે મોબાઈલમાં ઓનલાઈન ફાઈટર૯.કોમ નામની આઈડી પર લખનઉ અને રાજસ્થાન વચ્ચે ચાલતા ક્રિકેટ મેચ પર રનફેરના સોદા કરતો હતો. પીસીબીની ટીમે મવડી મેઈન રોડ પર આવેલી શ્રીનાથજી સોસાયટીમાં રહેતો અજય રાજુભાઈ ડોડીયાની ધરપકડ કરી છે. પોલીસે અજયની પૂછપરછ કરતા તેની પાસે મોબાઈલ નંબર મળ્યો છે જેમાં તે ઓનલાઈન સટ્ટો રમતો હોવાનું જણાવ્યું છે. દરોડાની કામગીરી પીસીબી પીએસઆઈ આર કે જાડેજા, પી.બી ત્રાજિયા, એએસઆઈ મયુરભાઈ પાલરીયા, કોન્સ્ટેબલ નગીનભાઈ ડાંગર અને હિરેનભાઈ સોલંકી સહિતના સ્ટાફે બજાવી છે.

# સોમનાથ સ્વાભિમાન પર્વમાં વિશેષ ટ્રેનમાં ઉત્તરપ્રદેશના ૧૦૦૦ શ્રધ્ધાળુઓનું આગમન





## યાત્રાળુએ પ્રથમ દિવસે મહાદેવ દર્શન, જળાભિષેક, થ્રીડી લાઈટ એન્ડ સાઉન્ડ શોનો લીધો લ્હાવો

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરના ગત ૧૦૦૦ વર્ષના વિસર્જન અને સર્જનની અદભુત શૌર્યગાથાને વર્તમાનમાં 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ના રૂપે અત્યંત હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી રહી છે. આ પવિત્ર અવસરે ઉત્તરપ્રદેશથી ૧૦૦૦ થી વધુ શ્રદ્ધાળુઓને લઈને પ્રસ્થાન થયેલી એક વિશેષ ટ્રેન ત્રિ-દિવસીય પ્રવાસ માટે પવિત્ર સોમનાથ તીર્થ ખાતે આવી પહોંચી છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ તમામ ભાવિક ભકતોનું શ્રી સોમનાથ મંદિર પરિસરમાં ચંદન તિલક અને ઉપવસ્ત્ર અર્પણ કરીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભકતોને સન્માનપૂર્વક દર્શન માટે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં પ્રત્યેક ભક્ત માટે જલાભિષેકની અલાયદી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આટલી વિશાળ સંખ્યામાં પધારેલા ભકતોને ભગવાન સોમનાથની સાયંકાળની આરતીના સુંદર દર્શન થઈ શકે તે હેતુથી, મંદિર પરિસરમાં આવેલા લાઈટ એન્ડ સાઉન્ડ શો પેવેલિયનમાં વિશાળ એલઈડી સ્ક્રીન પર લાઈવ આરતીનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. આરતી બાદ ભકતોએ શ્રી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી નિમિત્તે તૈયાર કરાયેલ વિશેષ ગીત અને ડોક્યુમેન્ટ્રી નિહાળી હતી. શ્રી સોમનાથ મંદિરનો યુગ-યુગાંતરનો ગૌરવશાળી ઈતિહાસ દર્શાવતો થ્રીડી લાઈટ એન્ડ સાઉન્ડ શો નિહાળીને સૌ ભકતો ભાવવિભોર થઈ ગયા હતા. ભકતોના આ આધ્યાત્મિક પ્રવાસને વધુ પવિત્ર અને યાદગાર બનાવવા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સૌને પ્રસાદ, લઘુયજ્ઞ કીટ અને સોમગંગા નિર્માલ્ય જળ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ત્રિ-દિવસીય પ્રવાસ દરમિયાન ઉત્તરપ્રદેશના ભકતો ભાલકા તીર્થ, ભીડભંજન મહાદેવ, બાણગંગા, રામ મંદિર, ગોલોકધામ તીર્થ, પ્રોમોનેડ વોક વે અને ત્રિવેણી સંગમ સહિતના પવિત્ર સ્થાનો પર દર્શનાર્થે જશે.

# તેરા તુજકો અર્પણ: ૧૦ તોલાના દાગીના મૂળ માલિકને પરત કરતી આજી ડેમ પોલીસ



**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં આજીડેમ વિસ્તાર માં થયેલ ૧૦ તોલા ના ચોરી ના ગુનાનો ભેદ ઉકેલી આજીડેમ પોલીસ દ્વારા મૂળ માલિક પરત કર્યા હતા .આ અંગે મળતી માહિતી મુજબ આજીડેમ વિસ્તાર માં થોડા દિવસ પૂર્વ થયેલ રૂ ૧૦,૮૦,૦૦૦ ના કિંમતના સોનાના ૧૦ તોલાના દાગીનાની ચોરીનો ગુનો આજીડેમ પોલીસ સ્ટેશન માં નોંધાયેલ જે ગુનામાં આરોપી પાસે ઝપ્ત કરાયેલ સોનાના દાગીના મૂળ માલિક ને આજીડેમ પોલીસની ટીમ દ્વારા પરત કર્યા હતા આ કામગીરીમાં પીઆઈ એચ.એન.પટેલ, પીએસઆઈ એસ.વી.ગોહિલ સહિત ના ઓ એ તેરા તુજકો અર્પણ કાર્યકર્મ હેઠળ કામગીરીની ફરજ બજાવેલ હતી

# સરપંચ- તલાટી મંત્રીને ધમકી આપી ખંડણી માગનાર કથિત પત્રકાર ઝડપાયો

## આરટીઆઇ હેઠળ કરેલી અરજી મુદ્દે ઉપલેટાના ખારચીયાના સરપંચ સાથે સમાધાન પેટે રૂ.૨ લાખ માંગ્યા, એસીબીમાં ફરીયાદની ધમકી આપી' તી

**અબતક,રાજકોટ**

ઉપલેટાના ખારચીયા ગામના સરપંચ અને તલાટી મંત્રીને ખૂનની ધમકી આપી ખંડણી માંગનાર આરટીઆઇ એક્ટિવિસ્ટ કમ કથિત પત્રકાર આશિષ લાલકીયાને પોલીસે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે ઉપલેટાના ખારચિયા (શહીદ) ગામે રહેતાં બોદુભાઈ દોપુભાઈ મથુપૌત્રા (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ખારચીયા (શહીદ) ગામના સરપંચ તરીકે વર્ષ ૨૦૨૧ થી સેવા આપે છે. છ મહિના પહેલા ગામના દબાણ બાબતના પ્રશ્નોને લઈ ઉપલેટાના આશિષ લાલકીયા ગામમાં આવ્યો હતો ત્યારે ગામના તથા પંચાયતના ફોટા પાડીને જતો રહેલા હતો. એકાદ મહિના પછી આ આશિષ લાલકીયાએ ગ્રામ પંચાયતમાં આર.ટી.આઈ.ની અરજી કરેલ જેમાં તેને ગ્રામ પંચાયતના રેકર્ડની માંગણી કરી હતી.

આશિષ લાલકીયા ગ્રામ પંચાયત ખાતેથી રેકર્ડ તપાસણી કરીને જતો રહેલ બાદ કચેરી રેકર્ડ તપાસણી વખતે અમુક રેકર્ડના ફોટા પાડી ગયેલ હતો, જે ફોટા જોડીને આ આશિષ લાલકીયાએ ગ્રામ પંચાયત વિરુદ્ધ ટીડીઓ રાજકોટ તથા તાલુકા પંચાયત કચેરી ઉપલેટા અને ગ્રામ પંચાયતમાં પણ અરજીની નકલ મોકલેલ હતી. અવારનવાર માનસિક ત્રાસ આપતો હોય જેથી દસેક દિવસ પછી તેનો કોન્ટેક કરેલ તો કહેલ કે, તમે ઉપલેટા આવો આપણે સમાધાન કરી લઈએ તેમ કહી ઉપલેટા સર્કીટ હાઉસ બોલાવેલ હતો.

બાદમાં આશિષે કહ્યું હતું કે, તમારા ગામની મેટર પુરી કરવી હોય તો તમારે મારી સાથે સમાધાન કરી લેવું પડશે અને સમાધાન પેટે તમારે મને ૨ લાખ રૂપિયા આપવા પડશે. જો તમે મને રૂ.૨ લાખ રૂપિયા નહિ આપો તો હું તમને તથા તમારા ગામના તલાટી મંત્રીને સસ્પેન્ડ કરાવી નાખીશ. આ બનવાને લઈ ઉપલેટા પોલીસ મથકના પીઆઈ એચ.એમ.ધાધલ તથા ટીમે તપાસ હાથ ધરી આશિષ અશોકભાઈ લાલકીયાને ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી. આરોપી આશિષ સામે મહિલાની પજવણી સહિતના ગુના નોંધાઈ ચૂકયા છે.

# ચારણ સમઢિયાળાના બુટલેગરની પાસા હેઠળ અટકાયત

## કૃપાલસિંહ પરમારને અમદાવાદ જિલ્લા જેલ ખાતે ધકેલાયો

**અબતક રાજકોટ**

જેતપુર તાલુકાના ચારણ સમઢીયાળા ગામે રહેતો બુટલેગર કૃપાલસિંહ દિલુભા પરમાર અવારનવાર ગુનાની ટેવ ધરાવતો હોવાથી એલસીબી અને જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી વોરંટ બજવણી થી અટકાયત કરી અમદાવાદ જિલ્લા જેલ ખાતે ધકેલી દેવાયા હતો આ અંગે મળતી માહિતી મુજબ રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાયની સૂચનાથી સ્થાનિક સ્વરાજની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાઈ તે માટે એસ.પી. વિજયસિંહ ગુર્જરએ ગુનાખોરી અટકવા, બુટલેગર અસમાજિક પ્રવુતિ સંડોવાયેલ શખ્શો વિરુધ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરવા સૂચના અન્વયે એલસીબી દ્વારા ગુનાકીય ઈતિહાસ ચેક કરતા જેતપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ૫ ગુના ધ્યાને લેતા જેતપુર તાલુકાના ચારણ સમઢીયાળા ગામે રહેતો બુટલેગર કૃપાલસિંહ દિલુભા પરમાર કૃપાલસિંહ વિરુદ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ ને મોકલતા મેજિસ્ટ્રેટ દ્વારા પાસાની મંજૂરી ની મહોર મારતા વોરંટ ની બજવણી કરી આરોપી કૃપાલસિંહ ને અટકાયત કરી અમદાવાદ જિલ્લા જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો હતો આ કામગીરીમાં એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા, એ.એસ.આઈ બાલકૃષ્ણભાઈ, જેતપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એમએલ આહીર એ.એસ.આઈ જાંબુકિયા સહિત કામગીરી માં ફરજ બનાવેલ હતી

# જેતપુરમાં નવનિર્મિત 'વ્રજવિલાસ મોટી હવેલી'માં મદનમોહન પ્રભુનો દિવ્ય પાટોત્સવ અને કુનવારા મહોત્સવ

## બાવન સમિતિઓ દ્વારા તડામાર તૈયારીઓ: ૩ મેના ભવ્ય શોભાયાત્રા, રાસલીલા અને નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન

**અબતક, કરણ બારોટ, જેતપુર**

જેતપુર શહેર અને સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ માટે જાણે સોનાનો સૂરજ ઊગ્યો હોય તેવો હર્ષોલ્લાસ અને આનંદી માહોલ છવાયો છે. મદનમોહન પ્રભુ અને અખંડ ભૂમંડલાચાર્ય વલ્લભાચાર્યજીની અસીમ કૃપા તેમજ નિત્યલીલાસ્થ વ્રજભૂષણલાલજી મહારાજશ્રીના આશીર્વાદથી, જેતપુરમાં નવનિર્મિત 'વ્રજવિલાસ મોટી હવેલી' ખાતે ભવ્ય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજ્ય પાદ બાલકૃષ્ણલાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને અને પૂજ્ય જેજે પ્રિયાંકરાયજી મહોદયશ્રીના માર્ગદર્શન હેઠળ આગામી તારીખ ૩-૫-૨૦૨૬, રવિવારના શુભ દિવસે ગુસાઈજીના નિધિ સ્વરૂપ મદનમોહન પ્રભુ નૂતન મંદિરમાં પાટ બિરાજી વૈષ્ણવો પર કૃપા વરસાવશે.

આ મહોત્સવના પ્રારંભે ૩ મેના રોજ સવારે ૭ થી ૮ કલાકે ગોંડલ ગેટ સ્થિત મોટી હવેલીથી ભવ્ય શોભાયાત્રા નીકળશે. જેમાં મદનમોહન પ્રભુની વરણાગી સાથે હાથી, ઘોડા, રથ, કીર્તન મંડળી, બેન્ડવાજા અને શણગારેલા ગાડાઓ આકર્ષણનું કેન્દ્ર બનશે. પાટોત્સવ સમિતિના પ્રમુખ રાજુભાઈ હિરપરા અને ચેરમેન જયેશભાઈ રાદડિયા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી નવનિર્મિત હવેલીએ સંપન્ન થશે, જ્યાં પ્રભુ રાજભોગના દર્શનમાં બિરાજશે. ૬ દિવસીય આ ભવ્ય આયોજનમાં વિવિધ સાંસ્કૃતિક અને સેવાકીય કાર્યક્રમોની હારમાળા સર્જાશે. જેમાં ૧ મેના રોજ હાલારી રાસ, ૩ થી ૫ મે દરમિયાન રાત્રે વૃંદાવનની વ્રજ મંડળી દ્વારા ભવ્ય રાસલીલાનું આયોજન કરવામાં આવ્યું છે. સેવાના કાર્ય તરીકે ૪ મેના રોજ સવારે ૯ વાગ્યે સિનર્જી હોસ્પિટલના સહયોગથી નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે, જેનું ઉદ્ઘાટન પૂજ્ય જેજેના હસ્તે થશે. મહોત્સવના અંતિમ દિવસે ૬ મેના રોજ આશીર્વાદ સમારોહ સાથે પૂર્ણાહુતિ થશે. બહારગામથી આવતા વૈષ્ણવો માટે રહેવા તથા પ્રસાદની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમગ્ર મહોત્સવને સફળ બનાવવા બાવન જેટલી સમિતિઓ રાત-દિવસ જહેમત ઉઠાવી રહી છે.


# ચૂંટણી પૂર્ણ થતા જ બોર્ડના પરિણામો જાહેર કરાશે

## મેના પ્રથમ સપ્તાહમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ જયારે મધ્યમાં ધો.૧૦નું પરિણામ જાહેર કરાય તેવી સંભાવના

**અબતક, રાજકોટ**

ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થતાં જ હવે લાખો વિદ્યાર્થીઓ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે તેવા ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાના પરિણામો જાહેર કરવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી દિવસોમાં પરિણામોની તારીખ જાહેર કરવામાં આવી શકે છે.ચાલુ વર્ષે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે પરિણામોમાં થોડો વિલંબ થયો હોવાનું મનાય છે. જોકે, શિક્ષણ વિભાગે અગાઉથી જ મૂલ્યાંકન (પેપર ચેકિંગ) ની કામગીરી પૂર્ણ કરી લીધી હતી.સામાન્ય રીતે બોર્ડ દ્વારા સૌ પ્રથમ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ નું પરિણામ જાહેર કરવામાં આવે છે, ત્યારબાદ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને છેલ્લે ધોરણ ૧૦નું પરિણામ જાહેર થાય છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, મે મહિનાના બીજા અથવા ત્રીજા સપ્તાહ દરમિયાન પરિણામો જાહેર થવાની પ્રબળ શકયતા છે.ચૂંટણીની આચારસંહિતા અને વહીવટી પ્રક્રિયાઓને ધ્યાનમાં રાખીને બોર્ડ દ્વારા પરિણામ તૈયાર રાખવામાં આવ્યું છે. હવે માત્ર સત્તાવાર જાહેરાતની જ રાહ જોવાઈ રહી છે.ઓનલાઈન પરિણામ જાહેર થયાના અંદાજે ૭ થી ૧૦ દિવસ બાદ શાળાઓમાંથી અસલ માર્કશીટ વિતરણ કરવામાં આવશે.જો કોઈ વિદ્યાર્થીને પોતાના ગુણથી સંતોષ ન હોય, તો પરિણામ જાહેર થયાના થોડા દિવસોમાં જ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.એક કે બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જૂન-જુલાઈમાં પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

# ‘‘વૈદ્ય, વેદ સ્વરૂપ અને વેદ પુરૂષ શિવ છે’’: પૂ. મોરારિબાપુ



## પાલીતાણાની કૈલાસ ટેકરી પર ‘માનસ શિવ સંકલ્પ’ રામકથાની અમૃતધારાઃ રામકથાના છઠ્ઠા દિવસે ‘અગોચર અટારા’ પુસ્તકનું વિમોચન સંવેદના ગુમાવી રહેલા સમાજમાં વ્યાસપીઠ સંજીવની સમાન







**અબતક, અંકુર મહેતા, પાલિતાણા**

પાલીતાણા પાસે કૈલાસ ટેકરી સગાપરા ધારના પવિત્ર સ્થાન પર પૂજ્ય મોરારિબાપુના વ્યાસાસને ચાલી રહેલી રામકથા 'માનસ શિવ સંકલ્પ' આજે છઠ્ઠા દિવસે ભાવભક્તિ સાથે સંપન્ન થઈ હતી. પૂજ્ય બાપુએ વ્યાસપીઠ પરથી કથા મહિમા વર્ણવતા જણાવ્યું હતું કે, જ્યારે વર્તમાન સમાજ સંવેદના અને સહિષ્ણુતા ગુમાવી રહ્યો છે ત્યારે વ્યાસપીઠ સમાજને જોડવાનું મોટું કામ કરી રહી છે.

કથા દરમિયાન પૂજ્ય બાપુએ સંકલ્પ અને મનોરથ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતા કહ્યું કે, ‘‘સંકલ્પમાં અહંકાર તત્ત્વ હોઈ શકે છે, જે કદાચ ન પણ નિભાવી શકાય, પરંતુ મનોરથ યોગ્ય છે. પરમ તત્ત્વને પામવા માટે પવિત્ર મનોરથ કામ લાગે છે.‘‘ આ પ્રસંગે શ્રી વિજયગીરીબાપુના જીવન આધારિત પુસ્તક ‘‘અગોચર અટારા‘‘ (સંપાદક વસંતભાઈ બારોટ)નું મોરારિબાપુના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. પૂજ્ય બાપુએ કથાના ક્રમમાં શિવ-પાર્વતી સંવાદ અને સતીના સંદેહના પ્રસંગોનું નિરૂપણ કર્યું હતું અને જાહેર કર્યું હતું કે આગામી ૨ મે થી શુકતાલ ખાતે યોજાનારી કથાનું શીર્ષક 'માનસ શુકદેવ' રહેશે. આવતીકાલે કથામાં રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

આ પ્રસંગે જૈન મુનિ. હાર્દિક રત્નસુરિશ્વરજી મહારાજ, અમદાવાદના દિલીપદાસજી મહારાજ,. ઝીણારામજી મહારાજ, રમજુબાપુ, . આત્માનંદ સરસ્વતીજી, રાજેન્દ્રદાસજી મહારાજ સહિતના સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, મહેન્દ્રસિંહ સરવૈયા, નાગજીભાઈ પટેલ, ગોપાલભાઈ વાઘેલા તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ભાવિકોએ કથાશ્રવણનો લાભ લીધો હતો.

# પાલીતાણાઃ રામકથામાં શ્રોતાના સોનાના ચેનની ચોરી કરનાર મહેમદાબાદની ગેંગ ઝડપાઇ

## ૨૪ જેટલા ગુનામા પોલીસ ચોપડે ચડી ચૂકેલ ૪ મહિલા સહિત ૮ની ધરપકડ, રૂ૩૧૮૬૦૦૦નો મુદ્દામાલ કબજે



**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

પાલીતાણા તાલુકાનું સગાપરા ગામની ધાર પર કૈલાશ ટેકરી આશ્રમ ખાતે આયોજિત રામકથામાંથી થયેલ સોનાના ચેન નો ચોરીનો ભેદ ઉકેલ પાલીતાણા પોલીસે મહેમદાબાદ ની ગેંગના સાગરીતો ને ઝડપી પાડી રૂપિયા ૧,૮૬,૦૦૦ ની કિંમત નો ૧૭.૩૦૦ તોલાનો સોનાનો ચેન કબજે કરેલ હતો. આ અંગે મળતી માહિતી મુજબ ભાવનગર રેન્જ આઈ.જી રાજેન્દ્ર અન્સારી એસ.પી નિતેશ પાંડે દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સખત પેટ્રોલિંગ અને ગુનાખોરી અટકાવવા સૂચના આપેલ જે અન્વયે પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સગાપરા ગામની ધાર પર કૈલાશ ટેકરી આશ્રમ ખાતે રામકથામાં થયેલ સોનાની ચેન ની ચોરીનો ભેદ ઉકેલવા પેટ્રોલિયમમાં હતા એ દરમિયાન બાતમી આધારે ભોજનાલય ખાતે પાસેથી આરોપી અમદાવાદના વાટવા રહેતો મોસીનખાન હસનખાન પઠાણ ને ઝડપી પાડેલ અને રૂપિયા ૧,૮૬,૦૦૦ નો સોનાના ચેનનો મુદ્દામાલ કબજે કરેલ તેમજ વધુ તપાસ કરતા મહેમદાબાદની ગેંગ નો સાગરિત વડોદરા રહેતી પૂજા અજીત દેવીપુજક, કાજલ કલ્લુ દેવીપુજક, રેખા રાજુ દેવીપુજક, કલુ પોપટ દેવીપુજક,મહેમદાબાદ રહેતી લક્ષ્મી અજીત ઠાકોર, ગોવિંદ રાયસીંગ દત્તાણી, રૂપેશ શંકર ઠાકોર, સહિતની ગેંગને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ મહેમદાબાદ ની ગેંગ ના સાગરીતો વિરુદ્ધ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૨૪ થી વધુ ગુનાઓ નોંધાયેલ છે આ કામગીરીમાં પીઆઈ એમ બી જાડેજા, પીએસઆઇ ડી આર રાણા, એસ આઈ વી એ બરાડ, આર બી કોતર, હેડ કોન્સ્ટેબલ વીએમ મકવાણા સહિતના સ્ટાફે ફરજ બજાવી હતી.



### રામકથામા શંકાસ્પદ વ્યકિત અંગે પોલીસને જાણ કરવી

સગાપરા ધાર ખાતે મોરારી બાપુની રામકથાનું શ્રવણ કરવા આવતા તમામ ભાવીક ભક્તોને તમારી આસપાસ કોઈ શંકાસ્પદ વસ્તુ કે વ્યકિત મળી આવે તો રામકથા ખાતે આવેલ પોલીસ કન્ટ્રોલ રૂમ , કાર્યાલય ખાતે અથવા પાલીતાણા રૂરલ પો.સ્ટે. ફોન નં. ૬૩૫૯૬૨૬૨૭૧ તાત્કાલીક જાણ કરવી અપીલ કરવામાં આવી છે.

# વીરાયતનના પ્રણેતા અને પદ્મશ્રી આચાર્ય ચંદનાજી મહા સતી કાળધર્મ પામ્યાં

## ધીરગુરુદેવે ભાવપૂર્ણ ગુણાંજલિ અર્પણ કરીઃ સેવા અને શિક્ષણના પર્યાય સમાન પૂ.ચંદનાજીએ પૂનામાં અંતિમ શ્વાસ લીધાઃ કાલે અંતિમયાત્રાઃ બિહારથી કચ્છ સુધીના સેવાકીય સામ્રાજ્યમાં શોકનું મોજું



**અબતક, રાજકોટ**

વીરાયતન સંસ્થાના સ્થાપક, માનવસેવાના મસીહા અને ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી સન્માનિત પરમ પૂજ્ય મહાસાધ્વી આચાર્ય ચંદનાજી તારીખ ૨૨-૦૪-૨૦૨૬ના રોજ સવારે ૧૦:૧૫ કલાકે પૂના મુકામે ૮૯ વર્ષની વયે કાળધર્મ પામ્યા છે. તેમના નિધનના સમાચારથી સમગ્ર જૈન સમાજ અને સેવાકીય જગતમાં ઊંડો શોક વ્યાપી ગયો છે. એમ્બી વેલી ખાતે બિરાજિત પૂજ્ય શ્રી ધીરગુરુદેવે આ મહાન સેવાભાવી આત્માને યાદ કરી ભાવભરી ગુણાંજલિ અર્પણ કરી છે.

પૂનાના ચાસ્કમાન ગામે જન્મેલા શકુંતલાબેને માત્ર ૧૪ વર્ષની વયે પૂ. આનંદઋષિજી મહારાજ પાસેથી દીક્ષા અંગીકાર કરી સાધ્વી ચંદનાજી બન્યા હતા. ૧૨ વર્ષના કઠિન મૌન બાદ તેઓ પૂ. અમરમુનિજી મ.સા.ની પરંપરામાં જોડાયા અને જૈન શાસનના પ્રથમ મહિલા 'આચાર્ય' બનવાનું બહુમાન પ્રાપ્ત કર્યું. ૧૯૭૩માં બિહારના રાજગીરમાં 'વીરાયતન' સંસ્થાની સ્થાપના કરી તેમણે ‘‘સેવા, શિક્ષા અને સાધના‘‘નો ત્રિવેણી સંગમ રચ્યો હતો.

પૂ. તાઈમાએ નેત્ર રોગીઓની મફત સેવા, બિહાર અને કચ્છના ભૂકંપ બાદ પુનઃવસન તેમજ પાલીતાણા સહિતના વિસ્તારોમાં ૧૧ જેટલા વિદ્યામંદિરો અને વિદેશોમાં અનેક સેવા કેન્દ્રો દ્વારા હજારોના જીવનમાં ઉજાસ પાથર્યો હતો. તેમનો જીવનમંત્ર હતો કે ‘‘જ્યાં જિનાલય હોય ત્યાં વિદ્યાલય હોવું અનિવાર્ય છે.‘‘ વર્ષ ૨૦૨૨માં ભારત સરકાર દ્વારા તેમને સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મશ્રી' અર્પણ કરવામાં આવ્યું હતું. પૂ. તાઈમાની અંતિમયાત્રા તારીખ ૨૪-૦૪-૨૦૨૬ના રોજ વર્ધમાન પ્રતિષ્ઠાન, પૂનાથી નીકળશે. તેમના દેહવિલયથી શાસન અને સમાજે એક પ્રકાંડ વિદુષી અને કરુણામૂર્તિ ગુરુણી ગુમાવ્યા છે.

## (પહેલા પાનાનું ચાલું)

### મતદાન...

થાય છે.દરમિયાન, પશ્ચિમ બંગાળમાં, પ્રથમ તબક્કામાં ૧૬ જિલ્લાઓની ૧૫૨ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે, જ્યાં તૃણમૂલ કોંગ્રેસ, ભારતીય જનતા પાર્ટી અને ડાબેરી-કોંગ્રેસ ગઠબંધન વચ્ચે ત્રિ-માર્ગીય સ્પર્ધા ચાલી રહી છે. દક્ષિણ ભારતના મહત્વના રાજ્ય એવા તમિલનાડુમાં મુખ્યત્વે શાસક પક્ષ ડીએમકેના નેતૃત્વવાળા સેક્યુલર પ્રોગ્રેસિવ એલાયન્સ તથા એઆઈએડીએમકે ના નેતૃત્વવાળા એનડીએના ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. ભાજપ અને એઆઈએડીએમકેનું ગઠબંધન રાજ્યમાં ૧૫ વર્ષનો સત્તાનો વનવાસ પૂરો કરવા પૂરજોશમાં પ્રયાસ કરી રહ્યાં છે.

રાજ્યના કુલ ૫.૭૩ કરોડ મતદારો ૨૩૪ બેઠકો પર ચૂંટણી લડી રહેલાં ૪,૦૨૩ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ કરશે. મતદાનની પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેની તકેદારી રાખવા મતદાન કેન્દ્રો પર મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત સહિતની ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

બંગાળમાં આ તબક્કામાં આશરે ૩.૬૦ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણી પંચે સુરક્ષા માટે કેન્દ્રીય દળોની ૨,૪૫૦ કંપનીઓ તૈનાત કરી છે. ૨૦૨૧ની ચૂંટણીમાં આ ૧૫૨ બેઠકોમાંથી ભાજપે ૫૯ અને તૃણમૂલ કોંગ્રેસે ૯૩ બેઠકો જીતી હતી. ઉત્તર બંગાળ ભાજપ માટે સત્તાનો પ્રવેશદ્વાર માનવામાં આવે છે, જ્યારે દક્ષિણ બંગાળમાં મમતા બેનર્જીની મજબૂત પકડ છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સૌથી મોટો વિવાદ મતદાર યાદીના સુધારાનો રહ્યો છે. રાજ્યભરમાંથી ૯૧ લાખથી વધુ નામો રદ કરવામાં આવ્યા છે, જેનાથી મતદારોની સંખ્યામાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે.

### ટ્રમ્પ કાર્ડ...

દરિયાઈ માર્ગો પર ટકેલો છે. આ નાકાબંધીને કારણે ઈરાનને દરરોજ આશરે ૩,૬૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. ખોરાક અને દવાઓની તીવ્ર અછત સર્જાય તેવી સ્થિતિ છે.ટ્રમ્પ માટે આ નાકાબંધી ઘરઆંગણે પણ ફાયદાકારક છે. 'વોર પાવર્સ રિઝોલ્યુશન' હેઠળ યુદ્ધ ચાલુ રાખવા માટે સંસદની મંજૂરી લેવી પડે તેમ હતી, પરંતુ નાકાબંધીને આર્થિક પ્રતિબંધોમાં ખપાવીને ટ્રમ્પે સંસદને બાયપાસ કરી દીધી છે. ઈરાન હંમેશા હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાની ધમકી આપીને ક્રૂડ ઓઈલના ભાવ વધારી દેતું હતું. હવે અમેરિકાએ સાબિત કરી દીધું છે કે તેની નૌકાદળ ઈરાનના કિનારા સુધી પહોંચીને તેને લાચાર બનાવી શકે છે.

જોકે, ઈરાને પણ આના જવાબમાં ગઈકાલે બે જહાજો જપ્ત કરીને વળતા પ્રહારના સંકેત આપ્યા છે. હવે જોવાનું એ રહેશે કે ટ્રમ્પનું આ 'ખુલજા સીમ સીમ' ઈરાનને વાટાઘાટોના ટેબલ પર લાવે છે કે પછી પશ્ચિમ એશિયામાં ભયાનક યુદ્ધની જ્વાળાઓ ભડકાવે છે.

### નેટ...

ઈન્ટરનેટ ટ્રાફિક આ રૂટ પર છે. કેબલ કપાતા યુપીઆઈ, બેંકિંગ અને શેરબજારના વ્યવહારો ખોરવાઈ શકે છે. ભારતની ઈઝ નિકાસ અને આઉટસોર્સિંગ સેવાઓ વૈશ્વિક કનેક્ટિવિટી તૂટવાને કારણે અટકી શકે છે.સામાન્ય યુઝર્સ માટે નેટ સ્પીડમાં ભારે ઘટાડો થશે અને ક્લાઉડ સર્વિસ જેમ કે ગૂગલ માઈક્રોસોફ્ટ વાપરવામાં મુશ્કેલી પડશે.

અલ્કાટેલ અને મેટા જેવી કંપનીઓએ આ જોખમને કારણે પહેલેથી જ કામ અટકાવી દીધું છે.ભારતનો લગભગ ૧૭ થી 30 ટકા ઈન્ટરનેટ ટ્રાફિક આ વિસ્તારમાંથી પસાર થાય છે. અત્યારે હાલત એ છે કે મેટા જેવી મોટી કંપનીઓએ આ વિસ્તારમાં નવા કેબલનું કામ અટકાવી દીધું છે અને કેબલ નાખનારા જહાજો પણ દરિયામાં અટવાયા છે.

### ન્યુકિલયર એનર્જી વેસ્ટ...

છે, ત્યારે ફિનલેન્ડનો આ પ્રોજેક્ટ લોકો અને પર્યાવરણને કિરણોત્સર્ગી કચરાથી સુરક્ષિત રાખવા માટે એક ઉત્તમ મોડેલ બની શકે છે.

૧૯૫૦ ના દાયકાથી, વિશ્વભરના પરમાણુ રિએક્ટરોએ વિશાળ માત્રામાં વપરાયેલું ઇંધણ ઉત્પન્ન કર્યું છે. વૈશ્વિક સ્તરે, આ કચરો આશરે ૪૦૦૦૦૦ ટન સુધી પહોંચી ગયો છે, જેમાંથી મોટાભાગનો હાલમાં કૂલિંગ પુલ અને ડ્રાય કાસ્ક જેવી કામચલાઉ સુવિધાઓમાં સંગ્રહિત છે.

આ સિસ્ટમો સલામતી માટે ડિઝાઈન કરવામાં આવી છે, પરંતુ તે કાયમી ઉકેલ નથી. વપરાયેલું પરમાણુ બળતણ હજારો વર્ષો સુધી ખતરનાક રીતે કિરણોત્સર્ગી રહે છે અને તેમાંથી ગરમી અને રેડિયેશન બહાર આવતું રહે છે. તેનું સંચાલન કરવા માટે માનવ આયોજનની ક્ષિતિજથી ઘણી દૂર સુધીના ઉકેલોની જરૂર છે.

ફિનલેન્ડે ડીપ જિયોલોજિકલ રિપોઝીટરી (ઊંડી ભૌગોલિક સંગ્રહસ્થાન) નામનો કાયમી ઉકેલ શોધ્યો છે. ઓન્કાલો નામની આ સુવિધા જમીનની સપાટીથી લગભગ ૪૦૦ થી ૪૫૦ મીટર નીચે આશરે ૧.૯ અબજ વર્ષ જૂના ખડકોમાં આવેલી છે. તેની ડિઝાઈન મલ્ટી-લેયર્ડ સેફ્ટી એપ્રોચ પર આધારિત છે. વપરાયેલા બળતણને પહેલા મેટલ કેનિસ્ટરમાં સીલ કરવામાં આવે છે, જેને પછી કાટ ન લાગે તેવા તાંબાના કેપ્સ્યુલમાં બંધ કરવામાં આવે છે. આ કેપ્સ્યુલને બેન્ટોનાઈટ માટીથી ઘેરી લેવામાં આવે છે, જે ભીની થવા પર ફૂલે છે અને પાણીની હિલચાલને રોકવામાં મદદ કરે છે. આ સમગ્ર માળખું નક્કર ખડકની અંદર જડિત કરવામાં આવ્યું છે, જે કચરા અને જીવાવરણ વચ્ચે બહુવિધ અવરોધો બનાવે છે.

પરમાણુ કાર્યક્રમો ધરાવતા ઘણા દેશો હજુ પણ કાયમી કચરાના નિકાલની સુવિધાઓ બનાવી શક્યા નથી, જ્યારે ફિનલેન્ડની સફળતા રાષ્ટ્રીય નીતિ, આયોજન અને લોકોના વિશ્વાસનું પરિણામ છે. આ પ્લાન્ટમાં ફિનલેન્ડના ૬૫૦૦ ટન જેટલા વપરાયેલા ઇંધણને રાખવાની ક્ષમતા છે.

જ્યારે આ જગ્યા સંપૂર્ણપણે ભરાઈ જશે, ત્યારે ટનલને સીલ કરી દેવામાં આવશે અને તેને કોઈ ખલેલ પહોંચાડી શકશે નહીં. આ સિસ્ટમ કોઈપણ જાળવણી વિના સ્વતંત્ર રીતે કામ કરશે અને કિરણોત્સર્ગી સામગ્રીને સુરક્ષિત રાખશે, જે ભવિષ્યમાં સ્વચ્છ ઊર્જા અને લાંબા ગાળાની સલામતી બંને એકસાથે સુનિશ્ચિત કરશે.

### ખાતરના ભાવ...

થવાના કારણે સપ્લાયમાં મોટો વિક્ષેપ પડ્યો છે, જેના લીધે કેટલાક સ્થાનિક ઉત્પાદકોને ગયા મહિને તેમના પ્લાન્ટ બંધ કરવાની ફરજ પડી હતી. હાલમાં ભારતીય સત્તાધીશો ફોસ્ફેટિક અને નાઈટ્રોજનયુક્ત ખાતરોનો સીધો જથ્થો મેળવવા માટે મુખ્ય ઉત્પાદકો અને નિકાસકારો સાથે વાટાઘાટો કરી રહ્યા છે.

ભારત સરકાર દ્વારા ઊંચા ભાવે યુરિયા ખરીદવાના આ અહેવાલો અંગે ખાતર મંત્રાલયના પ્રવક્તાનો સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ તેમના તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા કે ઈમેલનો જવાબ આપવામાં આવ્યો નથી. સંવેદનશીલ વ્યાપારી માહિતી હોવાથી અધિકારીઓએ નામ ન આપવાની શરતે માહિતી પૂરી પાડી છે.

### આઈટીઆર...

કુલ આવકના ૫૦% આવક તરીકે દર્શાવવાના હોય છે. જો નફો આનાથી ઓછો હોય તો કરદાતાએ ફરજિયાત એકાઉન્ટ્સનું ઓડિટ કરાવવું પડે છે.

ટેક્સ નિષ્ણાતોના મતે, આ નિર્ણય દર્શાવે છે કે આવકવેરા વિભાગ હવે એવા કરદાતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે જેઓ ટેક્સ બચાવવા માટે વાસ્તવિક નફા કરતા ઓછો નફો દર્શાવીને પ્રિઝમ્પ્ટિવ ટેક્સ મિકેનિઝમનો દુરુપયોગ કરે છે. ટેક્સ નિષ્ણાત મુકેશ પટેલે જણાવ્યું હતું કે, આવકવેરા વિભાગ હવે વધુ સતર્ક બન્યું છે અને આ સ્કીમની જોગવાઈઓનો ખોટો ઉપયોગ કરીને થતી ટેક્સ ચોરી પકડવા માંગે છે.

મુકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રથમ વખત છે જ્યારે આવકવેરા વિભાગે પ્રિઝમ્પ્ટિવ ટેક્સ રિટર્નમાં ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીની રોકાણ સંબંધિત વિગતો સીધી રીતે માંગી છે.

આ રોકાણની ઘોષણા દ્વારા ટેક્સ અધિકારીઓ કરદાતાની જાહેર કરેલી આવક અને તેના રોકાણની પેટર્નની સરખામણી કરી શકશે. જેનાથી એવી બાબતો સરળતાથી પકડાશે જ્યાં રિપોર્ટ કરેલી કમાણી કરતા ખર્ચ અથવા સંપત્તિનું સર્જન અપ્રમાણસર હોય.

આ ઉપરાંત, એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ પણ સત્તાવાળાઓને કરદાતાના રોકાણો અને આવકને ક્રોસ-ચેક કરવામાં મદદ કરશે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જો કોઈ કરદાતા આવક છુપાવતા અથવા ખોટી માહિતી આપતા પકડાશે તો તેમને ભારે દંડ ભરવો પડશે.

આવક ખોટી રીતે દર્શાવવા પર ચૂકવવાપાત્ર ટેક્સના ૨૦૦% જેટલો દંડ વસૂલવામાં આવી શકે છે. લાગુ પડતો ટેક્સ, સરચાર્જ અને સેસ મળીને કુલ ૩૯% થાય છે. આથી, મુકેશ પટેલના જણાવ્યા મુજબ એકવાર આવી અઘોષિત આવક પકડાયા પછી, ટેક્સ અને દંડનો કુલ બોજ ખોટી રીતે દર્શાવેલ આવકના ૧૧૭% જેટલો થઈ શકે છે.

## (ચોથા પાનાનું ચાલુ)

### કોટક સ્કૂલ...

અજયભાઈ હિરપરા અને સંજયભાઈ કાકડિયાએ પ્લાસ્ટિકના વધતા ઉપયોગથી વિશ્વ પર તોળાતા જોખમો વિશે માહિતગાર કર્યા હતા. રોટરી કલબના પ્રતિનિધિ કૌશાબેન દોશી દ્વારા ઉપસ્થિત તમામ લોકોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ત્યાગ કરવા માટેના સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા ખીલે તે માટે પર્યાવરણ વિષયક પેઈન્ટિંગ સ્પર્ધાનું પણ આયોજન કરાયું હતું, જેમાં શ્રેષ્ઠ કૃતિઓ રજૂ કરનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

આ પ્રસંગે કામ્યા ટેકસટાઈલના માલિક દિવ્યેશભાઈ સવાલીયા તરફથી પર્યાવરણના જતન માટે તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જૂટ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા યજ્ઞેશ કાપડી, નીરજભાઈ, વિજયભાઈ સહિતના અગ્રણીઓએ જહેમત ઉઠાવી સ્વચ્છતા અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### કોઠારીયા નાકા...

છાસ વિતરણ કરવામાં આવેલ. આ છાસ કેન્દ્રનો ૨૫૦ પરિવાર લાભ લઈ રહેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગરીશભાઈ પરસાણા, કૌશીકભાઈ દવે, પ્રણવભાઈ દવે ના માર્ગદર્શન હેઠળ નિરવ પારેખ, કેવલ પાટડીયા, વિજય ઝાલા, ભરત રાધનપુરા, મોદીભાઈ, રાજુભાઈ મહેતાએ તેમજ સભ્યએ જહેમત ઉઠાવેલ.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** મૂળ ચોટીલાવાળા હાલ રાજકોટ નિવાસી મોઢ વણિક વિનોદરાય દેવચંદભાઈ પારેખના પત્ની કોકિલાબેન (ઉં.વ.૭૩) તે દિપકભાઈ, રૂપાબેન મનોજકુમાર દોશી, અલ્પાબેન પરેશકુમાર વડોદરિયા, જાગૃતિબેન ચિરાગકુમાર શાહ, જુલીબેન કલ્પેશકુમાર ગાંધીના માતા, શિલ્પાબેનના સાસુ, માનસી, મહેક અને નેન્સી કિશન વડોદરિયાના દાદીમાંનું તા.૨૨ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૩ ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન મોઢ વણિક વિદ્યાર્થી ભવન ૫, રજપુતપરા માલવિયા ચોક રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે જ રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. હર્ષદભાઈ દયાળજીભાઈ ગોટેચા ઉ.વ. ૭૯ તે સ્વ. દયાળજીભાઈ અમરશીભાઈ ગોટેચા ના પુત્ર, તે ચિરાગભાઈ, દીપાબેન રીતેશભાઈ પારેખ, પુજાબેન પિયુષભાઈ ગોકાણી ના પિતા, બીનાબેન, પિયુષભાઈ હિતેશભાઈ ગોકાણી, સ્વ. રીતેશભાઈ અનીલભાઈ પારેખ, ના સસરા યાત્રીના દાદા, શુભમ રીતેશભાઈ પારેખ, જીયા પિયુષભાઈ ગોકાણીના નાના, મહેન્દ્રભાઈ જગદીશ સાડી, જીતેન્દ્રભાઈ ચિત્રનગરી, ઈન્દુબેન, જયોત્સનાબેન રાજવેદ, શોભનાબેન ગણાત્રા, સ્વ. હંસાબેન ખીરેયાના ભાઈ સ્વ. વજલાલભાઈ કોટકના જમાઈ, ચેતનભાઈ શીવલાલભાઈ ચતવાણી ના વેવાઈ નું તા- ૨૦-૦૪-૨૦૨૬ સોમવારના અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા અને સશુર પક્ષની સાદડી તા.૨૪ શુક્રવાર ના સાંજે ૫થી૬ પંચનાથ મહાદેવ મંદીર લીમડા ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** કારડીયા રાજપૂત સ્વ.અમિત ઉદેસિંહ ચૌહાણ (ઉ.વ.૪૮) તે પ્રીત તથા ક્રિનાના પિતા તથા અલકાબેનના પતિ તથા આર્યસમાજવાળા નટવરસિંહના જમાઈનું ૨૩/૦૪/૨૦૨૬, ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૪/૪/૨૦૨૬ - શુક્રવારના રોજ સાંજે ૫ થી ૭ સરદારનગર કોમ્યુનિટી હોલ, અલકા સોસાયટી મેઈન રોડ, મવડી પ્લોટ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

### વોર્ડ નં.૧માં આવેલા

# ઓસ્કાર સ્કાય પાર્કમાં ભાજપે પ્રવેશ કરવો નહીં: બેનરો લાગ્યા







તસવીરઃ શૈલેષ વાડોલિયા

## વોટ જોઈએ તો કામનો હિસાબ આપો નહીં તો સોસાયટી બહારનો રસ્તો માપો

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની ચૂંટણીના મતદાનના આડે હવે બે દિવસ જ બાકી રહ્યા છે. ત્યારે શહેરના અલગ અલગ વિસ્તારમાંથી પ્રાથમિક સુવિધાના અભાવથી લોકોમાં વિરોધ ઉઠી રહ્યો છે. આજે શહેરના વોર્ડ નં.૧માં ૧૫૦ ફૂટ રીંગરોડ પર અયોધ્યા ચોક પાછળ આવેલા ઓસ્કાર સ્કાય પાર્કમાં ભાજપે પ્રવેશ કરવો નહીં તેવા બેનરો લાગતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. ઓસ્કાર સ્કાય પાર્કમાં વસવાટ કરતા લોકોની મૂખ્ય માંગણી એ છે કે ટીપીના નિયમ મુજબ ૪૦ ફૂટનો રોડ કરવો, સફાઈ કર્મચારીઓ સફાઈ માટે નિયમિત આવતા નથી જે વ્યસસ્થામાં સુધારો કરવો, મોટાભાગની સ્ટ્રીટ લાઈટ બંધ હાલતમાં છે. ચાલુ છે. તેમાં પણ ઓછો પ્રકાશ પડે છે. સોસાયટીના મુખ્ય ગેટ પાસે આવેલા ખૂલ્લા પ્લોટમાં દબાણો છે. જે દૂર કરવા અને રોડની બંને સાઈડ પેવીંગ બ્લોક નાખવા સહિતની માંગણી સાથે આજે સોસાયટીના ગેઈટ પર બેનરો લગાવવામાં આવ્યા હતા કે ઓસ્કાર સ્કાય પાર્કમાં ભાજપે પ્રવેશ કરવો નહીં. વોટ જોઈએ તોકામનો હિસાબ આપો નહી તો સોસાયટી બહારનો રસ્તો માપો.

## મતદારો પોતાનું નામ કોર્પોરેશનની વેબસાઈટ પર જોઈ શકશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬નું મતદાન આગામી તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે, રાજકોટ શહેરમાં રહેતા અને ૧૮ વર્ષ થી વધુ વય ધરાવતાં લોકો પોતાનું નામ મતદાર યાદીમાં જોઈ શકે તે માટે રાજ્ય ચૂંટણી આયોગ-ગાંધીનગર દ્વારા પોતાની વેબસાઈટ sec.gujarat.gov.in પર Search Your Name સિલેક્ટ કરી પોતાના નામની વિગતો અથવા EPIC ચૂંટણી કાર્ડના નંબરની વિગતો દાખલ કરી તેની વિગતો જાણી શકશે તેમજ આ માટેની લિંક મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર પણ મુકવામાં આવેલ છે. આ સુવિધાનો લાભ રાજકોટના મતદારોને લેવા તેમજ બહોળા પ્રમાણમાં મતદાન કરવા આથી અનુરોધ કરવામાં આવે છે.

## મતદાન કરવા માટે કર્મચારીઓને ત્રણ કલાકની ખાસ રજા આપવી પડશે

**અબતક, રાજકોટ**

મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યક્તિ કોઈપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતી હોય અને અઠવાડિક રજા ચુંટણીનાં દિવસ આગામી રવિવારનાં રોજ ન આવતી તેવા કર્મચારી/કામદાર માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારો ને મતદાન માટે વારાફરતી ત્રણ કલાક ની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખી ને અવેજીમાં/બદલીમાં મતદાન નાં દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુથી વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈઓ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓનાં કામદારો, શ્રમયોગીઓ તથા રોજમદાર છુટક તથા પરચુરણ કામ કરતા તમામ, ગુજરાત દુકાનો અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ ની કલમ ૧૮ હેઠળ મતદાનનાં દિવસે રજા અને વેતન માટે હક્કદાર રહેશે.

## ગર્ભાવસ્થામાં વિપશ્યના ધ્યાનનું મહત્વ વિષયએ કાલે યોજાશે માર્ગદર્શન સેમિનાર

### માતાના ઉદરમાં જ બાળકને બુદ્ધિ સાથે રોગપ્રતિકારક શક્તિ બળવતર બનાવવામાંવિપશ્યના ધ્યાન બને છે ‘‘કારગત’’

**અબતક, રાજકોટ**

ભારતની અત્યંત પૌરાણિક ધ્યાન પદ્ધતિ વિપશ્યના ધ્યાન ગર્ભાવસ્થા સમયે બાળકના ઉછેર વખતે ખૂબ જ ઉપયોગી થાય છે, માતાની અંદરના બધા સંસ્કાર બાળકમાં આવે છે ત્યારે બાળકનું માનસ ૮૦% માતાના ગર્ભમાં જ તૈયાર થાય છે તેવી સ્થિતિમાં વિપશ્યના ધ્યાન સાધના અંતર મનની ઊંડાઈ સુધી રાગ દ્રેસ્ ચિંતા અને સમાપ્ત કરે છે પરિણામે બાળક કરુણા મૈત્રી ક્ષમતા અને બુદ્ધિતા થી જ અવતરે છે.



ગર્ભાવસ્થામાં વિપશ્યના ધ્યાન જ્ઞાનનું મહત્વ અંગે આવતીકાલે તા, ૨૫/ ૪શુક્રવારે સાંજે ૫ થી ૬:૧૫ વાગ્યા સુધી જૂના એરપોર્ટ રોડ સ્વામિનારાયણ મંદિર વાળી શેરીમાં ભાભા કુપા ઉગીત ગુજરી સોસાયટી ખાતે ગર્ભાવસ્થામાં વિપસ્યના ધ્યાન નું મહત્વ અંગે માર્ગદર્શન સેમીનાર નું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં ગર્ભવતી મહિલાઓ, ગર્ભવતી મહિલાના કુટુંબીજનો, બેબી પ્લાનિંગ ઈચ્છનાર બહેનો ,યુગલો. અને પરણવા લાયક દીકરીઓ આ શિબિર નો લાભ લઈ શકશે.

વિપશ્યના ધ્યાન અંતર મન સાથે કનેકટેડ સાધના છે તે અંતરમણની સિદ્ધિ અને વ્યક્તિ વિકાસ માટે ઉપયોગી છે ગર્ભવતી માતાને પણ આ સાધના ઉપયોગી છે કારણ કે એક બાળક માતાના ઉદર સાથે જોડાયેલું હોય છે અને બાળકને આવતા ૯૯ વર્ષ સુધી માતાના આપી શકે તેવા ગર્ભાવસ્થામાં સંસ્કાર વિપસ્યના આપી શકશે આ શિબિર નો વધુમાં વધુ માતાઓ લાભ લે તે માટે સૌરાષ્ટ્રની પશ્ચ્યના રિસર્ચ સેન્ટર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે

## રેનોલ ગ્રુપ દ્વારા ફ્યુચ્યુરેડી ઈન્ડિયા મેઈનનું કરાયું લોન્ચીંગ

### ૧૫ વર્ષથી ભારતીય બજારમાં રેનોનો દબદબો

**અબતક, રાજકોટ**

ભારતની એક અઠવાડિયાની મુલાકાત આવેલા રેનો ગ્રુપના સીઈઓ ફ્રાન્કોઈસ પ્રોવોસ્ટે ગયા માર્ચમાં ગ્રુપ દ્વારા રજૂ કરાયેલ ફ્યુચ્યુરેડી વ્યૂહાત્મક યોજનાનો ભારતીય રોલઆઉટ, ફ્યુચ્યુરેડી ઈન્ડિયા રજૂ કર્યું હતું.

નવા વિઝન ફ્યુચ્યુરેડી સાથે રેનો ગ્રુપ એવા ઉચ્ચ ક્ષમતા ધરાવતા અને ઝડપથી વિકસતા બજારો પર ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની આંતરરાષ્ટ્રીય વૃદ્ધિને વેગ આપી રહ્યું છે કે જ્યાં ગ્રુપ પહેલેથી જ મજબૂત પકડ ધરાવે છે. ભારત કે જ્યાં અમે છેલ્લા પંદર વર્ષથી કાર્યરત છીએ તેનું એક ઉત્તમ ઉદાહરણ છેઃ રેનો બ્રાન્ડ હાલમાં જે બજારોમાં સક્રિય છે, તેમાં ભારત એકલુ જ વૃદ્ધિની એક તૃતીયાંશથી વધુ ક્ષમતા ધરાવે છે.‘‘

ભારત ફક્ત એક વિકસતું બજાર જ નહીં પણ શ્રેષ્ઠતાના કેન્દ્ર એટલે કે સેન્ટર ઓફ એક્સેલેન્સ અને એક્સપોર્ટ હબ તરીકે પણ ઉભરી આવવા માટે સજ્જ છે.

ત્રીસ વર્ષ અગાઉ રેનો ગ્રુપ એ તેના આંતરરાષ્ટ્રીય વિસ્તરણના પ્રથમ તબક્કાની શરૂઆત કરી હતી. ’ફ્યુચર રેડી’ સાથે અમે અમારી ગ્લોબલ ગ્રોથ સ્ટોરીમાં એક નવા યુગનો પ્રારંભ કરી રહ્યા છીએ - અને ભારત તેનું મુખ્ય કેન્દ્ર હશે તેમ રેનો ગ્રુપના સીઈઓ ફ્રાન્કોઈસ પ્રોવોસ્ટે જણાવ્યું હતું.

ભારતમાં સાત મોડલ્સનો પોર્ટફોલિયો રજૂ કરશું, જે કોમ્પેક્ટ કારથી લઈ મોટી એસયુવી સુધીના તમામ મુખ્ય સેગમેન્ટ્સને આવરી લેશે.આ મોડલ્સમાં સ્ટ્રોંગ હાઈબ્રિડથી લઈને સંપૂર્ણ ઈલેક્ટ્રિક વાહનો સુધીના તમામ પ્રકારના ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેન્સનો સમાવેશ થશે. વર્લ્ડ-ક્લાસ એન્જિનિયરિંગ, સ્પર્ધાત્મક ઉત્પાદન ક્ષમતા અને ઉત્પાદનોના સ્પષ્ટ તેમજ મહત્વાકાંક્ષી રોડમેપનો લાભ ઉઠાવી ભારત રેનો ગ્રુપ માટે લાંબા ગાળાના મૂલ્ય નિર્માણમાં એક મુખ્ય પ્રેરક બળ બનવા સજ્જ છે, તેમ ભારતમાં રેનો ગ્રુપના સીઈઓ સ્ટેફન ડેબ્લેસે જણાવ્યું હતું.

## ત્રિવેણી સંગમ ખાતે નદીમાં વસ્તુઓ પધરાવવા પર પ્રતિબંધ

**અબતક, રાજકોટ**

જિલ્લાના પ્રભાસ પાટણ ખાતે આવેલ ત્રિવેણી સંગમની નદીમાં પૂજા સામગ્રી ચૂંદડી, કાપડ, નાળીયેર, ફૂલો, માટીના વાસણો વિગેરે વસ્તુઓ પધરાવવા તથા પ્લાસ્ટીકની કોથળીઓ, અન્ય પ્લાસ્ટીકની સામગ્રી, રાંધેલ કે કાચી ખાદ્ય સામગ્રી તથા અન્ય કોઈપણ પ્રકારનો ક્ચરો નાંખવા પર પ્રતિબંધ મૂકવા અને ત્રિવેણી સંગમના પાણીમાં માત્ર અને માત્ર અસ્થિ અને પીંડ વિસર્જન કરી શકાશે તે મુજબ અમલવારી કરવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી રાજેશ આલે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

ત્રિવેણી સંગમ ખાતે નદીમાં પુજા સામગ્રી જેવી કે ચૂંદડી, કાપડ, નાળીયેર, ફૂલો, માટીના વાસણો વિગેરે વસ્તુઓ પધરાવવા તથા પ્લાસ્ટીકની કોથળીઓ, અન્ય પ્લાસ્ટીકની સામગ્રી, રાંધેલ કે કાચી ખાદ્ય સામગ્રી તથા અન્ય કોઈપણ પ્રકારનો ક્ચરો નાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વિશેષમાં ત્રિવેણી સંગમના પાણીમાં માત્ર અને માત્ર અસ્થિ અને પિંડ વિસર્જન કરી શકાશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની ક્લમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું તા.૨૬ એપ્રિલથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

## પીએમ મોદી પર ‘‘આતંકવાદી’’ ટીપ્પણી બદલ ખડગેને નોટિસ

### ખડગેએ સ્પષ્ટતા કરી છે કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે અથવા તેનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે

**અબતક રાજકોટ**

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરેલી એક વિવાદાસ્પદ ટિપ્પણીએ હવે કાયદાકીય અને રાજકીય સ્વરૂપ ધારણ કર્યું છે. આ નિવેદનને ગંભીર ગણીને ચૂંટણી પંચે મેદાનમાં ઉતરવું પડ્યું છે, જે દર્શાવે છે કે ચૂંટણીના જંગમાં માત્ર જનસમર્થન જ નહીં, પણ વાણી પરનો સંયમ પણ એટલો જ અનિવાર્ય છે.

ભાજપની ફરિયાદ બાદ ચૂંટણી પંચે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને કારણદર્શક નોટિસ ફટકારી છે. આ વિવાદ ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે વપરાયેલા કથિત ‘‘આતંકવાદી‘‘ શબ્દને લઈને શરૂ થયો છે. મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર એક ટિપ્પણી કરી હતી, જેમાં ’આતંકવાદી’ શબ્દનો પ્રયોગ થયો હોવાનો આરોપ છે. ભાજપે આ અંગે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી કે આ આચારસંહિતાનો ભંગ છે. ખડગેએ સ્પષ્ટતા કરી છે કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે અથવા તેનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે. ચૂંટણી પંચે આ મામલે ખડગે પાસે જવાબ માંગ્યો છે, જેના કારણે ચૂંટણીના માહોલમાં રાજકીય ગરમાવો વધી ગયો છે.



### આવી રીતે જય જલારામને ‘‘બદનામ‘‘ કરાય ?

## નીટ-યુજીમાં ‘‘બારોબાર‘‘ માર્કસ મૂકવા મુદ્દે જય જલારામ ટ્રસ્ટના ચેરમેનને કેસમાંથી મુક્તિ ન મળી

### વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઓએમઆર સીટ કોરી છોડવા માટે કહેવામાં આવ્યું હતું, જેથી પછીથી તેમાં સાચા જવાબો ભરી શકાય

**અબતક અમદાવાદ**

અમદાવાદની ગુજરાત હાઈકોર્ટે નીટ-યુજી ૨૦૨૪ પરીક્ષામાં થયેલી ગેરરીતિના મામલે મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે જય જલારામ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન દિક્ષિત પટેલને આ કેસમાંથી મુક્ત કરવાની ના પાડી દીધી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે તેમની વિરુદ્ધ પૂરતા પુરાવા અને શંકા છે, તેથી તેમની સામે ટ્રાયલ (કેસ) ચાલવો જરૂરી છે. આરોપ છે કે વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઓએમઆર શીટ કોરી છોડવા માટે કહેવામાં આવ્યું હતું, જેથી પછીથી તેમાં સાચા જવાબો ભરી શકાય. વિદ્યાર્થીઓ પાસે લાખો રૂપિયા ઉઘરાવીને તેમને મેડિકલમાં એડમિશન અપાવવાનું કૌભાંડ રચવામાં આવ્યું હતું. સીબીઆઈ મુજબ, દિક્ષિત પટેલ અને અન્ય આરોપીઓએ મળીને આ આખું આયોજન કર્યું હતું. વાલીઓ અને વિદ્યાર્થીઓ આવા શોર્ટકટ અથવા કૌભાંડોમાં ન ફસાય તે માટે આ સત્ય જાણવું ખૂબ જ જરૂરી છે. જ્યારે રેકોર્ડ પરના પુરાવાઓ આરોપી સામે ગંભીર શંકા પેદા કરતા હોય, ત્યારે કોર્ટ કેસ ચલાવવા માટે સંપૂર્ણ હકદાર છે.



## વિશ્વ પુસ્તક દિનઃ પુસ્તક એજ જ્ઞાન, ચરિત્ર અને રાષ્ટ્ર નિર્માણની સાચી જડીબુટી

### વાંચન દ્વારા સમાજ પરિવર્તનનો સંકલ્પઃ પર્યાવરણ, સ્વદેશી અને નાગરિક કર્તવ્યના પુસ્તકો વચાવી રાષ્ટ્ર ઘડતર કરીએઃ જયેશ સંઘાણી

**અબતક, રાજકોટ**

આજે જ્યારે સમગ્ર વિશ્વ ’વિશ્વ પુસ્તક દિન’ની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે પુસ્તક દ્વારા સમાજ પરિવર્તનનો નારો બુલંદ કરવામાં આવ્યો છે. ૨૩મી એપ્રિલ એટલે વિશ્વના મહાન નાટ્યકાર વિલિયમ શેક્સપિયરનો જન્મદિવસ અને પુણ્યતિથિ. યુનેસ્કો દ્વારા શેક્સપિયર, કારવાનટીસ અને ઈન્કા ગારસીલાસો જેવા મહાન સાહિત્યકારોની સ્મૃતિમાં આ દિવસને ’વિશ્વ પુસ્તક દિન’ તરીકે ઉજવવામાં આવે છે.

ગ્રંથાલય ભારતીના જયેશ સંઘાણીએ પુસ્તકનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, પુસ્તક વાંચનનો શોખ ધરાવતી વ્યક્તિ ક્યારેય હિંમત હારતી નથી. વાંચન એ જીવન જીવવાની જડીબુટી છે. જે વ્યક્તિ મનથી હારે છે તેનું તન નબળું પડે છે, પરંતુ સારા પુસ્તકો મન અને ચરિત્રને મજબૂત બનાવે છે. ઈલેક્ટ્રોનિક્સ અને સોશિયલ મીડિયાના યુગમાં જ્યારે હિંસા અને કુટુંબ પતનના સમાચારો વચ્ચે સંસ્કૃતિનું અધઃપતન થઈ રહ્યું છે, ત્યારે પુસ્તક જ સમાજને બચાવી શકે તેમ છે.ઈતિહાસના પાના ફેરવતા તેમણે ઉમેર્યું કે, મહાત્મા ગાંધીજીના જીવનમાં ’અન ટુ ધી લાસ્ટ’ પુસ્તકે સંપૂર્ણ પરિવર્તન લાવી તેમને રાષ્ટ્રપિતા બનાવ્યા. બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે પોતાની અડધી જિંદગી લાઈબ્રેરીમાં વિતાવી હતી, જેના કારણે તેઓ અદ્ભુત જ્ઞાનશક્તિના સ્વામી બન્યા હતા. તેવી જ રીતે પ.પૂ. ગુરુજી ગોલવલકરજી અને સ્વામી વિવેકાનંદજીની ગજબની યાદશક્તિ પાછળ પણ તેમનો પુસ્તક પ્રેમ જ જવાબદાર હતો. વર્તમાન સમયમાં પરમ પૂજ્ય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ પણ પોતાના સેંકડો પુસ્તકો દ્વારા સમાજ પરિવર્તનનું મોટું કાર્ય કરી રહ્યા છે.

આજના ઈ-બુક અને ઈ-રીડરના યુગમાં જ્ઞાન મેળવવું સરળ બન્યું છે, પરંતુ પુસ્તકની ભૌતિક હાજરી જે મિત્રતા, પવિત્રતા અને ચરિત્રતાનો અનુભવ કરાવે છે તે અજોડ છે. કોઈ પણ પ્રસંગે જો શ્રેષ્ઠ ભેટ આપવી હોય તો તે પુસ્તક છે. ચાલો, આજના દિવસે આપણે પર્યાવરણ, કુટુંબ પ્રબોધન, સ્વદેશી, સમરસતા અને નાગરિક કર્તવ્યના પુસ્તકો વધુમાં વધુ લોકો સુધી પહોંચાડીએ અને વાંચન દ્વારા રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહભાગી બનીએ.

## ખાતરના ભાવમાં ૧૦ માસમાં કમ્મરતોડ વધારોઃ જગતાત લાચાર

### ખાતર પરની સબસીડી ફિક્સ કરી દેતા ડોલરના ભાવ વધતા ખેડુત પર બોજઃ ડૉ. મનીષ દોશી

**અબતક, રાજકોટ**

ડાય એમોનિયમ ફોસ્ફેટ અને નાઈટ્રોજન ફોસ્ફરસ - પોટેશ્યમ-કે પાયાનું ખાતર છે. જ્યારે યુરીયા પુરક ખાતર છે. એક તરફ ખાતરના ઉત્પાદનમાં ઘટાડો, સરકાર તરફથી સબસીડીમાં ઘટાડો અને બીજી તરફ ખેડૂતો માટે સીઝન સમયે જરૂરી ખાતર મેળવવા કલાકો સુધી લાઈનમાં ઉભું રહેવું પડી રહ્યું છે અને કાળા બજારીયાઓ બેફામ છે ત્યારે ખેડૂત-ખેતી અને ગામડા વિરોધી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે મોદી સરકારનો મોટો દાવો કરેલો આત્મનિર્ભર ભારત કૃષિ ક્ષેત્રમાં હવે ખાલી સ્લોગન સાબિત થયો છે. ભારત હજુ પણ ખાતરમાં ભારે આયાત પર આધારિત છે. કુલ એનપીકે માંગના માત્ર ૬૫-૭૦% જ ઘરેલુ ઉત્પાદન દ્વારા પૂર્ણ થાય છે, જ્યારે બાકીના ૩૦-૩૫% અસ્થિર વૈશ્વિક બજારો પર આધારિત છે. કુલ ખાતરનો વપરાશ ૨૮.૫% વધીને ૨૦૧૪-૧૫માં ૨૫.૬ મિલિયન ટનથી ૨૦૨૪-૨૫માં ૩૨.૯ મિલિયન ટન થયો છે. નાઈટ્રોજનસ ખાતર (વપરાશનો મુખ્ય ભાગ ૨૨+ મિલિયન ટન) હજુ પણ ભારે આયાત પર આધારિત છે. ફોસ્ફેટિક ખાતરમાં ૩૦-૪૦% આયાતનો અંતર છે. પોટાશ, ૧૦૦% આયાત પર આધારિત (વાર્ષિક સરેરાશ ૨.૫ મિલિયન ટન) કેનેડા, રશિયા, ઈઝરાયેલ અને જોર્ડન પરથી છે. ૨૦૨૬ની ખરીફ સીઝન માટે ૩૯ મિલિયન ટન માંગ છે, જ્યારે વર્તમાન સ્ટોક માત્ર ૧૮ મિલિયન ટન જ છે આ ખતરનાક અંતર છે. લાંબા ગાળાના આત્મનિર્ભરતાને બદલે કેન્દ્ર સરકાર ઈમરજન્સી આયાત, સબસિડી વધારવા અને હોર્ડિંગ વિરુદ્ધ આદેશો જારી કરી રહી છે. આ નીતિ નથી, માત્ર કટોકટી વ્યવસ્થાપન છે. ડી.એ.પી.માં ૧૫૦ રૂ., એન.પી.કે.માં ૮૫૦ રૂ., એમોનીયમ સલ્ફેટ ૩૦૦ રૂ., પોટાશમાં ૫૫૦ રૂ. જેટલો માતબર વધારો છેલ્લા દસ મહિનામાં ખેડૂતો પર ઝીંકવામાં આવ્યો છે. યુ.પી.એ. ગવર્મેન્ટ વખતે ડોલરના ભાવ વધતા ખાતર કંપનીઓને નુકસાન ન જાય અને ખેડૂતોને ભાવ વધારો સહન ન કરવો પડે તે માટે સરકાર ખાતરની સબસીડીમાં વધારો કરી દેતી હતી, મોદી સરકારે ખાતરની સબસીડી મેટ્રિક ટન દીઠ ફિક્સ કરી દેતા ડોલરનું ભાવ વધારો થાય તેનું માર ખેડૂતોને ભોગવવો પડે છે. છેલ્લા બે વર્ષથી સરકાર યુરિયામાં નેનો યુરીયા લાવેલ છે. પરંતુ તે પાક માટે ગુણવત્તા યુક્ત અને અસરકારક નથી. છેલ્લા બે વર્ષમાં ખરીફ અને રવિ એમ બંને સિઝનમાં ડીએપી અને યુરિયા ગુજરાતના ખેડૂતોને મળતું નથી. આથી ખેડૂતોને ખેતીના પાકમાં અપૂરતા ખાતરથી નુકસાન થઈ રહ્યું છે.ખાતરના ભાવ આસમાને છે, ખેડૂતોના ઈનપુટ ખર્ચ વધી ગયા છે અને પાક ઉત્પાદન ઘટવા તથા ખાદ્યપદાર્થોની મોંઘવારીનું જોખમ વધ્યું છે. ગુજરાતના ખેડૂતો જેઓ અસ્થિર મોન્સૂન, એમએસપીમાં વિલંબ અને ૯૯૦૦૦ કરોડના દેવાના બોજથી પહેલેથી જ પરેશાન છે, સૌથી વધુ અસરગ્રસ્ત છે. કેન્દ્રના પર્યાપ્ત સ્ટોકના દાવા ખોખલા છે જ્યારે વૈશ્વિક ભાવ વધી રહ્યા છે અને ઘરેલુ ઉત્પાદનમાં ઘટાડો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ માંગ કરી છે કે ખરીફ સીઝન માટે ખાતરના ભાવ તરત જ સ્થિર કરો. ઘરેલુ યુરિયા અને ફોસ્ફેટિક ખાતરનું ઉત્પાદન ક્ષમતા વધારવા તાત્કાલિક પગલાં લો. ખેડૂતો પર બોજ વધાર્યા વિના આયાતનું પારદર્શક અને લાંબા ગાળાનું વિવિધીકરણ કરો. મોદી સરકારે અન્નદાતાઓ સાથે ફરી એક વાર વિશ્વાસઘાત કર્યો છે. ખેડૂતોની સમસ્યાઓ માત્ર આંકડા નથી તે રાષ્ટ્રીય કટોકટી છે. કોંગ્રેસ પક્ષ ગુજરાતના ખેડૂતોની સાથે છે અને આ સંકટને કાર્પેટ નીચે દબાવવા દઈશું નહીં.

# મહાપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયતની ચૂંટણીલક્ષી તૈયારીઓ પૂર્ણ: કલેક્ટર ડો. ઓમપ્રકાશ

## જિલ્લામાં તમામ ઈ.વી.એમ. મતદાન માટે તૈયાર કરી સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવાયા: ગરમીને ધ્યાનમાં રાખતાં છાંયડો, પાણી, ઓ.આર.એસ. પ્રાથમિક સારવારની સુવિધા રાખવા ચૂંટણી અધિકારીઓને સૂચના

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા, ગોંડલ નગરપાલિકા, તાલુકા તથા જિલ્લા પંચાયતની ચૂંટણી માટે કરાયેલી તૈયારીઓની માહિતી અંગે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશે આજે પત્રકારોને સંબોધન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગર પાલિકાના ૧૮ વોર્ડમાં ૨૩૬ ઉમેદવારોની યાદી આખરી થઈ છે. મહાનગરમાં ૫,૧૦,૦૮૬ પુરુષ મતદારો. ૪,૭૫,૮૪૮ મહિલા મતદારો તથા ૧૮ થર્ડ જેન્ડર મળીને ૯,૮૫,૯૫૨ મતદારો છે. ૧૦૧૪ મતદાન મથકો પર ૮૯૪૮ પોલિંગ સ્ટાફ મુકવામાં આવ્યો છે. ચૂંટણીમાં ૨૩૨૬ બેલેટ યુનિટ તથા ૧૧૬૩ કંટ્રોલ યુનિટનો ઉપયોગ કરાશે. ચૂંટણી અધિકારી તરીકે ક્લાસ વન કક્ષાના ૭ અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ક્લાસ ટુ કક્ષાના ૭ અધિકારી મુકાયા છે. મહાનગર પાલિકા ક્ષેત્રમાં ૧૫૧ પોસ્ટલ બેલેટ યુનિટ છે, કુલ મળીને ૧૪૮૦ કર્મચારીઓ પોસ્ટલ બેલેટનો ઉપયોગ કરશે.

મહાનગરમાં ૫૦૬ સંવેદનશીલ અને આઠ અતિ સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરાયા છે. ચૂંટણી પ્રક્રિયા માટે ૪૨૫ જેટલા વાહનોનું રિક્વિઝિશન કરવામાં આવ્યું છે.

જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે ૧૦૯ ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. જ્યારે તાલુકા પંચાયતની ૨૦૨ બેઠકો માટે ૫૯૫ ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. આ બંને ચૂંટણી માટે કુલ ૧૧૮૬ મતદાન બૂથ નક્કી કરાયા છે તથા ૮૪૮૦ પોલિંગ સ્ટાફ નિયુક્ત કરાયો છે. ૧૧૮૬ બૂથોમાંથી ૧૭૯ અતિ સંવેદનશીલ અને ૨૮૩ સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવામાં આવ્યા છે. આ ચૂંટણીમાં ૫,૦૧,૬૮૩ પુરુષ મતદારો તથા ૪,૫૪,૮૯૦ મહિલા મતદારો તથા બે અન્ય મળીને કુલ ૯,૫૬,૫૭૫ મતદારો નોંધાયા છે. આ ચૂંટણીમાં ૨૬૭૫ બેલેટ યુનિટ તથા એટલા જ કંટ્રોલ યુનિટનો ઉપયોગ થશે. ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે આઠ ક્લાસ-૧ અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ૨૨ ક્લાસ-૨ અધિકારી નિયુક્ત કરાયા છે.

તાલુકા પંચાયતની ચાર બેઠક બિનહરીફ થઈ છે, ૦૭-ગઢડા, ૦૪-દાળીયા, ૧૧-મેવાસા તથા ૦૧-ભાદાજાળીયાનો સમાવેશ થાય છે. તા.પં., જિ.પં.માં ૪૦૩ સર્વિસ વોટર્સ તથા ચૂંટણી ફરજના ૧૯૬૧ સ્ટાફ પોસ્ટલ બેલેટનો ઉપયોગ કરશે.

ગોંડલ નગરપાલિકામાં ૧૧ વોર્ડમાં કુલ ૪૪ બેઠકો છે. જેમાં ૨૦ બેઠકો બિનહરીફ થઈ છે. ૨૪ બેઠકો પર ૪૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. નગરપાલિકામાં કુલ ૪૨,૨૩૫ પુરુષ મતદારો તથા ૩૯,૨૩૦ મહિલા મતદારો તેમજ છ અન્ય મળીને ૮૧,૪૭૧ મતદારો છે. કુલ ૫૮ બૂથ પર મતદાનની કામગીરી થશે. આ માટે ૧૭૦૨ સ્ટાફની નિયુક્તિ કરાઈ છે. ચૂંટણી માટે ૨૨૬ બી.યુ. અને ૧૧૩ સી.યુ.નો ઉપયોગ થશે.

ચૂંટણી પ્રક્રિયાના સંચાલન માટે ચૂંટણી અધિકારી તરીકે બે ક્લાસ-૧ ઓફિસર તથા મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે બે ક્લાસ-૨ ઓફિસર નિયુક્ત કરાયા છે.

પાલિકામાં વોર્ડ ૦૧, ૦૬, ૦૯ તથા ૧૧ તમામ બેઠકો બિનહરીફ થઈ છે, જયારે વોર્ડ-૦૨માં ૦૧ બેઠક, વોર્ડ-૦૭માં બે બેઠક, વોર્ડ-૧૦માં ૦૧ બેઠક બિનહરીફ થઈ છે. ૩૧ સર્વિસ વોટર્સ તથા ૧૪૫ ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ પોસ્ટલ બેલેટનો ઉપયોગ કરશે. રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં આદર્શ આચાર સંહિતાને લઈને અમુક ફરિયાદો આવી હતી જેમાં તાલુકા પંચાયતની બે ફરિયાદો નોંધાઈ છે. રાજકોટ મહાનગરપાલિકામાં એક સામાન્ય અને આઠ આચાર સંહિતાની કુલ નવ ફરિયાદ નોંધાઈ છે. ગોંડલ નગરપાલિકામાં એક આચાર સંહિતાની ફરિયાદ નોંધાઈ છે. તેના પર પગલાં લઈને રાજ્ય ચૂંટણી પંચને રિપોર્ટ કરી દેવાયો છે.

રાજકોટ મહાનગર, તાલુકા, જિલ્લા પંચાયતમાં કુલ કુલ ૨૨૫૫ મતદાન મતકો છે. જેમાંથી ૮૧૪ સંવેદનશીલ મતદાન મથકો અને ૧૯૫ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે.

તમામ મતદાન મથકોની ૧૦૦ ભૌતિક ચકાસણી કરવામાં આવી છે. કોઈ પણ મતદાન મથક જ્યારે મતદાર મત આપવા જાય ત્યારે તેને કોઈ અગવડ ન થાય તે માટે તમામ પોલિંગ સ્ટાફની બે તાલીમ થઈ ગઈ છે અને ડિસ્પેચિંગ વખતે ત્રીજી તાલીમ કરવામાં આવશે.

ગરમીને ધ્યાનમાં રાખતા મહાનગરપાલિકા, નગર પાલિકા તેમજ તાલુકા, જિલ્લા પંચાયતમાં તમામ મતદાન મતકો ઉપર પાણી, છાંયડો, વીજળી, પ્રાથમિક સારવાર કીટ, ફર્નિચર રેમ્પ સહિતની સુવિધાઓ રાખવા માટે તમામ ચૂંટણી અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને ગરમીમાં છાંયડાની વ્યવસ્થા માટે તમામ સંબંધિત અધિકારીઓને ખાસ સૂચના આપવામાં આવી છે. ઉપરાંત પીવાના પાણીની અને ઓ.આર.એસ. કીટ તેમજ પ્રાથમિક સારવારની વ્યવસ્થા પણ રાખવા માટે સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં તમામ ઈ.વી.એમ. મતદાન માટે તૈયાર થઈ ગયા છે અને સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવામાં આવ્યા છે.

### રાજકોટ મહાનગર, તાલુકા, જિલ્લા પંચાયત માટે ચૂંટણી અધિકારી-મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તિ

રાજકોટ જિલ્લામાં આગામી મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૬ના સુચારુ સંચાલન માટે વોર્ડ અને મતદાર મંડળ દીઠ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશે આજે પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરમાં વોર્ડ નં. ૧-૨-૩માં આર.ઓ. તરીકે એચ.કે. આચાર્ય (નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી) તથા એ.આર.ઓ. તરીકે નીલેશ પી. અજમેરા (મામલતદાર, રાજકોટ પૂર્વ), વોર્ડ ૪-૫-૬માં આર.ઓ. પી. એચ. ગલ્ચર (નાયબ જિલ્લા વિકાસ અધિકારી) તથા એ.આર.ઓ. રાજેન્દ્રકુમાર કે. સરવૈયા (મામલતદાર, રાજકોટ દક્ષિણ), વોર્ડ ૭-૮-૯માં આર.ઓ. એ. એસ. ઝાપડા (જિલ્લા પુરવઠા અધિકારી), એ.આર.ઓ. અતુલ આર. દેવાંગડા (સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ-૨), વોર્ડ ૧૦-૧૧-૧૨માં આર.ઓ. જે. કે. જોગરાણા (નાયબ નિયામક, જમીન દફતર) તથા એ.આર.ઓ. ભુવા (સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ-૩), વોર્ડ ૧૩-૧૪-૧૫માં આર.ઓ. ડો. ચાંદની પરમાર (પ્રાંત અધિકારી, રાજકોટ-૧) તથા એ.આર.ઓ. એન. પી. પંડયા (સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ-૧), વોર્ડ ૧૬-૧૭-૧૮માં આર.ઓ. સિધ્ધાર્થ ગઢવી (નાયબ કલેક્ટર, રૂડા) તથા એ.આર.ઓ. મામલતદાર (પશ્ચિમ), રાજકોટ નિયુક્ત કરાયા છે.



### જિલ્લામાં બે દિવસ ડ્રાય ડે જાહેર

રાજ્યમાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન શાંતિ જળવાઈ રહે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાય તે હેતુથી રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા બે દિવસ માટે 'ડ્રાય ડે' જાહેર કરવામાં આવ્યો છે.ચૂંટણી પંચના નિયમો અનુસાર, મતદાનના ૪૮ કલાક પહેલાથી જ દારૂના વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવે છે. ૨૪ એપ્રિલ સાંજથી પ્રચાર પડઘમ શાંત થવાની સાથે જ દારૂબંધીનો ચુસ્ત અમલ શરૂ થશે. ૨૬ એપ્રિલ સુધી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સમગ્ર જિલ્લામાં દારૂના વેચાણ અને હેરફેર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

### મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઈ.વી.એમ. ડિસ્પેચિંગ, રિસિવિંગ, કાઉન્ટિંગ સેન્ટર નક્કી કરાયા

રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણી માટે ચૂંટણી તંત્ર દ્વારા વોર્ડ મુજબ ઈ.વી.એમ. ડિસ્પેચિંગ, રિસિવિંગ, કાઉન્ટિંગ સેન્ટર નક્કી કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશે આજે પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૨૬ માટે મતદાન અને મતગણતરી પ્રક્રિયાના સુચારુ આયોજનના ભાગરૂપે વોર્ડ અનુસાર કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. પ્રત્યેક કેન્દ્ર પર જ ઈવીએમની ફાળવણી, પરત સ્વીકારવાની પ્રક્રિયા અને મતગણતરી હાથ ધરવામાં આવશે.વોર્ડ નંબર ૧થી ૩ માટે પાધી લો કોલેજ, ચૌધરી હાઈસ્કુલ કમ્પાઉન્ડ, વોર્ડ નંબર ૪થી ૬ માટે એ.એસ.ચૌધરી હાઈસ્કુલ, વોર્ડ નંબર ૭થી ૯ માટે એસ.વી.વિરાણી હાઈસ્કુલ, ટાગોર રોડ, વોર્ડ નંબર ૧૦થી ૧૨ માટે શ્રી એ.વી.પારેખ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ, હેમુ ગઢવી હોલની સામે, ટાગોર રોડ, વોર્ડ નંબર ૧૩થી ૧૫ માટે અમૃતચંદ વીરચંદ જસાણી સ્કુલ, પી.ડી.એમ. ફાટક પાસે, ગોંડલ રોડ તથા વોર્ડ નંબર ૧૬થી ૧૮ માટે રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલ, રાજકોટને ઈ.વી.એમ.ના ડિસ્પેચિંગ, રિસિવિંગ અને કાઉન્ટિંગ સેન્ટર તરીકે નિર્ધારિત કરવામાં આવ્યા છે.

### કાલ સાંજથી પ્રચાર-પડઘમ શાંત

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. છેલ્લા કેટલાય દિવસોથી ચાલી રહેલો ચૂંટણીલક્ષી શોરબકોર અને પક્ષોનો ઝંઝાવતી પ્રચાર આવતીકાલે સાંજે ૫:૦૦ વાગ્યે થંભી જશે. પ્રચાર પડઘમ શાંત થતાની સાથે જ ઉમેદવારો હવે 'ડોર-ટૂ-ડોર' સંપર્ક પર ભાર મૂકશે.આવતીકાલે પ્રચારના છેલ્લા દિવસે તમામ રાજકીય પક્ષો પોતાની પૂરી તાકાત લગાવી દેશે. મુખ્ય પક્ષો દ્વારા મોટા પાયે રેલીઓ, રોડ-શો અને જાહેર સભાઓનું આયોજન કરવામાં આવ્યું છે.કાલે સાંજે ૫ વાગ્યાથી જે-તે મતવિસ્તારના મતદાર ન હોય તેવા રાજકીય કાર્યકરોએ વિસ્તાર છોડવો પડશે, જાહેર સભાઓ અને લાઉડસ્પીકર દ્વારા થતો પ્રચાર સદંતર બંધ થશે અને સંવેદનશીલ બૂથો પર પોલીસનો ચુસ્ત પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે જેથી કોઈ અણછાજતી ઘટના ન બને.

આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રસાકસીભર્યો જંગ જોવા મળી રહ્યો છે. શહેરના વિકાસના મુદ્દાઓ, પ્રાથમિક સુવિધાઓ અને સ્થાનિક પ્રશ્નોને લઈને મતદારો જાગૃત દેખાઈ રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે પ્રચારના અંતિમ કલાકોમાં કયો પક્ષ મતદારોનું દિલ જીતવામાં સફળ રહે છે.

# કોર્પોરેશનની ચૂંટણી સંદર્ભે મતદાન મથકો પર ૧૦૦ મીટરનું માર્કિંગ શરૂ

## ૧૮ વોર્ડના તમામ બૂથ પર મેપિંગ અને ગ્રાઉન્ડ માર્કિંગ માટે વિશેષ ટીમો તૈનાત; રાત્રિના અંધારામાં પણ કામગીરી શરૂ રાખી આચારસંહિતાના કડક અમલની તૈયારી

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મતદાનની પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્પક્ષ, પારદર્શક અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે માટે રાજકોટ જિલ્લા કલેક્ટર અને મુખ્ય ચૂંટણી અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ તંત્ર અત્યારે યુદ્ધના ધોરણે કામ કરી રહ્યું છે. શહેરના તમામ ૧૮ વોર્ડમાં મતદાન પ્રક્રિયા સુચારૂ રીતે ચાલે તે માટે માળખાગત સુવિધાઓ તૈયાર કરવામાં આવી રહી છે.

ચૂંટણી પંચના નિયમો મુજબ, મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈ પણ પ્રકારનો પ્રચાર કે અનધિકૃત વ્યકિતઓની અવરજવર પર પ્રતિબંધ હોય છે. આ નિયમના કડક અમલ માટે રાજકોટના તમામ ૧૮ વોર્ડમાં આવેલા મતદાન મથકોની બહાર ૧૦૦ મીટરની ત્રિજ્યા નક્કી કરી ગ્રાઉન્ડ પર સફેદ રંગથી માર્કિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગઈકાલે મોડી રાત્રિથી જ વિવિધ ટીમો દ્વારા આ માર્કિંગ કરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ પ્રક્રિયાથી મતદાનના દિવસે સુરક્ષા જવાનોને વ્યવસ્થા જાળવવામાં અને આચારસંહિતાનો ભંગ રોકવામાં મોટી મદદ મળશે.

સમગ્ર શહેરના ૧૮ વોર્ડમાં ફેલાયેલા મતદાન મથકોને આવરી લેવા માટે તંત્ર દ્વારા અલગ-અલગ ઝોન વાઈઝ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમો માત્ર માર્કિંગ જ નહીં, પરંતુ મતદાન મથક સુધી પહોંચવાના રસ્તા અને બૂથની આસપાસના ભૌગોલિક મેપિંગની કામગીરી પણ કરી રહી છે. આ સાથે જ મતદાન મથકોની અંદર પીવાના પાણી, વીજળી, પૂરતો પ્રકાશ અને દિવ્યાંગો માટે રેમ્પ જેવી પાયાની સુવિધાઓનું પણ બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં આ કામગીરી પૂર્ણ કરી લેવામાં આવશે જેથી મતદાનના દિવસે મતદારોને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે અને લોકશાહીનો આ પર્વ શાંતિપૂર્ણ રીતે ઉજવાય.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા


**આજે વિશ્વ પુસ્તક દિવસ....**

# ઐતિહાસિક લેંગ લાઈબ્રેરીમાં હજારો પુસ્તકોને રોજ રહે છે યોગ્ય વાચકની 'ઝંખના'

## ડિજિટલ યુગમાં પુસ્તક વાંચવાનો ગેજેટ વિકલ્પ મળ્યો છે પણ વાંચન અધ્યયન નો ખરો લાભ તો હાથમાં પુસ્તક પકડીને વાંચન કરવાથી જ મળે

**અબતક રાજકોટ**

આજે ૨૩ એપ્રિલ નો દિવસ વિશ્વ પુસ્તક દિવસ તરીકે ઉજવાય છે, માણસને પથ્થર યુગથી આજના સુ સંસ્કૃત યુગ સુધી સફળ રીતે પહોંચાડવામાં પુસ્તકનું અનેરૂ મહત્તમ્ય છે.. દરેક સંસ્કૃતિ વિરાસત અને વિશ્વના તમામ ધર્મ નો આધાર ધર્મગ્રંથ, પુસ્તક પર જ નિર્ભર છે, પુસ્તક એક એવું માધ્યમ છે કે જે માણસને મહામાનવ બનાવે છેઅને કુદરતનો પરિચય કરાવે છે.. આજે વિશ્વ પુસ્તક દિવસે પુસ્તકનો મહિમા બુદ્ધિક ચર્ચાનો વિષય બન્યો છે.. શહેરની રાજાશાહી કાળથી ચાલતી જુબેલી ગાર્ડન પાસેની લેંગ લાઈબ્રેરી માં પગ મુકતાની સાથે જ તેની ભવ્ય વિરાસત અને સમૃદ્ધ પુસ્તક ખજાના નો ચિત્ર માનસપટ પર અંકિત થાય.. પુસ્તકનું વાંચન અનિવાર્ય છે, આજના ડિજિટલ યુગમાં વાંચન ની પદ્ધતિ બદલાય માહિતીનું ડિજિટાઈઝેશન થઈ ગયું અને પુસ્તકની જગ્યા એ હાથમાં ગેજેટ, લેપટોપ કોમ્પ્યુટર આવી ગયું તેમ છતાં પુસ્તક નું વાંચન આજે પણ બે જોડ છે.. પુસ્તક વાંચવાની પદ્ધતિ જ એવી છે કે તે છાતી સરસું રાખીને આંખો વાટે મગજને મનમાં ઉતારવાનું હોય.. વિશ્વ પુસ્તક દિવસે પુસ્તકનો મહિમા ચર્ચા માં છે. રાજકોટની લેગ લાઈબ્રેરીએ અનેક યુગ જોયા આજે લેંગ લાયબ્રેરીમાં હજારો પુસ્તકો સચવાયેલા છે.. દરેક વિષય દરેક ધર્મ અને હજારો વર્ષની સભ્ય સંસ્કૃતિ ને સાચવતા પુસ્તકો સારી રીતે સચવાયેલા છે પણ આજે દરેક પુસ્તક.. માટે તેના સારા વાચકની ઝંખના ઊભી થઈ છે.. વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી સાર્થક કરવા માટે દરેક વ્યક્તિએ પોતાના મનપસંદ પુસ્તક વાંચવા માટે થોડો સમય કાઢીને રોજનું વાંચન કરીને જીવનને વધુ જ્ઞાન સભર અને રોચક બનાવવું જોઈએ.. ડિજિટલ યુગમાં પરોવાયેલા તરુણો અને યુવાનો એક વખત પુસ્તક સાથે દોસ્તી કરીને તો જોવે.. જિંદગીમાં પુસ્તક નું મહત્વ અને સહવાસ ગમી જશે તો કોઈની દોસ્તીની જરૂર નહીં રહે.





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

### ડિજિટલ યુગ અને પુસ્તક

આજના AI અને ડિજિટલ યુગમાં વાંચન માટે અનેક ગેજેટ્સ ઉપલબ્ધ છે, પરંતુ પુસ્તક હાથમાં લઈને વાંચવાનો અનુભવ અનોખો છે. પુસ્તક મનને એકાગ્રતા આપે છે, વિચારશકિત વધારે છે અને જ્ઞાનને ઊંડાણથી સમજાવે છે.

### વિશ્વમાં પુસ્તકો અને ભાષાઓ

**કુલ પુસ્તકોઃ** Google Booksના ૨૦૧૦ના પ્રોજેક્ટમાં ૧૨૯ મિલિયન પુસ્તકો ગણાયા હતા. ૨૦૨૩ સુધી આ આંકડો વધીને ૧૫૮ મિલિયનથી વધુ થયો છે.

**વાર્ષિક પ્રકાશનઃ** UNESCO મુજબ દર વર્ષે ૨.૨ મિલિયનથી વધુ નવા પુસ્તકો પ્રકાશિત થાય છે. Self-publishingના કારણે આ આંકડો ૩-૪ મિલિયન સુધી પહોંચી શકે છે.

**ભાષાઓઃ** વિશ્વમાં ૭,૦૦૦ જેટલી ભાષાઓ છે, જેમાંથી હજારો ભાષાઓમાં સાહિત્ય ઉપલબ્ધ છે. અંગ્રેજી, ચીની, સ્પેનિશ, હિન્દી, અરબી, અને ફ્રેન્ચ જેવી ભાષાઓમાં સૌથી વધુ પુસ્તકો પ્રકાશિત થાય છે.

**લાઈબ્રેરીઝઃ** Library of Congress (USA) પાસે ૪૦ મિલિયનથી વધુ પુસ્તકો છે, જ્યારે British Library (UK) પાસે ૨૫ મિલિયનથી વધુ પુસ્તકો છે.

**સાહિત્યનું મહત્ત્વઃ** પુસ્તકો માનવજાતની સંસ્કૃતિ, ધર્મગ્રંથો અને જ્ઞાનનો આધાર છે. AI અને ડિજિટલ યુગમાં પણ પુસ્તકનું સ્થાન અવિનાશી છે - તે વિચારશક્તિ, સર્જનાત્મકતા અને સંસ્કૃતિને સાચવે છે.

# સ્પોર્ટ્સ અબતક

# ઓછા રન છતાં રાજસ્થાન રોયલ્સનો લખનઉના જાયન્ટ્સ સામે ૪૦ રને વિજય

## રાજસ્થાને પ્રથમ બેટિંગ કરતા ૧૫૯ રન બનાવ્યા, જવાબમાં લખનઉની ટીમ ૧૮ ઓવરમાં ૧૧૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ



### બાપુનો ''વટ'': પૂરણને તો હું ખિસ્સામાં લઈને ફરૂ છું!!!

ભારતીય ટીમના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા પોતાની રમતની સાથે સાથે પોતાના આત્મવિશ્વાસ અને સ્પષ્ટવક્તા માટે પણ જાણીતા છે. તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન નિકોલસ પૂરણ સામેના પોતાના શાનદાર રેકોર્ડ વિશે વાત કરતા જાડેજાએ એક મોટું નિવેદન આપ્યું છે.મેદાન પર જ્યારે પૂરણ બેટિંગ કરવા આવે છે, ત્યારે મને ખબર હોય છે કે તેને ક્યાં રોકવો. રમત ગમે તેટલી ઝડપી હોય, કંટ્રોલ મારા હાથમાં હોય છે.પૂરણને તો હું ખિસ્સામાં લઈને ફરૂ છું!!!

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ માં લખનૌ સુપર જાયન્ટ્સની ખરાબ કિસ્મત અને ખરાબ ફોર્મ બંને સતત ચાલુ છે. સીઝનની ૩૨મી મેચમાં રાજસ્થાન રોયલ્સે લખનૌને તેના જ હોમ ગ્રાઉન્ડ પર ૪૦ રનથી કરારી હાર આપી છે. ઋષભ પંતે ટોસ જીતીને પહેલા બોલિંગ તો પસંદ કરી લીધી, પણ ૧૬૦ રનનો સામાન્ય ટાર્ગેટ ચેઝ કરવામાં તેની આખી ટીમ ૧૮ ઓવરમાં માત્ર ૧૧૯ રનમાં જ સમેટાઈ ગઈ. આ હાર સાથે લખનૌને સળંગ ચોથી હારનો સામનો કરવો પડ્યો છે અને તે પોઈન્ટ ટેબલમાં ૯મા નંબરે છે, જ્યારે શાનદાર જીત સાથે રાજસ્થાન રોયલ્સ હવે બીજા નંબરે પહોંચી ગયું છે.

લખનૌના બોલરો ખાસ કરીને મોહમ્મદ શમી અને મોહસીન ખાને કમાલ કરી હતી અને રાજસ્થાનની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. યશસ્વી જયસ્વાલે ૨૨ અને કેપ્ટન રિયાન પરાગે ૨૦ રન બનાવ્યા, જ્યારે વૈભવ સૂર્યવંશી (૮) અને ધ્રુવ જુરેલ (૦) સસ્તામાં આઉટ થઈ ગયા. એક સમયે ૭૭ રનમાં ૫ વિકેટ પડી ગઈ હતી, પરંતુ છઠ્ઠા નંબરે આવેલા રવિન્દ્ર જાડેજાએ સંકટમોચક બનીને ૨૯ બોલમાં અણનમ ૪૩ રન ફટકાર્યા. તેને છેલ્લે શુભમ દુબેનો સાથ મળ્યો અને રાજસ્થાને ૨૦ ઓવરમાં ૧૫૯/૬ નો ફાઈટિંગ સ્કોર ઊભો કર્યો. લખનૌ તરફથી પ્રિન્સ યાદવે પણ ૨ વિકેટ ઝડપી હતી.૧૬૦ રનનો ટાર્ગેટ આજના ટી૨૦ જમાનામાં બહુ મોટો નથી ગણાતો, પણ લખનૌની શરૂઆત એટલી ખરાબ હતી કે પહેલી ૩ ઓવરમાં જ ૩ વિકેટ પડી ગઈ. આયુષ બદોની (૦), કેપ્ટન ઋષભ પંત (૦) અને એડન માર્કરામ (૦) ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન ભેગા થઈ ગયા. એક તરફથી ઓપનર મિશેલ માર્શે બાજી સંભાળી અને ૪૧ બોલમાં ૫૫ રન ફટકાર્યા, પણ સામે છેડેથી કોઈ સાથ ન મળ્યો. નિકોલસ પૂરને ૨૨ રનનું યોગદાન આપ્યું. એકાનાની પીચ ધીમી હતી અને બોલ ટર્ન થઈ રહ્યો હતો, જેના કારણે લખનૌના બેટ્સમેનો સેટ થઈ શક્યા નહીં અને રનરેટનું દબાણ વધતું ગયું.



### ચહલને પાછળ રાખી જોફ્રાએ ઈતિહાસ સર્જ્યો

આઈપીએલના ઈતિહાસમાં અત્યાર સુધી યુઝવેન્દ્ર ચહલ પોતાની ચતુરાઈભરી બોલિંગથી વિકેટ લેવાના મામલે ટોચ પર હતો, પરંતુ હવે 'સ્પીડ ગન' જોફ્રા આર્ચરે તેને પાછળ છોડી દીધો છે. આર્ચર હવે આઈપીએલના ઈતિહાસમાં સૌથી ઝડપી (ઓછા બોલમાં) નિર્ધારિત વિકેટોના આંકડા સુધી પહોંચનાર બોલર બની ગયો છે.યુઝવેન્દ્ર ચહલ વર્ષોથી પોતાની સાતત્યપૂર્ણ બોલિંગ માટે જાણીતો છે, પરંતુ આર્ચરે તાજેતરની મેચમાં માત્ર ૩ ઓવરમાં ૪ વિકેટ ઝડપીને ચહલના આઈપીએલના એક ખાસ રેકોર્ડ પર કબજો જમાવી લીધો છે.

### વાહ વૈભવ વાહ: સૌથી ઝડપી ૫૦૦ રન પુરા કરી સૂર્યવંશીએ ઈતિહાસ રચ્યો

આઈપીએલ ૨૦૨૬ ની ૩૨મી મેચમાં રાજસ્થાન રોયલ્સના માત્ર ૧૫ વર્ષના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ ભલે કોઈ મોટી ઈનિંગ ન રમી હોય, પણ તેણે એક મોટો ઈતિહાસ રચી દીધો છે. લખનૌ સુપર જાયન્ટ્સ સામેની આ મેચમાં તે ભલે ૮ રન બનાવીને આઉટ થઈ ગયો, છતાં આ નાનકડી ઈનિંગની મદદથી તેણે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલનો મોટો રેકોર્ડ તોડી નાખ્યો છે.

વૈભવ હવે આઈપીએલના ઈતિહાસમાં સૌથી ઝડપી (સૌથી ઓછા બોલ રમીને) ૫૦૦ રન પૂરા કરનારો પ્રથમ બેટ્સમેન બની ગયો છે. તેની આ શાનદાર સિદ્ધિથી મોટા મોટા અનુભવી બેટ્સમેનો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા છે.

### લખનઉના ''સુપર'' બેટ્સમેનો ''ડફોળ'' સાબિત થયા: પંત



રાજસ્થાન રોયલ્સ સામેની હાર બાદ લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન ઋષભ પંતે બેટ્સમેનોના પ્રદર્શન પર નિરાશા વ્યક્ત કરી હતી.પંતે સ્વીકાર્યું કે ૧૬૦ રનનો પીછો કરતા ટીમ ક્યારેય નિયંત્રણમાં દેખાઈ ન હતી. તેણે બેટિંગ યુનિટના પ્રદર્શનને નબળું ગણાવ્યું હતું.પંત પોતે પણ આ મેચમાં શૂન્ય રને આઉટ થયો હતો. તેણે સ્વીકાર્યું કે તેની વિકેટ પડવાની રીત ખોટી હતી અને તે પોતે પોતાની રમતથી નિરાશ હતો.પંતે જણાવ્યું કે ટીમ હજુ પણ શ્રેષ્ઠ કોમ્બિનેશન શોધવાનો પ્રયત્ન કરી રહી છે. તેણે કહ્યું કે હોમ ગ્રાઉન્ડ પર રમવાની રીત વિશે ટીમમાં સુધારાની જરૂર છે.

### બેટીંગની સાથે કીપીંગમાં પણ ઋષભે ''વાટ'' લગાવી

લખનૌ સુપર જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની તાજેતરની મેચ બાદ ઋષભ પંત ટીકાકારોના નિશાના પર છે. બેટિંગમાં નિષ્ફળતા બાદ કીપિંગમાં પણ પંતે કરેલી ભૂલોને કારણે સોશિયલ મીડિયા પર ચાહકો નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.૧૬૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી લખનૌની ટીમને કેપ્ટન પાસેથી મોટી આશા હતી, પરંતુ પંત માત્ર ૩ બોલ રમીને ૦ રને પેવેલિયન પરત ફર્યો હતો. તેની આ વિકેટ પડતા જ લખનૌની મધ્યક્રમની બેટિંગ લથડાઈ ગઈ હતી.પંત વિકેટ પાછળ બોલ પકડવામાં અસમર્થ રહેતા વધારાના રન પણ ખર્ચાયા, જેનાથી બોલરો પર દબાણ વધ્યું.


# સંઘર્ષ કરી રહેલી ભૂતપૂર્વ ચેમ્પિયન ટીમ ચેન્નાઈ-મુંબઈ વચ્ચે આજે ટક્કર



**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૬ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી લગભગ સંઘર્ષ કરી રહેલી બે ભૂતપૂર્વ ચેમ્પિયન ટીમ મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ આજે વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાનારી લીગની મેચમાં સામસામે ટકરાશે. બંને ટીમો સાતત્યપૂર્ણ પ્રદર્શનના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે જ્યાં ક્રિકેટપ્રેમીઓ તેમના બે ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને મહેન્દ્રસિંહ ધોનીના પુનરાગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સાંજે ૭.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે.રોહિત શર્મા તેની હેમસ્ટ્રિંગની ઈજાને કારણે રિકવરીના માર્ગ પર છે. જોકે મંગળવારના વૈકલ્પિક પ્રેક્ટિસ સત્રમાં તે ગેરહાજર રહ્યો હતો. બીજી તરફ મહેન્દ્રસિંહ ધોની સ્નાયુઓના ખેંચાણ સામે ઝઝૂમી રહ્યો છે. જોકે, તેણે નેટ્સમાં પ્રેક્ટિસ કરી હતી, જે સંકેત આપે છે કે તે કદાચ આ મેચમાં કમસે કમ 'ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમી શકે છે. બંને ટીમની મેચ હંમેશા પ્રતિષ્ઠાનો વિષય રહી છે પરંતુ આ વખતે બંને ટીમ પોઈન્ટ ટેબલમાં નીચલા સ્થાને હોવાથી દબાણ વધારે છે. ખાસ કરીને ચેન્નાઈની ટીમ વધુ સમસ્યા હેઠળ છે અને તે બેટિંગ લાઈન-અપમાં પણ ખેલાડીઓના સંયોજન માટે મથામણ કરી રહી છે. આ સિઝનમાં ૨૦૧ રન ફટકારનારો સ્થાનિક ખેલાડી આયુષ મ્હાત્રે ચેન્નાઈ માટે રમી રહ્યો છે પરંતુ તેની હેમસ્ટ્રિંગ ઈજા ચેન્નાઈ માટે મોટો ફટકો છે. હવે ટીમ બેટિંગમાં ખાલીપો પૂરવા માટે ગુજરાતના વિકેટકીપર-બેટ્સમેન ઉર્વિલ પટેલના નામ પર વિચારણા થઈ શકે છે.છેલ્લે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની હાર બાદ ચેન્નાઈનો મધ્યમ ક્રમ ટીકા હેઠળ છે. ૯૦ બોલમાં ૧૩૦ રનનો પીછો કરતી વખતે આઠ વિકેટ હાથમાં હોવા છતાં ઋતુરાજ ગાયકવાડની ટીમ મેચ જીતવામાં નિષ્ફળ રહી હતી. કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ માત્ર ૮૨ રન કરી શક્યો છે, જે ટીમ માટે ચિંતાનો વિષય છે. જોકે, સંજુ સેમસન (૧૯૨ રન) આ મેદાન પર પોતાની જૂની લય દોહરાવવા તૈયાર છે.મુંબઈ ઈન્ડિયન્સ ધીમે ધીમે લયમાં આવી રહી છે. બે દિવસ અગાઉ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે તિલક વર્માની સદીની મદદથી તેણે ગુજરાત ટાઈટન્સ સામે શાનદાર વિજય હાંસલ કરીને મુંબઈએ ચાર મેચના પરાજયનો સિલસિલો તોડ્યો હતો. આમ છતાં, પાંચ વખતની ચેમ્પિયન ટીમ હજુ પણ મુશ્કેલીમાં છે કેમ કે ચાર પોઈન્ટ સાથે તે હાલમાં સાતમા ક્રમે છે. એમ તો ચેન્નાઈ અને લખનૌ સુપર જાયન્ટ્સ પાસે પણ ચાર ચાર પોઈન્ટ છે પરંતુ ગુજરાત સામેના જંગી અંતરના વિજયથી મુંબઈ આ બંને કરતાં આગળ છે. મુંબઈ માટે સારા સમાચાર એ છે કે ઈંગ્લિશ ઓલરાઉન્ડર વિલ જેક્સ ટીમમાં જોડાઈ ગયો છે અને તેણે વાનખેડેમાં પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી છે. તે ગુરુવારની પ્લેઈંગ ઈલેવનમાં મુંબઈની બેટિંગને વધુ મજબૂત બનાવી શકે છે.હાલમાં મુંબઈ ઈન્ડિયન્સ (નેટ રન રેટ ૦.૦૬૭) સાતમા ક્રમે અને ચેન્નાઈ સુપર કિંગ્સ (નેટ રન રેટ -૦.૭૮૦) આઠમા ક્રમે છે. ટોચની ટીમો આઠ કે તેથી વધુ પોઈન્ટ સાથે આગળ નીકળી ગઈ હોવાથી પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે આ જીત અનિવાર્ય છે.ભૂતકાળ સાક્ષી છે કે મુંબઈ અને ચેન્નાઈ વચ્ચેની મેચમાં આંકડાઓ કરતા માનસિક મજબૂતી વધુ કામ આવે છે. બંને ટીમ માટે આ મેચ સિઝનની ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ શકે છે.




### ધોની આજે રમશે કે નહિ...?: ભગવાન જાણે!

ધોની આજે રમશે કે નહીં? કોચનો જવાબ સાંભળી ફેન્સ માથું ખંજવાળતા થયા: ''ભગવાન જાણે!''આઈપીએલ ૨૦૨૬ની સિઝનમાં સૌથી મોટો પ્રશ્ન જો કોઈ હોય, તો તે એ છે કે - શું માહી આજે મેદાન પર ઉતરશે?'' ચેન્નાઈ સુપર કિંગ્સની દરેક મેચ પહેલા ચાહકોમાં આ ચર્ચા જોર પકડતી હોય છે. પરંતુ આ વખતે ટીમના હેડ કોચે ધોનીની પ્લેઈંગ ઈલેવનમાં એન્ટ્રીને લઈને જે જવાબ આપ્યો છે, તેણે સૌને આશ્ચર્યમાં મૂકી દીધા છે.પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યારે પત્રકારે પૂછ્યું કે શું ધોની આજની હાઈ-વોલ્ટેજ મેચમાં રમવા માટે ફિટ છે? ત્યારે કોચે હસતા હસતા જવાબ આપ્યો, ધોની આજે રમશે કે નહીં...? એ તો હવે ભગવાન જાણે! તે નેટ્સમાં પ્રેક્ટિસ કરી રહ્યો છે, પણ અંતિમ નિર્ણય તે પોતે જ લેશે. માહી ક્યારે શું કરશે, તે કોઈ જાણી શકતું નથી.''

### બંને ટીમો સાતત્યપૂર્ણ પ્રદર્શનના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે જ્યાં ક્રિકેટપ્રેમીઓ તેમના બે ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને મહેન્દ્રસિંહ ધોનીના પુનરાગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે

## ઐતિહાસિક ડબલ સિદ્ધિ

# સૌ .યુનિ.ની હેન્ડબોલ ટીમ ઓલ ઈન્ડિયા ક્વાર્ટર ફાઈનલમાં અને ખેલો ઈન્ડિયા માટે ક્વોલિફાય





### પ્રથમ મેચમાં ટીમે આંધ્રપ્રદેશ સામે ચાર ગોલની લીડથી જીત જયારે બીજી મેચમાં પંજાબ યુનિવર્સિટી, પટિયાલા સામે બે ગોલથી વિજય મેળવ્યો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હેન્ડબોલ ભાઈઓની ટીમે ગુજરાતના રમતગમતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય તેવી ઐતિહાસિક ડબલ સિદ્ધિ નોંધાવી છે. ટીમે પ્રથમ વખત ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવી ટોપ-૮માં પ્રવેશ કર્યો છે, તેમજ સાથે સાથે ખેલો ઈન્ડિયા માટે પણ ક્વોલિફાય થઈને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ગુજરાતની કોઈપણ યુનિવર્સિટીની હેન્ડબોલ ભાઈઓની ટીમ અત્યાર સુધી આ સ્તરે પહોંચી ન હતી, ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આ ગૌરવ પ્રાપ્ત કરીને રાજ્યનું નામ રોશન કર્યું છે.

વેસ્ટ ઝોન સ્પર્ધામાં મેડલ મેળવીને ઓલ ઈન્ડિયા માટે ક્વોલિફાય થયેલી ટીમે લીગ મેચોમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. પ્રથમ મેચમાં ટીમે આંધ્રપ્રદેશ સામે ચાર ગોલની લીડથી જીત મેળવી હતી. બીજી મેચમાં પંજાબી યુનિવર્સિટી, પટિયાલા સામે બે ગોલથી વિજય મેળવીને આત્મવિશ્વાસ વધાર્યો હતો. ત્યારબાદ ત્રીજી અને અંતિમ લીગ મેચમાં મેઘાલય યુનિવર્સિટી સામે જીત મેળવીને ટીમે ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન પક્કું કર્યું હતું.

ટોપ-૮માં સ્થાન પ્રાપ્ત કરીને ટીમે ખેલો ઈન્ડિયા માટે પણ ક્વોલિફાય થવાની નવી સિદ્ધિ હાંસલ કરી છે, જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.

ઐતિહાસિક સિદ્ધિ બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજીસ્ટ્રાર ડો. અજયસિંહ જાડેજા, ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા તેમજ શારીરિક શિક્ષણ વિભાગના તમામ અધ્યાપકો અને કર્મચારીઓએ ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

ગૌરવની વાત એ પણ છે કે આ સ્પર્ધામાં એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ દ્વારા ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબાની ઓબ્ઝર્વર તરીકે નિમણૂક કરવામાં આવી છે, જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે દ્વિગુણ ગૌરવની બાબત છે.

ટીમ સાથે જોડાયેલા કોચ-મેનેજર ડો. ભાવેશ રાબા અને રાહુલ વેગડના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ ઉત્તમ રમત દર્શાવી છે. યુનિવર્સિટી પરિવાર દ્વારા ટીમને આગામી મેચોમાં વધુ શ્રેષ્ઠ પ્રદર્શન કરી મેડલ સાથે પરત ફરવાની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આ ડબલ સિદ્ધિ માત્ર યુનિવર્સિટી માટે જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે ગૌરવ અને પ્રેરણાનો સ્રોત બની છે.

### ચહલ એકેડમીમાં બ્રોકરની ધમાલ

# છાત્રને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યો, બાબા સાહેબને ગાળો ભાંડી: સંચાલક સાથે ઝપાઝપી

## એકેડમીના સંચાલક સાથે માથાકુટ કરી રહેલા શખ્સને સમજાવવા જતાં બ્રોકર બેફામ બન્યો, મહિલાનો હાથ પકડી ધક્કો માર્યો : માલવિયાનગર પોલીસ મથકે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલ ચહલ એકેડમીમાં છાત્રને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી બ્રોકરે બેફામ વાણી વિલાસ કર્યો હતો. એકેડમીના માલીક સાથે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી કરી રહેલા શખ્સને સમજાવટ કરવા જનાર છાત્રને બ્રોકરે અવાર નવાર જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યો હતો. બાદમાં બ્રોકરે ડો. બાબા સાહેબ આંબેડકર વિરુદ્ધ પણ બેફામ વાણીવિલાસ કર્યો હતો. જે મામલે માલવિયાનગર પોલીસે એટ્રોસીટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનવા અંગે કણકોટ પાટિયા નજીક ઈસ્કોન મંદિર સામે ઉપવન સોસાયટીમાં આવેલી આદિત્યવન બિલ્ડીંગ નજીક રહેતા ૨૬ વર્ષીય વિદ્યાર્થી સુધિરભાઈ રમેશભાઈ ચાવડાએ આરોપી તરીકે અક્ષયભાઈ જોશીનું નામ આપતા માલવિયાનગર પોલીસની ટીમે એટ્રોસીટી એક્ટની કલમ ૩ (૧) (આર), ૩ (૧) (એસ) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

છાત્રએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે કાલાવડ રોડ પર સ્વામીનારાયણ મંદિર સામે આવેલ ચહલ એકેડમીમાં બે વર્ષથી સરકારી નોકરીને લગતી તૈયારી કરે છે. ગત તા. ૧૮-૧૨-૨૦૨૫ના રોજ સાંજના ૬:૩૦ વાગ્યા આસપાસ હું ચહલ એકેડમીના પાંચમાં માળે એકેડમીના ડાયરેક્ટર નિરવભાઈ ભટ્ટ અને તેમના પત્ની ભાવિશાબેન વ્યાસ તેમજ ચહલ એકેડમી માટે ભાડે રાખેલ મકાનના માલીક અને બે થી ત્રણ વિદ્યાર્થીઓ હાજર હતાં ત્યારે નિરવભાઈ અને મકાન માલીક મકાન બાબતે ચર્ચા કરતા હતાં દરમિયાન નિરવભાઈએ બ્રોકર અક્ષયભાઈ જોશીને ફોન કરતા બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથી નિરવભાઈએ ચાલુ વાતચીત દરમિયાન મને ફોન આપેલ હતો જેથી મે અક્ષયભાઈ જોશીને કહેલ કે તમે શાંત થઈ જાવ બાદ તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મને ફોનમાં કહેલ કે તું કોણ છો? બાદ મને ગાળો ભાંડી ફોન મુકી દીધેલ હતો. ૧૦-૧૫ મીનીટ બાદ સમજાવટ માટે મે અક્ષયભાઈ જોશીને તેમના મોબાઈલ નંબર પર ફોન કરતા તેણે મને પુછેલ કે તુ કોણ છો જેથી મે કહેલ કે, હું સુધિરભાઈ જેને તમે હમણા ગાળો આપતા હતા તે બોલું છું. બાદમાં મે તેમને પુછેલ કે તમે મને ગાળો કેમ આપતા હતાં જેથી તેણે કહેલ કે, હું હાલ ઘરે આવી ગયેલ છું જે હોય તે કાલે વાત કરીશું તેમ કહી ફોન કાપી નાખેલ હતો. બાદમાં હું વાંચન કરવા એકેડમીના બીજા માળે જતો રહેલ હતો.

દરમિયાન સાંજના ૭:૩૦ કલાકે હું તથા મારા સહ અધ્યાયી યોગીતા જાડેજા બીજા માળે વાંચન કરતા હતાં ત્યારે બહારથી દેકારાનો અવાજ સંભળાતા હું અને યોગીતા બન્ને બહાર ગયેલ હતાં જ્યાં રિસેપ્શનના ભાગે એક પુરુષ ભાવિશાબેન સાથે બોલાચાલી કરી ગાળાગાળી કરી રહ્યો હતો. દરમિયાન આ શખ્સે ભાવિશાબેનનો હાથ પકડી ધક્કો મારેલ હતો જે બાદ નિરવભાઈ તેની ઓફિસમાંથી બહાર આવતા બન્ને વચ્ચે ઝપાઝપી થયેલ હતી દરમિયાન એકેડમીના અન્ય વિદ્યાર્થીઓ પણ ત્યાં આવી ગયેલ હતાં અને હું નિરવભાઈ તેને સામાવાળા શખ્સને છુટા પાડવા વચ્ચે પડેલ હતો. જેથી સામાવાળાએ મને કહેલ કે, તું વચ્ચે ન આવ અને તુ કોણ છો? જેથી મે કહેલ કે હું સુધિર ચાવડા છું. બાદ અક્ષયએ મને પુછેલ કે ચાવડા એટલે કેવા છો જેથી મે કહેલ કે, હું વણકર જ્ઞાતિનું છું બાદ અક્ષયભાઈએ મને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતા શબ્દ ઉચ્ચારી નિરવભાઈને કહેલ કે, આવા લોકોને ફોન શું કામ આપો છો બાદ તેણે મને ફરીવાર જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી કહેલ કે, તુ અહીં શું કરે છે? તુ જા ગટર સાફ કર તેવુ કહી ગાળાગાળી કરવા લાગેલ હતો. જેથી મે કહેલ કે તમે આ બધુ બોલો છો તેના બદલ તમારા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે જેથી ઉશ્કેરાયેલા શખ્સે મને ધક્કો મારી કહેલ કે, તુ મને અડીસ નહીં અને મારી પાસે આવીશ નહીં. અને તારા કાયદા મને ન શીખવાડ કહી બાબા સાહેબ આંબેડકરને ગાળો આપવા લાગેલ હતો. અને ફરીવાર નિરવભાઈ સાથે ઝપાઝપી કરવા લાગેલ હતો. બનાવ મામલે વિદ્યાર્થીએ માલવિયાનગર પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસની ટીમે ગુનો નોંધી અક્ષય જોશી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની તપાસ એસીપી બી.જે. ચૌધરી ચલાવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આ બાબતે મહિલા કોલેજ પાછળ સેતુબંધ સોસાયટી મેઈન રોડ પર કૃષ્ણકુંજ બંગલોમાં રહેતા અને ઘરે જ મહારાજ પ્રોપર્ટી નામની એસ્ટેટ બ્રોકરની ઓફિસ ધરાવનાર અક્ષયભાઈ કૃષ્ણકાંતભાઈ જોશી (ઉ.વ.૪૯) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નિરવ ભટ્ટ તથા સુધિરના નામ આપ્યા હતાં. જેમાં ભાડે અપાવેલા મકાનમાં પાણી પ્રશ્ને માથાકૂટ કરી મારમાર્યો હતો. જેમાં પ્રૌઢને સારવારમાં ખસેડાયા હતા. ત્યારે હવે પ્રૌઢ સામે વળતી ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# આટકોટ બુટલેગર બેલડીને રાજકોટ સહિત ૬ જિલ્લા માંથી હદપાર કરાઇ

## દીપક સોલંકીને ૬ માસ અને ભીખુ મહેતાને ૩ માસ માટે મોરબી, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર અને જુનાગઢમાંથી તડીપાર કર્યા

**અબતક રાજકોટ**

આટકોટ ગામે રહેતો બુટલેગર દીપક સોલંકી અને ભીખા મહેતાને રાજકોટ સહિત છ જિલ્લામાંથી હદ પાડી નો હુકમ કરતા અટકાયત કરી આગળની કાર્યવાહી કરી હતી આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાય દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી શાંતિ પૂર્ણ રીતે યોજાઈ અને ગુનાખોરી અટકાવા માટે બુટલેગર, અસમાજિક તત્વો વિરૂધ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરવા સૂચના અન્વયે આટકોટ





પોલીસ દ્વારા આ સામાજિક તત્વોના ગુનાકીય રેકર્ડ મુજબ આટકોટ પોલીસ સ્ટેશનમાં ૧૦ ગુનામાં ચોપડે ચડેલ આટકોટ રહેતો બુટલેગર દીપક બાબુ સોલંકી અને ૪ ગુના માં સંડોવાયેલ આટકોટનો ભીખુ ધનજી મહેતા વિરુધ્ધ હદપાર હેઠળ દરખાસ્ત તૈયાર કરી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ને મોકલતા મેજિસ્ટ્રેટ દ્વારા દિપક સોલંકીને છ માસ માટે અને ભીખુ મહેતાને ત્રણ માસ માટે રાજકોટ મોરબી બોટાદ અમરેલી સુરેન્દ્રનગર જુનાગઢ જિલ્લામાંથી હદપારીનો કરવાનો હુકમ કરતા વોરંટની બજવણીથી અટકાયત કરી બંને બૂટલેગરો ને હદપાર કરવામાં આવ્યા હતા આ કામગીરીમાં પીએસઆઈ આર.એમ રાઠોડ, એએસઆઈ વિનોદ વાસાણી, વાલજી સોલંકી, હેડ કોન્સ્ટેબલ જયેશભાઈ ધ્રાગીયા સહિતનાઓ એ કામગીરી બજાવેલ હતી

# અમદાવાદ જેલમાંથી જામીન પર છુટી ફરાર થયેલો કેદી છ વર્ષે ઝડપાયો



## વટવા પોલીસ મથકમાં નોંધાયેલા હત્યાના ગુનામાં ફરાર પાકા કામનો કેદી અમનખાન પઠાણને રાજકોટ રેન્જની ટીમે દબોચ્યો

**અબતક, રાજકોટ**

અમદાવાદના વટવા પોલીસ મથકમાં નોંધાયેલા હત્યાના ગુનામાં સજા કાપી રહેલો કેદી વચગાળાના જામીન મેળવી ફરાર થઈ ગયો હતો. જે કેદીને છ વર્ષ બાદ રાજકોટ રેન્જની ટીમે દબોચી લઈ અમદાવાદ જેલ હવાલે કર્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય દ્વારા રેન્જ હસ્તકના જિલ્લાઓની જેલ તેમજ અન્ય જેલમાંથી પેરોલ અને વચગાળાના જામીન મેળવી ફરાર થઈ ગયેલા કેદીઓને શોધી કાઢવાની સુચના આપવામાં આવી હતી. જે સુચના અનુસંધાને રાજકોટ રેન્જ આઈજી સ્કોડના પીઆઈ આર.એચ. બારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.સી. મીયાત્રા, પી.એન. મોરી અને સી.એમ. કાંટેલિયાની ટીમ કેદીઓને શોધી કાઢવા હ્યુમનશોર્સ અને ટેક્નિકલ એનાલીશીસ મારફતે વર્કઆઉટમાં હતાં દરમિયાન એએસઆઈ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, યોગેન્દ્રસિંહ ચુડાસમા, હેડ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ દિલિબસિંહ સિંધવને બાતમી મળી હતી કે, વટવા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૬માં નોંધાયેલ હત્યાના ગુનામાં વચગાળાના જામીન મેળવી ફરાર થઈ ગયેલો કેદી સુરેન્દ્રનગર ખાતે હાજર છે. જેથી તાત્કાલીક પોલીસની ટીમે સુરેન્દ્રનગરના નુર મહોમ્મદી સોસાયટીના નાકા પાસેથી હત્યાના ગુનામાં ફરાર કેદી અમનખાન રહિમખાન પઠાણ (હાલ રહે. હમીર નગર, નુરે મહમ્મદ સોસાયટી, સુરેન્દ્રનગર)ને પકડી પાડી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સોંપવા તજવીજ હાથ ધરી હતી. આ કામગીરી પીઆઈ આર.એચ.બાર, પીએસઆઈ બી.સી. મિયાત્રા, પી.એન.મોરી, સી.એમ. કાંટેલિયા, એએસઆઈ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, યોગેન્દ્રસિંહ ચુડાસમા, હેડ કોન્સ. રાજદીપસિંહ ઝાલા, કોન્સ. દિલીપસિંહ સિંધવ દ્વારા કરવામાં આવી હતી.

# દુષ્કર્મના ગુનામાં સંજય કણજારીયાને આજીવન કેદની સજા

## ભાઈને મારી નાખવાની ધમકી આપી સગીરાને હવસનો શિકાર બનાવી: વિકટીમકમ્પન્સેશન સ્કીમ હેઠળ ભોગ બનનારને રૂ.૭ લાખનું વળતર ચુકવવા હુકમ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં રહેતી સગીરાને હવસખોર શખ્સે તેના ભાઈને મારી નાખવાની ધમકી આપી હવસનો શિકાર બનાવી હતી. જે પોકસો અને એટ્રોસીટી એકટના ગુનામાં સંડોવાયેલા આરોપી સામેનો કેસ ચાલી જતાં અદાલતે આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સખ્ત સજા અને ભોગ બનનારને રૂા.૭ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટમાં રહેતા પરિવારની ૧૭ વર્ષની સગીરાને આલાપ ગ્રીન સિટી પાસે આવેલ આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતાં સંજય ધર્મેન્દ્રભાઈ કણજારીયા (ઉ.૩૨)એ સગીરા અનુસુચિત જાતીની હોવાનું જાણવા છતાં સગીરાના ભાઈને મારી નાખવાની ધમકી આપી સંજય કણજારીયાએ સગીરાને પોતાના ઘરે બોલાવી સગીરાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. જે ઘટના અંગે સગીરાએ પોતાના પરિવારને આપવિતી વર્ણવતાં સગીરાની માતાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં સંજય કણજારીયા વિરૂધ્ધ પોકસો અને એટ્રોસિટી એકટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં એસ.સી.એસ.ટી.સેલના મદદનીશ પોલીસ કમિશ્નર એસ.ડી.પટેલ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ સ્પે.પોકસો કોર્ટમાં



એ.પી.પી.પ્રશાંત પટેલ

ચાલવા ઉપર આવતાં ફરિયાદ પક્ષે કુલ ૧૮ સાહેદો તપાસીને ૧૬ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા હતાં. તેમજ સરકારી વકીલ પ્રશાંત પટેલે આ કેસના સાહેદો અને પંચોના પુરાવાઓની કડીઓ મેળવી કેસમાં દલીલ કરી હતી કે ભોગ બનનારની જુબાની મુજબ આરોપીએ ભોગ બનનાર અનુસુચિત જાતિના હોવાનું જાણવા છતાં ભોગ બનનારના ભાઈને મારી નાખવાની ધમકી આપી ભોગ બનનાર ઉપર દુષ્કર્મ આચર્યુ છે. જે કેસમાં ભોગ બનનારની જુબાની મુજબ મેડીકલ રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. ભોગ બનનાર અને આરોપીની મેડીકલ તપાસ કરનાર ડોકટરે પ્રોસીક્યુશનના કેસને સમર્થન આપેલ છે. ભોગબનનારની જન્મ નોંધણી કરનાર તલાટી મંત્રીની જુબાની મુજબ ભોગ બનનાર સગીર વયની હોવાનું સ્પષ્ટ થાય છે. સમાજ કલ્યાણ શાખાના નાયબ નિયામક જુબાની મુજબ ભોગ બનનાર અનુસુચિત જાતિના હોવાનું સાબિત થાય છે. સહિતની દલીલો અને રજુ કરેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ સ્પે.પોકસો કોર્ટના જજ વી.એ.રાણાએ પોકસો અને એટ્રોસીટી એકટના ગુનામાં આરોપી સંજય કણજારીયાને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂા.૨૦૦૦નો દંડ તેમજ ગુજરાત વિકટીમકમ્પન્સેશન સ્કીમ હેઠળ ભોગ બનનારને રૂા.૭ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો છે.આ કેસમાં સરકારી પક્ષે એ.પી.પી.પ્રશાંત પટેલ સહાયક તરીકે રાજન ટીંબા અને મુસ્કાન સમા રોકાયા હતાં.

# મેટોડા જીઆઈડીસીમાં જુગારનો દરોડો

## રૂ.૩૫ હજારની રોકડ સાથે સાત જુગારી ઝડપાયા

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના મેટોડા ગામે આવેલી જીઆઈડીસી ગેટ નંબર ૦૩ માં જાહેરમાં જુગાર રમતા સાત જુગારીને રૂ.૩૫ હજારની રોકડ સાથે મેટોડા પોલીસની ટીમે ઝડપી લીધા છે.

મેટોડા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે જીઆઈડીસી ગેટ નંબર ૦૩ માં આવેલા બી જી સ્ટીલ નજીક જાહેરમાં જુગાર રમાઈ રહ્યો છે. મેટોડા પોલીસે જુગારનો દરોડો પાડી જુગાર રમતો શમશેર રફિકભાઈ કુરેશી, હલીમ નૂર મોહમ્મદ કુરેશી, દિલીપકુમાર મુન્નાલાલ બંસલ ,ધર્મેન્દ્ર સંજયભાઈ યાદવ, પ્રેમ અરુણભાઈ ચૌધરી, વિજય વાલજીભાઈ ધળવાણીયા અને વાલજી કપૂરજી ચૌહાણ નામના પતા પ્રેમીઓને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૩૫ હજારની રોકડ કબ્જે કરી છે.

# રીક્ષા ગેંગ ફરી સક્રિય: વૃદ્ધના ખીસ્સામાંથી રૂ.૯,૮૦૦ની રોકડ સેરવી લીધી

## કોઠારીયા સોલવન્ટ નજીકથી રીક્ષામાં બેસાડી વૃદ્ધને નિશાન બનાવનારી ગેંગના સાગરીતોની આજીડેમ પોલીસ દ્વારા શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરમાં વધુ એક રીક્ષા ગેંગ સક્રિય થયા હોવાનો બનાવ સામે આવ્યો છે. કોઠારીયા સોલવન્ટ નજીક રહેતા વૃદ્ધને રીક્ષામાં બેસાડી ખીસ્સામાંથી રૂ.૯૮૦૦ની રોકડ સેરવી લઈ રીક્ષા ગેંગના સભ્યો ફરાર થઈ ગયા હતા. જે મામલે આજીડેમ પોલીસે ગુનો નોંધી રીક્ષા ગેંગના સાગરીતોની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે ગોંડલ રોડ પર કોઠારિયા સોલવન્ટ નજીક શક્તિનગર સોસાયટી શેરી નં.૨માં રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધ નટવરલાલ નરશીભાઈ જોષીએ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ વિરાણી અઘાટમાં પરીન ફર્નિચર પાછળ ગીરનારી ટી-સ્ટોલ નામે ચાની હોટેલ ધરાવી વેપાર કરે છે. વૃદ્ધે ફરિયાદમાં જણાવ્યાનુસાર ગત તા.૨૨/૦૪/૨૦૨૬ના રોજ તેઓ સવારના ૧૦:૩૦ વાગ્યે ઘરેથી ચાની હોટેલે જવા નીકળ્યા હતા જ્યાં તેમનો ભત્રીજો મિલન તેમની પાસે રૂપિયા લેવા આવવાનો હોય જેથી તેઓ ઘરેથી રોકડ રૂ.૯,૮૦૦ લઈ પેન્ટના જમણી બાજુના આગળના ખીસ્સામાં રાખી નીકળ્યા હતા. બાદ તેઓ ગોંડલ રોડ પર બંડીધારી ચાની હોટેલ પાસેથી શાપર તરફથી આવતી રીક્ષામાં બેસી ગોંડલ ચોકડી જવા રવાના થયા હતા. રીક્ષાના ચાલકની ઉંમર આશરે ૨૫ વર્ષ જેવી લાગતી હતી. જ્યારે પાછળની સીટમાં એક સ્ત્રી અને પુરૂષ બેઠેલ હતા. દરમિયાન જાગનાથ માર્બલ પાસે પહોંચતા વૃદ્ધ ત્યાં ઉતરી ગયેલ હતા. બાદ તેમણે પેન્ટના ખીસ્સામાં ચકાસતા રૂ.૯,૮૦૦ મળી આવ્યા ન હતા. દરમિયાન રીક્ષાચાલક પોતાની રીક્ષા લઈ ત્યાંથી નાશી ગયો હતો. જેથી પાછળ બેઠેલ પેસેન્જર પૈકી કોઈ એક એ વૃદ્ધના ખીસ્સામાંથી રૂ.૯,૮૦૦ ચોરી લીધાનું ધ્યાને આવતા વૃદ્ધે ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે આજીડેમ પોલીસની ટીમે ગુનો નોંધી મુસાફરોને રીક્ષામાં બેસાડી નજર ચુકવી નાણા સેરવી લેતી રીક્ષા ગેંગના સભ્યોની શોધખોળ આદરી હતી.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૨૭૦ | ૩૭૪ | ૬૬૯ |
| લીંબુ | ૫૩૬ | ૧૬૦૪ | ૩૬૦૯ |
| સાકરટેટી | ૧૩૯ | ૨૦૩ | ૩૨૪ |
| તરબુચ | ૧૩૧ | ૧૨૪ | ૨૮૪ |
| પપૈયા | ૨૯ | ૬૫ | ૧૩૬ |
| બટેટા | ૩૪૮૦ | ૧૦૨ | ૨૪૪ |
| ડુંગળી સુકી | ૧૯૩૮ | ૩૨ | ૨૩૭ |
| ટમેટા | ૮૬૩ | ૨૧૯ | ૪૦૭ |
| સુરણ | ૩ | ૭૦૪ | ૮૨૮ |
| કોથમરી | ૩૩૩ | ૨૮૪ | ૪૧૬ |
| મુળા | ૪૪ | ૨૫૪ | ૩૮૩ |
| રીંગણા | ૪૯૩ | ૧૧૦ | ૨૫૪ |
| કોબીજ | ૩૨૮ | ૯૧ | ૧૫૨ |
| ફલાવર | ૧૬૪ | ૨૬૪ | ૪૯૩ |
| ભીંડો | ૪૨૪ | ૧૧૪ | ૨૦૨ |
| ગુવાર | ૧૯૮ | ૨૯૮ | ૫૧૪ |
| ચોળાસીંગ | ૧૧૨ | ૪૨૫ | ૬૦૪ |
| ટીંડોળા | ૩૩ | ૨૮૯ | ૫૨૯ |
| દુધી | ૩૮૮ | ૯૨ | ૧૬૪ |
| કારેલા | ૬૧ | ૩૫૮ | ૫૨૬ |
| સરગવો | ૫૨ | ૩૦૩ | ૬૨૨ |
| તુરીયા | ૫૪ | ૨૮૮ | ૪૧૩ |
| પરવર | ૨ | ૬૧૮ | ૭૫૮ |
| કાકડી | ૩૫૮ | ૨૪૬ | ૩૬૯ |
| ગાજર | ૩૬૨ | ૨૧૭ | ૪૧૧ |
| વટાણા | ૩૩ | ૧૬૨૪ | ૧૯૪૮ |
| ગલકા | ૯૧ | ૧૨૩ | ૩૫૯ |
| બીટ | ૧૮૫ | ૮૪ | ૧૭૯ |
| મેથી | ૧૬૪ | ૪૯૩ | ૬૫૫ |
| ડુંગળી લીલી | ૧૫૬ | ૧૮૬ | ૩૦૩ |
| આદુ | ૧૦૪ | ૮૭૮ | ૧૦૩૪ |
| મરચા લીલા | ૧૧૪૮ | ૩૪૩ | ૬૧૮ |
| મકાઈ લીલી | ૭૮ | ૧૨૧ | ૨૫૮ |
| ગુંદા | ૨૯ | ૨૮૬ | ૪૮૭ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૬૬૦ | ૧૫૫૦ | ૧૭૭૧ |
| ઘઉં લોકવન | ૧૦૦૦ | ૪૪૫ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૮૦૦૦ | ૪૫૧ | ૫૮૫ |
| જુવાર સફેદ | ૨૦૦ | ૭૫૫ | ૯૮૦ |
| જુવાર લાલ | ૪૦ | ૮૪૦ | ૯૩૦ |
| જુવાર પીળી | ૨૨૦ | ૪૦૦ | ૪૬૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૩૬૦ | ૧૪૮૫ |
| ચણા પીળા | ૦ | ૯૧૫ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૦ | ૧૧૩૧ | ૧૮૦૦ |
| અડદ | ૧૨૦ | ૬૫૦ | ૧૬૨૦ |
| મગ | ૭૦ | ૯૫૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૧૭૨ | ૮૦૦ | ૧૧૩૦ |
| ચોળી | ૭૦ | ૧૧૦૦ | ૧૫૦૩ |
| વટાણા | ૫૪૦ | ૭૦૦ | ૧૦૪૦ |
| કળથી | ૩૬ | ૨૭૫ | ૩૬૦ |
| રાજમા | ૧૫૦ | ૬૫૦ | ૧૭૦૦ |
| સીંગદાણા | ૧૧ | ૧૭૫૦ | ૧૮૯૦ |
| મગફળી જાડી | ૪૦૦ | ૧૩૦૦ | ૧૬૩૪ |
| મગફળી જીણી | ૫૦૦ | ૧૨૮૦ | ૧૪૮૦ |
| તલી | ૨૦૦ | ૧૭૫૦ | ૨૧૦૦ |
| સુરજમુખી | ૨૫ | ૧૧૫૦ | ૧૪૦૫ |
| એરંડા | ૦ | ૧૧૭૦ | ૧૨૫૩ |
| અજમો | ૨૦ | ૧૬૮૦ | ૨૪૪૦ |
| સુવા | ૫ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૨૬૦ | ૮૦૦ | ૧૧૫૦ |
| સીંગફાડા | ૨૪૦ | ૧૩૦૦ | ૧૬૭૫ |
| કાળા તલ | ૧૮૦ | ૨૭૦૦ | ૩૪૦૦ |
| લસણ | ૪૪૦૦ | ૭૦૧ | ૧૫૦૦ |
| ધાણા | ૫૦૦ | ૨૨૭૫ | ૨૫૭૫ |
| મરચા સુકા | ૬૦ | ૨૦૦૦ | ૫૩૦૦ |
| ધાણી | ૩૦૦ | ૨૩૦૦ | ૨૭૭૦ |
| વરીયાળી | ૩૬૦ | ૧૪૫૪ | ૨૦૯૦ |
| જીરૂ | ૧૦૬૦ | ૩૪૫૦ | ૪૦૩૦ |
| રાય | ૧૦૦ | ૧૨૩૦ | ૧૪૨૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ | ૧૭૯૦ |
| ઈસબગુલ | ૧૫ | ૧૫૦૦ | ૨૨૫૦ |
| અશેરીયો | ૨૭ | ૯૪૫ | ૧૧૪૦ |
| કલોંજી | ૮૪૦ | ૨૮૧૦ | ૩૫૪૫ |
| રાયડો | ૧૬૦ | ૧૦૫૦ | ૧૨૩૦ |

# ચેક રિટર્ન કેસમા લોન ધારક હજુરદાસ રાઠોડને એક વર્ષ જેલ

## દંડ અને વળતર ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની સજાનો હુકમ

**અબતક, રાજકોટ**

વિશાખા ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટીમાંથી સભાસદ દરજ્જે લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરવાના ગુના નો કેસ ચાલી જતા અદાલતે હજુરદાસ રાઠોડ ને એક વર્ષની સજા, દંડ અને ચેક મુજબનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા હજુરદાસ ચંદ્રકાંતભાઈ રાઠોડ નામના યુવાને સભાસદ દરજ્જે વિશાખા ક્રેડિટ કોપરેટીવ સોસાયટી માંથી લોન લીધી હતી જે લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ હજુરદાસ રાઠોડ ને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે મંડળીના રિકવરી મેનેજર વિશાલભાઈ વાઘેલા દ્વારા અદાલતમાં લોનધારક હજુરદાસ રાઠોડ સામે ચેક રીટનની ફરિયાદ નોંધાવી હતી બાદ જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી મંડળીના એડવોકેટ અનિરુદ્ધ નથવાણી દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલો તેમજ દસ્તાવેજી પુરાવા, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એ.એસ. ખંડેલવાલ દ્વારા આરોપી હજુરદાસ રાઠોડ ને ચેક રિટર્ન કેસમાં તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદ અને દસ હજારનો દંડ કરવામાં આવી છે.૧૦૦૦૦ દંડ ન ચૂકવે તો વધુ ત્રણ માસની સજાનો હુકમ તેમજ ૨૩૮૦૦ ફરિયાદી ને ફરિયાદ દાખલ તારીખથી ૬% ના વ્યાજ સહિતની રકમ ૧૫ દિવસમાં ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે. રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની સજા નો હુકમ કર્યો છે આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ તરીકે અનિરુદ્ધ નથવાણી, દિવ્યેશ રૂડકીયા, દર્શિત સોલંકી, દર્શિત પાટડીયા અને ધાર્મિક પોપટ રોકાયા છે



એડવોકેટ અનિરુદ્ધ નથવાણી

# ફેટલના ગુનામાં ઓડીનો ચાલક હર્ષિત શિંગાળાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ

**અબતક,રાજકોટ**

ધ્રોલ નજીક વર્ષ ૨૦૨૨માં 'હિટ એન્ડ રન' અકસ્માત મૃત્યુના કેસમાં ઓડી કાર ચાલક હર્ષિત શિંગાળાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.જામનગર-રાજકોટ હાઈવે પર ધ્રોલ નજીક ફીનોટેક્ષ કંપની પાસે થયેલા ગત તા. ૧૪/૧૨/૨૦૨૨ના રોજ રાત્રે GJ-06-Q-5999 નબરની ઓડી કારે બાઈકને ઠોકરે લેતા મુકેશભાઈ મનસુખભાઈ આસીયાણીનું ગંભીર ઈજાથી મોત નીપજ્યું હતું. આ મામલે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૨૭૯, ૩૦૪(એ) અને મોટર વ્હીકલ એક્ટ મુજબ હર્ષિત મહેશભાઈ શિંગાળા સામે ગુનો નોંધી ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું.આ કેસ અદાલતમાં ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના વકીલો દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસ અને દલીલોને અંતે ફરિયાદ પક્ષ ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યો હતો. બચાવ પક્ષે રજૂ કરેલા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ ધ્યાને લઈને કોર્ટે અકસ્માત કેસમાં ઓડી કારના ચાલક હર્ષિત મહેશભાઈ શિંગાળાને શંકાનો લાભ આપી તમામ આક્ષેપોમાંથી મુક્ત જાહેર કરી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આરોપીના વકીલ તરીકે એડવોકેટ નરેન્દ્ર બુધ્ધદેવ, વિષ્ણુ બુધ્ધદેવ, ડોલી બુધ્ધદેવ, શ્રેયા બુધ્ધદેવ, દક્ષરાજસિંહ જાડેજા અને કિશોર કવાડ રોકાયા હતા.

# સોશિયલ મીડિયા પરની રીલ હવે ઉમેદવારના ખાતે ચડી જશે: ચૂંટણીપંચ

## ચૂંટણી પ્રચારનો સોશિયલ મીડિયા પર ક્રેઝ વધતા ચૂંટણી આયોગનો નિર્ણય

**અબતક, રાજકોટ**

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં સોશિયલ મીડિયા પર પ્રચારનો ક્રેઝ વધતા ચૂંટણી આયોગ દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ચૂંટણી લડતા ઉમેદવારોએ સોશિયલ મીડિયાનો ખર્ચ પણ પોતાના ચૂંટણી ખર્ચમાં દેખાડવો પડશે. ઉમેદવારો સોશિયલ મીડિયા પર મતદાન આપવાની અપીલ કરતી રીલ મુકવામાં આવશે તો તેનો ખર્ચ પણ ઉમેદવારોના ખાતે ચડી જશે.

ચૂંટણી લડતા ઉમેદવારો માટે આ વખતે ચૂંટણી ખર્ચની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. દરમિયાન ચૂંટણી આયોગ દ્વારા એવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે ચૂંટણી લડતા ઉમેદવારોએ હવે ચૂંટણી ખર્ચમાં સોશિયલ મીડિયા પર કરવામાં આવતો ખર્ચ પણ દર્શાવવો પડશે. આવો ખર્ચ સોશિયલ મીડિયા એડવર્ટાઇઝમેન્ટનો કરાયો છે તેવો ઉલ્લેખ કરાયો છે. ડિજિટલ પ્લેટફોર્મ પર થતા પ્રચાર પર રાજ્ય ચૂંટણી આયોગ બાજ નજર રાખશે. આવા ખર્ચ કુલ ખર્ચમાં ગણાશે. ચૂંટણી પંચના નવા નિયમથી ઉમેદવારોની મુશ્કેલીમાં વધારો થયો છે. આ નિર્ણયથી હવે ઉમેદવારોએ સોશિયલ મીડિયા પર આડેધડ પ્રચાર કરતા પૂર્વ ૧૦૦ વખત વિચાર કરવો પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે મહાપાલિકાની ચૂંટણી લડતા ઉમેદવારોની ખર્ચ મર્યાદા ચૂંટણી પંચ દ્વારા ૯ લાખ રૂપિયા નિયત કરવામાં આવી છે. જ્યારે ૧ થી ૯ વોર્ડની પાલિકામાં ઉમેદવારના ચૂંટણી ખર્ચની મર્યાદા રૂ.૨.૨૫ લાખ, ૯ થી વધુ વોર્ડની પાલિકામાં ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની મર્યાદા રૂ.૩.૫૦, જિલ્લા પંચાયતના ઉમેદવાર માટે રૂ.૬ લાખ અને તાલુકા પંચાયતના ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની મર્યાદા રૂ.૩ લાખ નિયત કરવામાં આવી છે.

### ચૂંટણી પંચ દ્વારા કન્ટ્રોલ રૂમના નંબરો જાહેર કરાયા

#### મતદાન મથક સહિતની માહિતી મતદારો આસાનીથી મળી રહેશે

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે આગામી રવિવારે યોજાનારા મતદાન માટે રાજય ચૂંટણી આયોગ દ્વારા કન્ટ્રોલ રૂમના નંબર જાહેર કરવામાં આવ્યા છે. જેના પર મતદારો પોતાના કોઈપણ સવાલો અંગે માહિતી મેળવી શકશે કોલસેન્ટર અંગે પણ માહિતી મળશે. આ હેલ્પલાઈન નંબર આગામી શનિવાર અને રવિવાર એમ બે દિવસ માટે કાર્યરત રહેશે. રાજયની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગર પાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની સામાન્ય અને પેટા ચૂંટણીનું મતદાન યોજાવાનું છે. જેના માટે રાજય ચૂંટણી પંચ દ્વારા ચાર હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે.

રાજય ચૂંટણી આયોગ દ્વારા ગાંધીનગર ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. જેના ચાર નંબર ૦૭૯ ૨૩૨ ૫૫૯૫૧, ૦૭૯ ૨૩૨ ૫૫૯૫૩, ૦૭૯ ૨૩૨ ૫૭૩૮૧ અને ૦૭૯ ૨૩૨ ૫૭૩૮૩ છે. જે આગામી શનીવાર અને રવિવારે ચાલુ રહેશે.

# જય દ્વારકાધીશ: જગત મંદિરની આવક પાંચ વર્ષમાં બમણી

## ૨૦૨૧થી ૨૦૨૬ સુધી પાંચ વર્ષમાં રૂ.૧૦૧.૩૬ કરોડની આવક



**અબતક, રાજકોટ**

દ્વારકાના જગત મંદિરની આવક પાંચ વર્ષમાં બમણી થઈ ગઈ છે. વિશ્વભરના યાત્રિકો દ્વારકાધીશના દર્શનાર્થે આવી રહ્યા છે. યાત્રાધામ દ્વારકામાં આવેલા દ્વારકાધીશ જગતમંદિરની આવકમાં ગત પાંચ નાણાંકીય વર્ષોમાં ધરખમ વધારો થયો છે. મંદિરનું સંચાલન કરતી દેવસ્થાન સમિતિ દ્વારા છેલ્લાં પાંચ નાણાંકીય વર્ષોના જાહેર કરાયેલ આંકડાઓ અનુસાર વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધીના પાંચ વર્ષોમાં જગતમંદિરની આવક ૧૦૧ કરોડથી વધુની થઈ છે. વર્ષવાર આપેલ આંકડા અનુસાર વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૩.૭૬ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૯.૭૯ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૩.૭૮ કરોડ, વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૧.૯૨ કરોડ તથા વર્ષ ૨૦૨૫-૨૬માં ૨૨.૦૪ કરોડ રૂપિયાથી વધુની આવક મળી કુલ પાંચ નાણાંકીય વર્ષ દરમ્યાન ૧૦૧.૩૦ કરોડ રૂપિયાથી વધુ આવક જગતમંદિરમાં નોંધાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રવાસન ઉદ્યોગના વિકાસ સાથે સમગ્ર દ્વારકા ક્ષેત્રમાં ધાર્મિક યાત્રા માટે તીર્થયાત્રીઓ તેમજ શિવરાજપુર બીચ, સુદર્શન સેતુ સહિતના પર્યટન સ્થળોના વિકાસ સાથે સહેલાણીઓની સંખ્યામાં પણ સમગ્ર દ્વારકા દર્શન સર્કિટના સ્થળોમાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો છે. દ્વારકા ક્ષેત્રમાં પ્રવાસનલક્ષી સુવિધામાં વધારો તેમજ કોરોના પછીની પરિસ્થિતિમાં યાત્રીકોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. સાથે જ સેલીબ્રીટીઝની મુલાકાતો પણ આ સમયગાળામાં સતત વધી છે.



# જામનગર-વડોદરા ઈન્ટરસિટી રદ

## ઓખા–ગુવાહાટી એકસપ્રેસ આંશિક પરિવર્તીત રૂટ પર દોડશે

**અબતક, રાજકોટ**

પૂર્વ મધ્ય રેલવેના દાનાપુર ડિવિઝનના નેઉરા-જટ ડુમરી સેકશનમાં નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના કારણે રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી ઓખા-ગુવાહાટી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન આંશિક રીતે પરિવર્તિત માર્ગ પર ચલાવવામાં આવશે. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આવતીકાલે ૨૪ એપ્રિલ, ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી સાપ્તાહિક એક્સપ્રેસ તેના આંશિક રીતે પરિવર્તિત માર્ગ વાયા પંડિત દીન દયાળ ઉપાધ્યાય જંક્શન-ગયા-જહાનાબાદ-પટના થઈને દોડશે. આ ટ્રેન બક્સર સ્ટેશન પર જશે નહીં.આ ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમયપત્રકની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં વધારો કરવા અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગેરતપુર-અમદાવાદ રેલખંડ પર પ્રીકાસ્ટ પોર્ટલ બીમ સ્થાપિત કરવા માટે જરૂરી કામગીરી પ્રસ્તાવિત છે. આ કાર્ય માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી: આજે રદ રહેશે. ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી: આવતીકાલ રદ રહેશે.

# રાજય સરકારના ૨૭માંથી ૧૧ વિભાગના પ્રજાના “નોકરો” જવાબ આપવામાં ઉણા ઉતર્યા

## સરકાર એક તરફ ડિજિટલ ઈન્ડિયા અને પારદર્શિતાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ સરકારી વિભાગો પોતાની પાયાની વિગતો જાહેર કરવામાં પણ વામળા સાબિત થઇ રહ્યા છે



**અબતક, રાજકોટ**

સરકાર એક તરફ ડિજિટલ ઈન્ડિયા અને પારદર્શિતાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ સરકારી વિભાગો પોતાની પાયાની વિગતો જાહેર કરવામાં પણ આનાકાની કરી રહ્યા છે, જે નાગરિકોના માહિતી મેળવવાના લોકશાહી અધિકાર પર તરાપ સમાન છે.રાજય સરકારના ૨૭માંથી ૧૧ વિભાગના પ્રજાના ‘‘નોકરો‘‘ જવાબ દેવામાં ઉણા ઉતર્યા છે!સુપ્રીમ કોર્ટના કડક આદેશો અને રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વારંવાર પરિપત્રો બહાર પાડવા છતાં, ગુજરાતમાં માહિતી અધિકાર હેઠળની સેક્શન ૪(૧)(બી) એટલે કે ’પ્રોએક્ટિવ ડિસ્ક્લોઝર’ની અમલવારીમાં ઘોર બેદરકારી સામે આવી છે.રાજ્યના કુલ ૨૭ સરકારી વિભાગોમાંથી ૧૧ વિભાગોએ હજુ સુધી સર્ટિફિકેટ સબમિટ કર્યા નથી.રાજ્યમાં કુલ ૧૧,૮૮૩ જાહેર સત્તામંડળો છે, જેમાંથી માત્ર ૭૫ (૧% થી પણ ઓછા) એ જ પેડ સર્ટિફિકેટ જમા કરાવ્યા છે.ખુદ સામાન્ય વહીવટ વિભાગ , જે આ નિયમોના અમલીકરણ માટે જવાબદાર છે અને જેણે અત્યાર સુધીમાં ૧૭ પરિપત્રો બહાર પાડ્યા છે, તેણે પણ પોતાનું પ્રોએક્ટિવ ડિસ્ક્લોઝર અપડેટ કર્યું નથી.

આરટીઆઈ અરજદાર અલ્પેશ ભાવસારે જણાવ્યું હતું કે, આ માહિતી મેળવવા માટે પણ તેમણે ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. તેમને બે વખત અપીલ કરવી પડી અને બીજી અપીલ બાદ માહિતી કમિશનના હસ્તક્ષેપ પછી જ જીએડી એ ડેટા આપ્યો હતો. ૧૭ જુલાઈ, ૨૦૧૯ના પરિપત્ર મુજબ, તમામ જિલ્લા વડાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, બોર્ડ અને નિગમોએ સર્ટિફિકેટ જે-તે વિભાગને આપવાના હોય છે અને વિભાગે તે જીએડી ને સોંપવાના હોય છે.


પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક સાંધ્ય દૈનિક

# વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

**યોજના નં. ૧**

લવાજમ રૂ.૧૧૧૧/-

બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ




**યોજના નં. ૨**

લવાજમ રૂ.૧૨૨૫/-

પ્રીમીયમ ૧ કિલો ચા




**વિશેષ નોંધ:**

(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234